કુમાર

સ્થાપક • રવિશંકર રાવળ

માર્ચ ૩૩૯ '૫૨

તંત્રી • બચુભાઈ રાવત





કવિતા (અનિયતકાલિક)નો ૧લો મણકો બહાર પડી ગયો.

આ શ્રેણીની યોજના એવી છે કે એક સંગ્રહનું ખર્ચ નીકળી જાય એટલું વેચાણ થાય, એટલે તે આવકમાંથી બીજો મણકો પ્રકટ કરવો. એટલે હવેના મણકાનું પ્રકાશન ક્યારે થશે તેનો આધાર કવિતારસિકોના સહકાર પર છે. આમ હોઇ સામટું લવાજમ પણ રાખ્યું નથી. કિંમત ૦-૪-૦ અને પોસ્ટેજ ૦-૦-૯ મળીને દરેક મણકાના ૦-૪-૯ અગાઉથી મોકલવા, કેમકે વી. પી. કરવા જતાં તો બીજા સાતેક આના વધી જાય. માત્ર એટલું રાખ્યું છે કે ચાર મિત્રો પોતપોતાની નકલો અલગ-અલગ ન મંગાવતાં દરેક મણકાની ચારે નકલો એક જ સરનામે મંગાવે તો પોસ્ટેજ બચતું હોઈ તેના રૂ. ૧-૦-૯ લેવા. લખો: 'કુમાર'ના તંત્રીને, રાયપુર, અમદાવાદ.

જાહેર પુસ્તકાલયોને ભેટ

સ્વામીશ્રી ભગવદાચાર્યજી રચિત

ભક્તિશાસ્ત્ર

ગ્રંથની પાંચસો નકલો એક સદ્‌ગૃહસ્થની સહાયથી જાહેર પુસ્તકાલયોને વિના મૂલ્યે આપવાની છે. મેળવવા ઈચ્છતાં પુસ્તકાલયે પોસ્ટેજના ચાર આના (રજિસ્ટરથી ૦-૪-૬ વધુ)ના સ્ટૅમ્પ નીચેને સરનામે મોકલવા: આદર્શ પુસ્તક ભંડાર, રાયખડ રોડ, અમદાવાદ.



શિલ્પ-પરિચય

આવાં મબલખ દૃષ્ટાંતચિત્રોથી ભરેલું આ પુસ્તક કલાનાં રૂપરહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવવા ઉપરાંત હિંદી કલાની સમજણના મહત્ત્વના અભ્યાસરૂપ છે. કલારસિકો, રસદૃષ્ટિના અભ્યાસી વિદ્યાર્થીઓ, ચિત્રશિક્ષકો, શાળાઓ, પુસ્તકાલયો વગેરેને ઉપયોગી. બીચોબીચ લખાણ સાથે લગભગ ૨૦૦ ચિત્રોથી ભરચક સમૃદ્ધ મીમાંસાપોથી કિં. રૂ. ૩ (પો૦ ૦ાા).

કુમાર કાર્યાલય લિમિટેડ · રાયપુર · અમદાવાદ

કુમાર

માર્ચ ૧૯૫૨ — અંક ૩૩૯

ચિત્રો

નિશા — ચિત્રકાર · પ્રમોદરાય પટેલ — પૂઠા ઉપર
હોળીખેલન — ચિત્રકાર · અબ્દુર્રહમાન ચુઘતાઈ — ત્રિરંગી મુખચિત્ર
જાપાની શોભનગૂંથણી — (ચિત્રબોધ) ૭૦
પરદેશોમાં ભારતીય કલા: બપોરા (છગનલાલ જાદવ); ઘાસની ગંજી (બી.સી.ગુઈ); સીમંતિની (હિરણ્યકાન્ત ઓઝા); બંગાળી દૃશ્ય (પી.એ.ધોંડ); મારગને કાંઠે (જી.એ.વસંતરાજ); સરસ્વતી (શાંતા શુક્લ); મોર (સુશીલ સરકાર) — પાછલા પૂઠામાં

કાવ્યો

મુસ્ક'રાટ — મધુકર રાંદેરિયા ૭૧
પ્રેમગાંઠ — રમણલાલ જાની ૭૧
પ્રતિજ્ઞા — વિવિત્સુ ૭૧
તારું હૃદય — પ્રિયકાન્ત મણિયાર ૭૧
લાલિમા — ગીતા કાપડિયા ૭૧
હે હોલિકા — શ્રીકાન્ત માહુલીકર ૭૧

ચરિત્ર

મનોમંથન (તરુણકાળનાં સ્મરણો) — દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર ૭૩
બાંધ ગઠરિયાં [આપકથા-૨૭] — ચન્દ્રવદન ચીમનલાલ મહેતા ૭૯
જોડાસાંકોર ધારે [અવનીન્દ્રનાથની આપકથા-૨] — ર. મેઘાણી ૯૫

વાર્તા

શરત — 'સારંગ' બારોટ ૭૬

લેખો

કલા અને કલાકાર — હરસુખ ભટ્ટ ૭૨
અંતઃસ્રાવી ગ્રંથીઓ [કાયાની કરામત-૧૮] — ડૉ. શિવપ્રસાદ ૮૩
પયસ્વિની પર્ણાશા [બનાસ] — રામપ્રસાદ શુક્લ ૮૬
ગુજરાતીની અસ્મિતા [નિબંધિકા] — બકુલ ત્રિપાઠી ૯૧

વિભાગો

મેંદીનાં પાન — પ્રબોધ જોષી ૭૭
ટિકિટ-સંગ્રહ [૨૯] ભૂતિયા ટિકિટો : હંગેરીની નવી એરમેઈલ ૭૮
अतिपरिचयादवज्ञा [સુભાષિત-૧૦] ૯૦
પચ્ચીસ વર્ષ પહેલાં ૯૩
માધુકરી [જોસેફ કૉર્નેલિયસ કુમારપ્પા] ૯૯
ચંડોળ [માસમાસનાં પંખી-૭૪] ૯૯
આ માસ ઇતિહાસમાં ૧૦૩
છેલ્લું પાનું ૧૦૪
નવાં પુસ્તકો ૧૦૫

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના



જાપાની શોભનગૂંથણી: દેશદેશના કલાકારો પોતાને ત્યાંની જીવ તથા વનસ્પતિસૃષ્ટિની મનોરમ લીલામાંની રૂપલક્ષણો પકડી લઇને તે પરથી શોભન માટેનાં વિવિધ રૂપાંકનો પ્રકટાવે છે. જાપાની કલાકારોએ યોજેલાં એવાં રૂપાંકનોના બે સમૂહ માર્ચ ૧૯૫૦ તથા મે ૧૯૫૧ના અંકમાં આપ્યા હતા, તેવો આ ત્રીજો સમૂહ છે, જેમાં મથાળાની પાંચ હારમાં માત્ર પક્ષીની જ વિવિધ લીલાની શોભનગૂંથણી છે. વસ્ત્રો, વાસણો, ઘરનાં ઉપસ્કરો વગેરે પર સુશોભનોના બુટ્ટા તરીકે તથા બીજી પણ વિવિધરીતે વિવેકબુદ્ધિથી આને વાપરી શકાય.

પ્રેમગાંઠ

· વસંત ·

બે આંખ કિંતુ નહિ બે વિધુ એ નિહાળે,
બે પાદ કિંતુ પથ એક જ સાથ કાપે,
સંગીત એક જ સુણે દ્રય કર્ણ તો યે,
શી છે પડી ઉભય ઐકયની પ્રેમગાંઠ!
એવાં જ આપણ; હવે પ્રિય, શા ઉચાટ!

રમણલાલ જાની

જોડિયા દેહાંગોના પરસ્પરના ઐક્યને પ્રેમગાંઠની ઉપમા આપીને રેલી એક નવી જ કલ્પના.

પ્રતિજ્ઞા

· વંશસ્થ-વસંત ·

દિનાન્ત પ્હેલાં હણવા જયદ્રથ
સખાતણી પૂર્ણ થવા પ્રતિજ્ઞા
રહ્યો નહીં સંભવ લેશ ત્યારે
વાત્સલ્ય-અબ્ધિ ઉછળ્યો નભચુંબિ છોળે
છાઈ દીધો જલદમાળથી વ્યોમ સૂર્ય
ને ભક્તના શપથબોલ કર્યા પ્રપૂર્ણ.

વિવિત્સુ

મહાભારતના યુદ્ધ વેળા અર્જુને સૂર્યાસ્ત પહેલાં જયદ્રથને હણવાની પ્રતિજ્ઞા લીધેલી, તેમાં તે ફાવવા વિષે સંશય જણાતાં કૃષ્ણે આકાશને વાદળાંથી છાઈ સૂર્યાસ્તનો આભાસ ઉત્પન્ન કર્યો. તેથી પોતાના વિજયના આશ્ચર્યથી જેવું જયદ્રથે ઊંચું જોયું કે કૃષ્ણના સંકેતથી અર્જુને તેને માર્યો. તરત કૃષ્ણે આભાસ દૂર કરતાં ફરી સૂર્ય પ્રકાશ્યો.

મુસ્ક'રાટ

· પૃથ્વી ·

ન કો સ્વજન સંગમાં, પથ અફાટ સામે પડ્યો,
અને શ્રમિત અંગમાં નવ સ્ફુરે નવી ચેતના,
નિશાન નવ દીસતું, ક્ષિતિજ ક્યાંય દૂરે પડ્યું!
યકીન ધરી તે છતાં, કદમકૂચ ખેડી રહ્યો.
વીત્યું જીવિત આખું વેઠી દુઃખડુંગરા તો ય આ
સદા વિધિથપાટથી હસતું મર્દ હૈયું રહ્યું.

રહ્યું હસતું હૈયું? હા, વિષમ રુદ્ર વંટોળિયે
સમૂલ મુજને ઉખેડી દઇને કશે રાનમાં
ભલે પટકી દો: ન કંપ કરુણા સમાશ્વાસની
તમા ન મધમીઠો શબ્દ મિજબાનીની યે કશી—
અગર્ દિલ ચહે ભલે ખડખડાટ લેજો હસી.
અકેલ ક્ષીણશક્તિ આશહીન દુઃખડાગ્ધ છતાં
નિરંતર, હું મસ્ત મુઠ્ઠીભર હાડકાંનો ઘડ્યો
ધરીશ મુખ મુસ્ક'રાટ—મુજ આયખાની મતા!

મધુકર રાંદેરિયા

બલવતી બાનીમાં મર્દાનગીની ફોરમ મહેકાવતું સૉનેટ.

તારું હૃદય

તારું હૃદય
–તો ચંદ્ર જાણે, જે ઉજાળે આભ આ અંધારમય;
તારા વિષે મારી પ્રીતિ:
કિન્તુ એને કારણે મારી અચળ શી આ સ્થિતિ:
યુગયુગ થકી જેણે કદિ રે એક પણ એનું ચરણ
માંડયું નથી–તે ચંદ્રમાં પૂરાયલો હું તો હરણ!

પ્રિયકાન્ત મણિયાર

ચન્દ્રનો એક નવી જ કલ્પનામાં ઉપયોગ.

લાલિમા

· મંદાક્રાન્તા ·

તારે ઓષ્ઠે ખિલખિલ થતી લાલિમા હાસ્ય રેલે
તે જોઇને કુમકુમભર્યો ચાંદલો ઝંખવાયે;
ને ગાલે થૈ રસમય ધરે લાલિમા રમ્ય ખ્વાબ,
વેરી દે ત્યાં શરમમહીં સૌ, વેણીની પાછળેથી
ડોકાતું તે મધુર નિજની પાંખડીઓ ગુલાબ.

ગીતા કાપડિયા

ગયા અંકમાં છપાએલા આ કાવ્યની પહેલી લીટીમાં થએલા મુદ્રણ-દોષથી તે દુર્બોધ થએલું હોઇ ફરી આપ્યું છે. લાલિમાને બિરદાવતી બે નાની, રમ્ય કલ્પનાઓ છે:

હે હોલિકા!

· મિશ્ર ·

હે હોલિકા!
શિખા રમે કો તુજમાં અનામિકા.

સ્થાને સ્થાને નર્તતી તું અનૂપા,
ગેહે ગેહે સોહતી તારી મૂર્તિ,
રાજે સૌમાં એક તું ભિન્નરૂપા,
દેહે દેહે તુજ વિલસતી ગુપ્ત કો પ્રાણપૂર્તિ.

તું દેવોના યજ્ઞની અગ્નિજ્વાલા,
ભક્ષે જે સંધા હવિ અમૃતોના,
ને લાવી દે દાન સૌ સંભુતોનાં,
તું ભૂમાની અમલ પ્રતિમા, મુક્તિમંદારમાલા.

તું સ્રષ્ટાની આદિ કો દિવ્ય દીપ્તિ,
જે સૃષ્ટિનાં અંતરે ઓતપ્રોત,
રોમે રોમે જે હતો ગૂઢ સ્રોત,
રે તે આજે પ્રકટ તુજમાં પૂર્ણની પૂર્ણ જ્યોતિ.

તું મૂર્ત શક્તિ પ્રભુની પ્રભાવિકા,
હે હોલિકા!

શ્રીકાન્ત માકુલીકર

કલા અને કલાકાર

લેખક હરસુખ ભટ્ટ બી. એ.

'एकोऽहं बहुस्याम।' આદિમાં સર્જનહારને એકના અનેક થવાની કેવી તમન્ના થઇ હશે! એકલું કોને ગમે છે? 'एकाकी न रमते' સર્જન કોને નથી ગમતું?

આવી જ કોઇ તમન્નાથી કલાકાર પણ કલાકૃતિ સર્જે છે. કલાકાર લખે છે, ચીતરે છે કે શિલ્પ કરે છે તે એ સર્જનના આનંદ માટે. કવિને કાવ્ય રચતાં, ચિત્રકારને ચિત્ર ચીતરતાં, શિલ્પીને મનોમૂર્તિનું સર્જન કરતાં, સંગીતકારને કોઇ સૂર વહેવડાવતાં કે નૃત્યકારને નૃત્યના નવા અંગમરોડ શોધતાં સૌંદર્યના એ સંશોધનમાં જે આનંદ આવે છે તે કોણ કલ્પી શકે? એ તો કેવળ કલાકાર જ જાણે. એ આનંદને બ્રહ્માનંદ-સહોદર કહ્યો છે. યોગીને યોગસાધનાને અંતે બ્રહ્મનો સાક્ષાત્કાર થતાં જે આનંદનો અનુભવ થાય છે એના સગા ભાઈ જેવો જ આનંદ કલાકાર અનુભવે છે.

પ્રખ્યાત અંગ્રેજ કલાવિવેચક ઍબરક્રૉમ્બી કહે છે: An artiste communicates. કલાકાર પોતાના રહસ્યમય અનુભવને communicate સંક્રાન્ત કરે છે. પ્રથમ તો કલાકારને પ્રેમ, કરુણા, સમભાવ વગેરે ભાવોનો અનુભવ થાય છે, અને એ અનુભવ કલાકારને જાણે સર્જન કરવાનો આગ્રહ કરતો હોય એવું લાગે છે. Experience urges an artiste to create. પોતાના અનુભવને બીજાની પાસે રજૂ કરવા માટે તે કલાકૃતિ રચે છે.

કલાકારનો અનુભવ બે પ્રકારનો હોય છે: (૧) પ્રત્યક્ષ અનુભવ અને (૨) કાલ્પનિક અનુભવ. કોઈ કલાકાર કોઇ ગરીબની દુઃખી પરિસ્થિતિ જોઈને કરુણાની લાગણી અનુભવે છે, તો કોઈને કોઈ વ્યક્તિ પ્રત્યે પ્રેમ જાગવાથી પ્રેમની લાગણીનો અનુભવ થાય છે, તો કોઈને પ્રકૃતિનાં અવનવાં દૃશ્યો જોઈને સૌંદર્યનો અનુભવ થાય છે. આમ સીધીરીતે થયેલો અનુભવ એ 'પ્રત્યક્ષ' અનુભવ. પણ કલાકાર કોઈ વાર કલ્પના પણ કરે છે કે અમુક પ્રેમીના હૃદયમાં કેવીકેવી ઊર્મિઓ ઊછળતી હશે! અને પછી પોતે એ ભાવ અનુભવે છે. તે 'કાલ્પનિક' અનુભવ. કોઇ સાધારણ મકાનમાં રહેતો ગરીબ કલાકાર જ્યારે રાજમહેલનું ચિત્ર ચીતરે છે ત્યારે એને મહેલની ભવ્યતાનો અનુભવ કલ્પનાથી જ કરવો પડે છે, અને કોઈ ધનવાન કવિ પીડિતો અને ગરીબોનાં કાવ્યો જ્યારે મખમલના સોફા ઉપર બેસીને લખે છે ત્યારે તેને પણ કાલ્પનિક અનુભવનો જ આધાર લેવો પડે છે.

આવી રીતે પોતાના હૃદયમાં થએલો અનુભવ કલાકાર અન્યના હૃદયમાં સંક્રાન્ત કરે છે. દરેક માણસને પોતાનો કોઈ રહસ્યમય અનુભવ બીજાને કહેવાની ઈચ્છા તો હોયજ છે, પણ સાધારણ માણસ વસ્તુની રજૂઆત સાધારણરીતે કરે છે, જ્યારે કલાકાર એ જ વસ્તુની રજૂઆત કરતાં તેને વધુ ભાવનામય અને સૌંદર્યયુક્ત બનાવે છે અને પોતાના જીવનની આવી ધન્ય પળોને કૃતિ દ્વારા ચિરંજીવ બનાવી મૂકે છે. કવિની કવિતા, ચિત્રકારનું ચિત્ર કે શિલ્પીનું શિલ્પ ભાવુકના (વાંચનારના અથવા નિહાળનારના) હૃદયમાં તેના જેવી જ લાગણીઓનો અનુભવ કરાવે છે. જે કલાકૃતિમાં ભાવુકની લાગણીઓને બહલાવવાનું જેમ વધુ સામર્થ્ય, તેમ તે કલાકૃતિની સફળતા વધુ.

Art is an imitation of life: કલા જીવનનું અનુકરણ કરવાનો પ્રયત્ન કરે છે. વીનસ દ મિલોની પ્રતિમા બનાવનાર શિલ્પીએ અને અજંટાનાં ચિત્રોની સ્વપ્નસૃષ્ટિ રચનાર ચિત્રકારોએ જાણે જીવનને આબેહૂબરીતે મૂર્ત કર્યું છે. આનો અર્થ એમ નથી કે યથાર્થદર્શી (realistic) કલા એ જ માત્ર સાચી કલા છે. રેખાઓની ગૂંથણી કે શિલ્પની અમુક ભાત(design)માં, અથવા સંગીતના (શબ્દો વિનાના) રાગો કે આલાપોમાં નથી માનવ જીવનની પ્રતિકૃતિ કે નથી પ્રકૃતિનું અનુકરણ; માટે તેને કંઈ કલાવિહીન ન કહી શકાય; કારણ કે એ પણ ભાવુકના ઉરસરોવરમાં આનંદનાં આંદોલનો ઊભાં કરી શકે છે. એટલે કલા યથાર્થદર્શી (realistic) ઉપરાંત આદર્શદર્શી (idealistic) પણ હોઈ શકે છે.

જીવનમાં શું છે એટલું જ કહેવાનું કલાને માટે પૂરતું નથી; પણ તેને તો જીવનમાં શું હોવું જોઇએ એ પણ કહેવાનું છે. કોઈક ચિત્રને કે શિલ્પને જોઇને કેટલાકને શંકા થાય છે કે 'આવી સ્ત્રી તે હોતી હશે? આટલી મોટી આંખો? આટલી પાતળી કેડ? આટલો મોટો અંબોડો? આવું તો અમે ક્યાં ય જોયું નથી!' પણ જે જોયું હોય તે જ અને તેવું જ કલામાં ઉતારવું એ પૂરતું નથી; પણ તેનાથી અધિક સુંદર જે હોવું જોઇએ તે પણ કલામાં આલેખાવું જોઇએ. વાસ્તવદર્શી ચિત્રકાર માઈકલ ઍન્જેલો કે રેનૉલ્ડ્ઝ કે રેમ્બ્રાંનાં ચિત્રોમાં જ સૌંદર્ય છે અને રેખાઓમાં સ્હેજ અતિશયોક્તિ કરનાર નંદલાલ બોઝનાં ચિત્રોમાં કે અવાસ્તવિક રંગોની સજાવટથી અજબ સૌંદર્યસૃષ્ટિ રચનાર નીકોલસ રોરિકનાં ચિત્રોમાં સૌંદર્ય નથી એમ કોણ કહી શકે?

ધર્મ, તત્ત્વજ્ઞાન કે નીતિશાસ્ત્ર માનવને 'સંસ્કૃત' કરવા માટે છે. પણ તેમને યે કલાનો આધાર તો લેવો જ પડે છે. લોકોને ધર્મ ને સદાચાર શીખવવા લખાયેલાં રામાયણ, મહાભારત, ઉપનિષદો, કુરાન કે બાઈબલને પણ રસથી ભરપૂર કાવ્યમય વાણીનો આધાર લેવો પડે છે. સૉક્રેટીસનો શિષ્ય પ્લેટો, જે કલા ને કલાકારોને પોતાના 'આદર્શ રાજ્ય'માંથી બાકાત રાખવા ઈચ્છતો હતો તે પોતે જ્યારે તત્ત્વજ્ઞાન, રાજનીતિ કે બીજા વિષયો પર લખતો ત્યારે પોતાની વાતને સુંદર ને સચોટરીતે કહેવા જતાં કોઈ કવિની છટાથી કલ્પના, અલંકાર ને શબ્દમાધુર્યથી ભાષાને ઓપ આપતો. આમ, એ કલાનો વિરોધી પણ કલાત્મક બની જતો. કલા વિના જીવન 'સંભવી' શકે ખરું, પણ કલા વિના તે 'કૃતાર્થ' તો નથી જ થતું.

કલાનો ઉદ્દેશ રંજન કરવાનો છે. કેટલીક વાર પ્રાચીન કવિની કવિતામાં વધુપડતો ઉપદેશ કે આધુનિક કવિની કૃતિમાં વધુપડતો પ્રચાર આવી જાય છે ને એથી કલાની વિકૃતિ થાય છે. કલાનો ઉદ્દેશ શીખવવાનો કે પ્રચાર કરવાનો નથી, પણ આનંદ આપવાનો છે. પણ આથી હું એમ નથી કહેવા માગતો કે 'કલા ખાતર કલા' (Art for art's sake) એજ સિદ્ધાંતને વળગી રહેવું. આમ કરવાથી તો જે ચિત્ર કે કાવ્ય અશ્લીલ વર્ણન આબેહૂબ અને સુંદરરીતે કરે તેને પણ સારી કલા કહેવી પડે; કારણકે એ ચિત્રમાં રંગ અને રેખા સુંદર છે અને એ કાવ્યમાં કલ્પના અને શબ્દમાધુર્ય સુંદર છે. 'કલા ખાતર કલા' એ સિદ્ધાંતમાં માનનારાઓ ઘણીવાર એવી દલીલ કરે છે કે 'કલાનું કર્તવ્ય કેવળ સૌંદર્યસૃષ્ટિ ખડી કરી આનંદ આપવાનું જ છે, પછી એ આનંદ ગમે તેવો હોય.' પરંતુ સૌંદર્ય 'સત્ય' અને 'શિવ'થી વેગળું ન સંભવી શકે. અમુક પ્રવાહ રમણીય હોય પણ જો તે જીવનને અધોગતિના માર્ગે ઘસડી જાય તો તે દુઃખદાયક છે. કલાનો આનંદ એટલે નિર્વિકાર આનંદ, કલા એટલે सत्यं शिवं सुंदरम्।

મનોમંથન

કાકાસાહેબ કાલેલકરનાં
તરુણકાળનાં સંસ્મરણોની 'સ્મરણયાત્રા'ની અનુગામી લેખમાળા



કેવળ ગુજરાતના કુમાર-સાહિત્યમાં જ નહિ પણ સમગ્ર આત્મકથનના સાહિત્યમાં એક વિશિષ્ટ પ્રકાર તરીકે જેણે અનન્ય સ્થાન પ્રાપ્ત કર્યું છે એ શ્રી કાકાસાહેબ કાલેલકરની 'સ્મરણયાત્રા' સૌ પ્રથમ પ્રકટ કરવાનું સદ્‌ભાગ્ય 'કુમાર'નું હતું. 'કાકા થયા પહેલાં' એ મથાળા નીચે શરૂ થયા પછી વર્ષો સુધી 'સ્મરણયાત્રા'ના નામથી ચાલેલી એ માળામાં, બાળપણથી માંડીને મૅટ્રિકનો અભ્યાસ પૂરો થતાં સુધીના કુમારકાળનાં જે સંસ્મરણો આવ્યાં તેમાં રસભર્યા પ્રસંગોની પાછળ થતા રહેલા માનસ-ઘડતરની પ્રક્રિયાનું સુગોપિત આલેખન હતું. કૉલેજમાં આવ્યા પછી એ ઘડતરે જે 'મનોમંથન'નું રૂપ ધારણ કર્યું તેનાં બે'ક સ્મરણો 'કુમાર'માં આવેલાં. પછી સંજોગાનુસાર તેનું લેખન અટક્યું. પણ 'કુમાર' પ્રત્યેની પોતાની મીઠી વત્સલતાથી કાકાસાહેબે, તે જ્યારે પણ લખાય ત્યારે તે પ્રથમ પ્રકટ કરવાનો અધિકાર 'કુમાર'ને જ સ્વીકારેલો. હવે એમના જ તંત્રીપણા નીચે પ્રકટ થતા હિંદી માસિક 'મંગલ પ્રભાત'માં એ માળા આવવા લાગી છે, તેનો અનુવાદ આ અંકથી શરૂ થાય છે. તરુણકાળના તીવ્ર મનોમંથનના એ પ્રસંગોના આલેખનમાં વાચકને અનુવાદકની જો કોઇ ઊણપ લાગે તો તેઓ સહી લેશે, અને અમારી સાથે જરૂર ઈચ્છશે કે 'સ્મરણયાત્રા'ની પેઠે આના પણ મૂળ લેખનનો લાભ હજી ય ગુજરાતીને મળે તો સારું.

પ્રાથમિક શાળામાં ટાટ પર બેસનાર વિદ્યાર્થીને જ્યારે પાટલી પર બેસવાનો મોકો મળે છે ત્યારે તેને લાગે છે કે આપણે કંઇક ઊંચે ચડ્યા, આપણી પ્રતિષ્ઠા વધી. એ જ પ્રમાણે હાઈસ્કૂલનો અભ્યાસ પૂરો કરીને જ્યારે તે કૉલેજમાં આવે છે ત્યારે પણ તેને એમ લાગવા માંડે છે કે પોતે હવે કોઇક અદકો માણસ બન્યો. શાળાની પરીક્ષા જુદી, મૅટ્રિકની જુદી. વિદ્યાર્થી એમ માને છે કે આખા પ્રાંતના હજારો વિદ્યાર્થીઓની સાથે એક સર્વસામાન્ય પરીક્ષામાં બેસીને તેમાં પાસ થઇ ઊંચો નંબર મેળવવો એ કોઈક લોકોત્તર કસોટી છે. જે શિક્ષકોને એવો આગ્રહ રહેતો કે અમારા વિદ્યાર્થીઓએ ઊંચો નંબર કે જગન્નાથ શંકરશેઠ સ્કૉલરશિપ તો જીતવી જ જોઇએ તેઓ તેમજ તેમની શાળાના વિદ્યાર્થીઓ મૅટ્રિકના પેપરો તથા પરીક્ષકોની ખાસ્સી જાણકારી રાખતા. ઘોડદોડ કે સરકસને માટે જે કાળજીથી ઘોડાને કેળવવામાં આવે છે એ જ રીતે પરીક્ષાને માટે વિદ્યાર્થીઓને પણ તૈયાર કરવામાં આવતા. કેટલાક વિદ્યાર્થીઓ તો એ માહિતી પણ મેળવી લેતા કે આખા પ્રાંતમાં મૅટ્રિકના વર્ગમાં કયાકયા છોકરા ચતુર ને બુદ્ધિમાન છે. 'આ વર્ષે પરીક્ષામાં બેસીશ તો અમુક છોકરાઓનો મુકાબલો નહિ કરી શકું, ને પહેલો નંબર આવવાની આશા નથી, એટલે આવતી સાલે જ પરીક્ષા આપવી સારી' એવો દૂરદર્શી વિચાર કરનારા વિદ્યાર્થીઓ પણ અમારા જમાનામાં હતા. આજકાલ શું છે તેની મને ખબર નથી. આવી રીતે પરીક્ષા પાસ કરીને કૉલેજમાં જતા વિદ્યાર્થીને એમ લાગે કે પોતે હવે કોઇ ઉચ્ચ કોટિનો જીવ બની ગયો તો એમાં નવાઈ શી?

હું જે હાઈસ્કૂલમાં ભણતો ત્યાંના અમારા શિક્ષકોમાં પહેલા નંબર માટે કે સ્કૉલરશિપ મેળવવા માટે વિદ્યાર્થીને તૈયાર કરવાનો ઉમંગ ન હતો. હું માનું છું કે મારે માટે આ જ આબોહવા સારી હતી. અમે—કાંઈ નહિ તો હું તો જે કાંઈ વિષય ભણતો તે દિલ-ચસ્પીને ખાતર જ. અમારા શિક્ષકોમાં પણ પોતપોતાના વિષયો માટે સાચી દિલચસ્પી હોવાથી જ તેઓ આ વાતાવરણ જમાવી શક્યા હતા. કેવળ પરીક્ષાને માટે જ વિદ્યાર્થીઓને તૈયાર કરનારા શિક્ષકો પરત્વે એ વખતે પણ મારા મનમાં ઓછો આદર રહેતો. મને લાગતું કે જ્ઞાનની ઉપાસનાને હરીફાઈનું રૂપ આપવું એ, કાંઈ નહિ તો શિક્ષકોને તો શોભા આપનારું નથી જ. એ વખતે આ વાત હું કદાચ આ શબ્દોમાં મૂકી ન શકત; પણ વૃત્તિ તો આ જ હતી.

એક જ શાળામાં આખું વરસ તો હું કદી જ ભાગ્યે શક્યો નથી. આથી મને ઘણું નુકસાન થયું છે. મૅટ્રિકની પરીક્ષા પતાવતા વેંત—એટલે કે પરિણામ બહાર પડ્યા પહેલાં જ અમારા વર્ગના વિદ્યાર્થીઓએ જુદીજુદી કૉલેજોમાં દાખલ થવા માટે અરજીઓ કરી દીધી હતી. મને બુદ્ધુને તો આનું ભાન પણ ન હતું. ઘેર પણ મોટાભાઇએ કાંઈ સુઝાડ્યું નહિ. પણ પરીક્ષામાં પાસ થયા પહેલાં આમ અરજી કરવાનું મને કોઇએ જો સુઝાડ્યું હોત તો મને લાગત કે એમાં શાલીનતા નથી. અરજી આપીએ ને પછી પરીક્ષામાં નાપાસ થવાય તો? ભારે ફજેતી જ ને?

આનું પરિણામ એ આવ્યું કે ડેક્કન કૉલેજમાં જવાની ઈચ્છા હોવા છતાં મને ત્યાં પ્રવેશ ન મળી શક્યો. એ બાબતમાં પણ મારું બાઘાપણું જ આડે આવ્યું. અમારી હાઈસ્કૂલના હેડમાસ્તર રાવજી બાબાજી કરંદીકરનો મારા પર પૂરો પ્રેમ. જ્યારે એમને ખબર પડી કે વખતસર અરજી ન કરવાને કારણે ડેક્કન કૉલેજમાં મને પ્રવેશ મળવાનું મુશ્કેલ બની ગયું છે, ત્યારે એમણે મને એક ઘણો જ સુંદર ભલામણપત્ર લખી આપ્યો. એ લઇને હું ડેક્કન કૉલેજમાં ગયો. ત્યાં ઓરડીઓની વહેંચણી થઈ રહી હતી. મેં એ વહેંચણી કરનાર 'ફેલો'ને જઇને એ પત્ર આપ્યો. પત્રની નીચેની સહી વાંચતાં જ એ પ્રભાવિત થયા: એમના ચહેરા પરથી મને એમ લાગ્યું. હું સમજ્યો કે મને હવે ઓરડી મળી જવાની. ઓરડીઓની વહેંચણી પૂરી થઈ, પણ મને ઓરડી ન મળી. મેં ફેલોની પાસે જઈને કહ્યું, 'મારો ભલામણ-પત્ર મને પાછો દઈ દો.' એણે કાંઈક વિચિત્ર રીતે મારી તરફ જોયું. હું તેનો અર્થ ન સમજ્યો. થોડી વાર ચૂપ રહીને મેં ફરીથી સાફસાફ માગણી કરી કે 'મારો ભલામણ-પત્ર મને પાછો આપી દો.' (મને શી ખબર કે જેમની અરજી વખતસર ન આવી હોય એવા વસીલા-વાળા વિદ્યાર્થીઓને પાછળથી કાંઈક ખૂબીથી જગ્યા મળી જાય છે! કેટલીક વાર તો એવા લોકો માટે ખાસ જગ્યા પણ ખાલી રાખવામાં આવે છે.) ફેલોએ ફરી વિચિત્ર ચહેરો કરીને મારી તરફ જોયું અને મારો ભલામણ-પત્ર મને પાછો આપી દીધો. એને મનમાં થયું હશે કે 'કેવો બાઘો છે? આટલું પણ સમજતો નથી! એનું નસીબ જ આડે આવે છે તો એને માટે બીજા શું કરવાના હતા?'

ભલામણપત્ર લઈને હું પ્રિન્સિપલ સેલ્બી પાસે ગયો. પણ સાહેબના બંગલામાં જવાની હિંમત કેમ ચાલે? ફાટક પાસે જ ઊભો થઈ રહ્યો. સેલ્બી સાહેબ બહાર આવ્યા ત્યારે એમના હાથમાં ભલામણપત્ર મૂકવાને બદલે મેં કહ્યું, 'મને રેસિડેન્સીમાં ઓરડી જોઈએ છે.' એમણે પૂછ્યું, 'આજ સવારે તમે ફેલોને મળ્યા હતા?' મેં કહ્યું, 'ના; બપોરે મળેલો.' મારો આ જવાબ સાંભળીને સેલ્બી સાહેબ ચાલ્યા ગયા. બસ, 'ડેક્કન'માં ભણીને કૉલેજ-શિક્ષણ લેવાની ઉમેદ ઉપર સદાને માટે પાણી ફરી વળ્યું.

ડેક્કન કૉલેજના ભવ્ય ઇમારતોનો મારા મન પર બહુ પ્રભાવ પડેલો. છાત્રાલયની નાનીનાની ઓરડીઓની બેવડી હાર જોઈને હું તો તાજ્જુબ થઈ ગએલો. જ્યારે ઓરડી ન મળી ત્યારે મનમાં વિચાર આવ્યો કે 'ભલે ઓરડી ન મળે ને માત્ર વરંડાના એક ખૂણામાં રહેવા દે તો પણ ખુશીથી રહું. ઓરડીઓ સિવાય બીજી આટલી બધી જગ્યા ખાલી પડી છે તો પણ આ લોકો કોણ જાણે શાથી વિદ્યાર્થીઓને નવો ભણે છે.'

મને ઘણી વાર વિચાર આવ્યો છે કે જો ડેક્કન કૉલેજમાં જગ્યા મળી હોત તો મારી જિંદગીને જુદો જ ઝોક મળ્યો હોત. પિતાજી સરકારી નોકર હતા. એક મોટા ભાઈ પણ સરકારી નોકરીએ લાગી ગયા હતા. આમ હોવાથી સરકારી નોકરીનો જ આદર્શ મારી સામે રહ્યો હોત. હાઈસ્કૂલમાં હું અભ્યાસી છોકરો તો નહોતો, પણ વિદ્યા માટેની દિલલગી તો મારામાં ઘણી હતી. હું ડેક્કન કૉલેજમાં ગયો હોત તો કદાચ વિદ્યાવ્યાસંગી તરીકેની નામના હું કમાયો હોત. ને સરકારી નોકરી કરતા વિદ્વાનોનાં જીવન જેવાં પ્રતિષ્ઠિત હોય છે એવું મારું જીવન પણ થયું હોત. એ 'કરીઅર' હું ખોઈ બેઠો એનો મને કદી વસવસો નથી થયો. પણ યુરોપિયન પ્રોફેસરોનો જે સંપર્ક મને ત્યાં મળત એ ફર્ગ્યુસનમાં ન મળ્યો એનું મને ઘણી વાર દુઃખ થયું છે.

આજ પણ મને લાગે છે કે ઓછામાં ઓછું યુરોપિયન મિશનરીઓનો સંપર્ક સાધવા જેટલી ધાર્મિક ઉદારતા મારામાં એ વખતે હોત તો પણ મને ઘણો લાભ થયો હોત. ફર્ગ્યુસન કૉલેજમાં અંગ્રેજી ભાષા અને સાહિત્યનું ભણતર તો મળ્યું. અંગ્રેજીમાં જ બધા વિષયો શીખવા પડયા, તો પણ વિદ્યાર્થીકાળમાં અને તે પછી પણ અંગ્રેજોનો સંપર્ક મને ન મળ્યો એ સારું ન થયું એવું મને પાછળથી લાગવા માંડયું. અને તેનો વિષાદ આજ પણ ગયો નથી. અંગ્રેજોના સંપર્કથી જ સુશિક્ષિત કે સંસ્કારી થવાય છે એવી કલ્પના કદી ન હતી; પણ તદ્દન જુદી જ સંસ્કૃતિના લોકો સાથે ઘનિષ્ઠ સંબંધમાં આવવું એ સંસ્કારિતાનું જ એક જરૂરી અંગ છે એવી મારી માન્યતા કૉલેજનો અભ્યાસ પૂરો થયા પહેલાં જ પાકી થઈ ગઈ હતી.

જે વિદ્યાર્થીઓ પૂના-મુંબાઈ જેવાં મોટાં શહેરોમાં રહે છે તેમને નાનપણથી જ કૉલેજ, તેની ઇમારતો, પ્રોફેસરો, તેમના ગાઉન (ઝભ્ભા), કૉલેજના વાદવિવાદ વગેરેનો પરિચય હોય છે. મારા જેવા, જેણે મૅટ્રિક પાસ થતાં સુધી કૉલેજનું મકાન પણ જોયું નથી હોતું એના મન પર કૉલેજના દોરદમામનો નૈતિક પ્રભાવ પડયા વિના નથી રહેતો.

૨

જ્યારે હું અંગ્રેજી છઠ્ઠી કે સાતમીમાં હતો ત્યારે મારા મોટા ભાઈ બહુ બીમાર હતા. ઘણા દિવસ સુધી ચરી પાળવાથી તેમનું મોં મોળું પડી ગયું હશે એમ માનીને મારી બાએ તેમને કોઈક સ્વાદિષ્ટ રોચક વસ્તુ ખાવા આપી. પણ એમણે તે ન લીધી. એમણે જો એટલું જ કહ્યું હોત કે 'અપથ્ય વસ્તુ ખાઈને મારે સદા માંદા નથી રહેવું' તો એમના એ કથનની મારા પર ઝાઝી અસર ન થઈ હોત. પણ એમણે કહ્યું, 'આ વસ્તુ અપથ્ય છે. એથી મને નુકસાન થશે એવું સ્પષ્ટ જાણતો છતાં હું એ ખાવાને તૈયાર થાઉં તો હું સુશિક્ષિત શાનો?' એમના આ જવાબથી મને લાગ્યું કે સુશિક્ષણનું એક પરિણામ એ હોવું જોઈએ કે પોતાનું હિત-અહિત સમજવા લાગ્યા પછી 'અહિત'ને ટાળવાની સંયમશક્તિ સુશિક્ષિત આદમીમાં આવવી જ જોઈએ. આ એક પ્રસંગથી કૉલેજ-શિક્ષણને માટે મારા મનમાં આદર પેદા થયો હતો. કૉલેજમાં દાખલ થયા પછી મારા કેટલા યે દોષ 'હવે તો આપણે કૉલેજમાં આવ્યા' એ ભાવનાથી જ આપોઆપ દૂર થઈ ગયા હતા.

હું જ્યારે ફર્ગ્યુસન કૉલેજમાં દાખલ થયો ત્યારે કેટલાક વિદ્યાર્થી આવવાના બાકી હતા. કૉલેજની ક્લબો હજી શરૂ નહોતી થઈ. રજાના દિવસોમાં પણ ઠીકઠીક અભ્યાસ થઈ શકે એ હેતુથી જે પાંચદસ જૂના વિદ્યાર્થી કૉલેજની રેસિડેન્સી (છાત્રાવાસ)માં રહેતા હતા તેમની ક્લબમાં હું શામેલ થયો. પહોળી રેશમી કિનારનું ધોતિયું, ઘેરથી બેસવા માટે આણેલી આરામખુરશી અને રાત્રે સૂતાં પહેલાં એક કટોરો દૂધ પીવાની આદત. આવાઆવા મારા ઢંગ જોઈને એ વિદ્યાર્થીઓને થયું કે આ કોઈ પૈસાવાળાનો છોકરો લાગે છે. સીનિયર બી. એ.ના વિદ્યાર્થીઓએ નવા આવેલા વિદ્યાર્થીઓને સહેલાઈથી અપનાવી લેવા ન જોઈએ એ નિયમનું તેઓ પાલન કરતા છતાં મારા તરફ કાંઈક ખાસ નિગાહથી જોતા. એ પછી જ્યારે બાળ (મારા મોટા ભાઈ) સીનિયર બી. એ. ભણવા આવ્યા અને વિદ્યાર્થીઓને ખબર પડી કે હું એનો નાનો ભાઈ છું ત્યારે બધી વસ્તુઓ પલટાઈ ગઈ.

પણ કૉલેજનો જે પહેલો અનુભવ મારે કહેવો છે તે તો રહી જ ગયો. જ્યાં સુધી નવા વિદ્યાર્થી નહોતા આવ્યા ત્યાં સુધી તો ક્લબવાળાઓએ મારી પાસેથી 'પેઇંગ ગેસ્ટ'નો મુકરર ચાર્જ ન લેતાં મને પોતાની ક્લબનો મેમ્બર ગણી લીધો અને જે કંઈ ખર્ચ મારા હિસ્સે આવ્યું તેટલું વસૂલ લીધું. પણ વિદ્યાર્થીઓની સંખ્યા વધતાં જ તેમણે હું ક્લબનો મેમ્બર જ નથી એમ ગણીને મારી પાસેથી 'પેઇંગ ગેસ્ટ'નો ચાર્જ લેવો શરૂ કર્યો. આ રીતે મારે બીજે મહીને પણ વધારે આપવું પડયું. ક્લબના વ્યવસ્થાપક વિદ્યાર્થીને મેં સરલતાથી પૂછ્યું કે 'મારો હિસાબ મને જરા સમજાવશો?' ત્યારે તેણે ગંભીરતાથી કહ્યું કે પાછલે મહિને તમને ક્લબના મેમ્બર ગણ્યા હતા; આ મહીનાથી તમને 'પેઇંગ ગેસ્ટ' ગણીએ છીએ.' મેં પણ ગંભીર ચહેરે કહ્યું, 'ભલે, જેવી તમારી મરજી.' અને ચૂપચાપ પૈસા આપી દીધા. એણે પણ ચૂપચાપ પૈસા લઈ લીધા. પણ નવાઈની વાત તો એ કે આટલા જ પરથી તે મારી સાથે એવી રીતે વર્તવા લાગ્યો કે જાણે અમારી વચ્ચે અણબનાવ થઈ ગયો હોય!

મેં મનમાં વિચાર્યું કે કૉલેજ-શિક્ષણનો ઓપ પામેલા આ પ્રૌઢ વિદ્યાર્થીઓ બહારથી જેવા શિષ્ટ દેખાય છે એવા વાસ્તવમાં તેઓ નથી હોતા. પછી આગળ ચાલતાં જ્યારે જોયું કે બહારથી પીઢપણા અને ગંભીરતાથી વર્તવું અને ઓરડીઓમાં દોસ્તો વચ્ચે બધા જ પ્રકારની ઠઠ્ઠામશ્કરીઓ કરવી એ જ કૉલેજની સંસ્કૃતિ છે ત્યારે મનમાં થઈ ગયું કે એ ઉપરછલ્લી—માત્ર દેખાવની જ સંસ્કૃતિ છે. કોઈ સુંદર ચિત્ર પર પાણી પડવાથી એ જેવું બગડી જાય તેવું જ મારે માટે થયું અને હું નિરાશ થઈ ગયો.

૩ મુંબાઈનું પ્રદર્શન

કૉલેજની ટર્મ શરૂ થયા પહેલાં હું પૂના ગયો હતો અને હોસ્ટેલમાં રહ્યો હતો. થોડા દિવસ પછી મારા મોટા ભાઈ 'ભાઊ' પૂને આવ્યા.

એમણે કહ્યું 'મુંબાઈમાં એક સરસ પ્રદર્શન ભરાયું છે. ચાલ, જોવા જઈએ.'

મેં મુંબાઈ જોયું ન હતું. નાનપણમાં પૂના સુધી આવેલો પણ મુંબાઈ વિષે સાંભળ્યું હતું ખૂબ. મુંબાઈમાં રસ્તા પર ટ્રામગાડી ચાલે છે; લોઢાના પાટા પર જેમ રેલવે ચાલે છે તેમ જ આ ટ્રામ પણ ચાલે છે; અને તેને ખેંચનારા ઘોડાના માથા પર અંગ્રેજોની હૅટ જેવી હૅટ હોય છે એટલું તો મેં સાંભળ્યું હતું. હૅટમાં બે કાણાં પાડીને તેમાંથી ઘોડાના બે કાન બહાર કાઢેલા હોય છે એ સાંભળીને, કાંઈ નહિ તો આ કુતૂહલ જોવા ખાતર પણ, મુંબાઇ જવું જ એવો નિશ્ચય કર્યો.

મુંબાઈના મોટામોટા રસ્તા ને મોટાંમોટાં મકાનો જોઇને એવો તો આનંદ થયો કે મનુષ્યની કરામત પણ ઇશ્વરની કરામતથી કાંઈ કમ નથી. બોરીબંદરનું મોટું સ્ટેશન જોઇને તો હું ત્યાં જ ઊભો રહી ગયો અને તેની કારીગરી જોવા લાગ્યો. હાઇકોર્ટનું મકાન, યુનિવર્સિટી હૉલ, રાજાબાઈ ટાવર એ બધાં અમારાં યાત્રાનાં સ્થાન હતાં. એક વાત મારા ધ્યાનમાં બેસતી નહોતી કે હાઇકોર્ટના મકાનમાં મોટા-મોટા પત્થરના સ્તંભ ઉપર ઘૂવડ શા માટે બેસાડ્યાં હશે? મોટા ભાઇએ કહ્યું કે આપણે ઘૂવડને અશુભ અને બેવકૂફ માનીએ છીએ, પણ પશ્ચિમના લોકોની સરસ્વતીનું વાહન એ છે. એ લોકો માને છે કે ઘૂવડની આંખોમાં શાણા લોકોની બુદ્ધિની ઝલક હોય છે. અમે સાંભળ્યું કે રાજાબાઇ ટાવર પરથી પડતું મૂકીને કોઈ પારસીએ આપઘાત કરેલો તેથી હવે ઉપર જવા માટે પાસ લેવો પડે છે. રાજાબાઈ ટાવર પર જઇને અમે જોયું તો બે સમુદ્રની વચ્ચે મુંબાઈ શહેર ફેલાઇને પડ્યું હતું. શહેર શું, ઘરોનું એક મોટું જંગલ જ જાણે!

આવું ઘણુંઘણું જોયું. પણ અમે મુંબાઈ જોવા નહોતા આવ્યા. આવ્યા'તા મુંબાઈનું પ્રદર્શન જોવા. ત્યાંનો એક પ્રસંગ પહેલાં કહી દઉં. પ્રદર્શનના દરવાજા આગળ જ મારી ઉમરનો એક પારસી છોકરો મળ્યો. એણે કોઇ વસ્તુની ટિકિટ ખરીદવાની વાતો કરી. હું એની વાતો જેવી સમજ્યો તેવા તેને જવાબ દેવા ઈચ્છ્યું. એની ગુજરાતી મને નહોતી આવડતી, મારી મરાઠી એ નહોતો સમજતો. એટલે મેં એને અંગ્રેજીમાં સમજાવ્યું કે તેની સૂચના વ્યવહારુ ન હતી. હું સ્વભાવે જ અધ્યાપક વૃત્તિનો છું. જે સમજાવવા ચાહું તે વિસ્તારથી સમજાવું છું. હું એને સમજાવતો ગયો ને એ સાંભળતો ગયો; તોપણ એના ચહેરા પર કાંઈ પ્રત્યય જણાયો નહિ. મેં માન્યું કે બીચારાની સમજશક્તિ ઓછી લાગે છે. મેં ફરી શરૂ કર્યું. પૃથક્કરણ શૈલીનો ઉપયોગ કરીને બધી હકીકત બરોબર સમજાવી, અને છેવટે પૂછ્યું કે હવે મારી વાત મનમાં બેઠીને?

એ ભોળાભાઇએ બધું સાંભળી રહીને જવાબ દીધો કે 'હું અંગ્રેજી જ નથી જાણતો!' હું તો આભો જ બની ગયો! મને નવાઇ લાગે છે કે મેં એને લપડાક કેમ નહિ ચોડી દીધી હોય! મુંબાઇ જેવા શહેરમાં, સોળ-અઢાર વરસનો છોકરો, અને તે પણ પારસીનો છોકરો અંગ્રેજી ન જાણે! વાત કલ્પના બહારની હતી. ભલા આદમીએ પહેલેથી જ કેમ ન કહ્યું? મારા મનમાં મુંબાઈ શહેરની શાન ઘટી ગઈ.

મુંબાઇનું એ પ્રદર્શન ખરેખર અદ્ભુત હતું. મરીન લાઇન્સ સ્ટેશન પાસેના મેદાન પર મોટા વિશાળ ક્ષેત્રમાં તે લોકોને આકર્ષી રહ્યું હતું. એક સ્થળે ઊંચી હિમાલયન રેલવે હતી. ક્યાંક કૃત્રિમ તળાવમાં કૃત્રિમ જહાજ તરતાં હતાં. ઉદ્યોગહુન્નરના નમૂના અને પરદેશી યંત્રોથી તો પ્રદર્શન ભર્યું પડ્યું હતું. એ 'સ્વદેશી' નહિ પણ 'ઔદ્યોગિક' પ્રદર્શન હતું. આખું પ્રદર્શન જોઇને મન પર એ ઠસી ગયું કે પશ્ચિમના લોકો હોશિયાર છે, બહાદુર છે; એમના વિના આપણું ચાલવાનું નથી.

એક સ્થળે ડેરી, એટલે કે ગોરસ-વિદ્યાનાં જાતજાતનાં યંત્રો હતાં. એક યંત્રમાં દૂધ પીલાઇને મલાઈ તથા નિઃસ્નેહ ફીકું (સેપરેટ) દૂધ અલગ થતું હતું. અમે વિચાર કર્યો કે બહાર જઇને રેસ્ટોરાં શોધીને ખાવા કરતાં તો એક દિવસ માત્ર મલાઇ ખાઈને જ રહીએ. અમે મોટા-મોટા કટોરા ભરીને મલાઈ પેટમાં ઉતારી અને આખો દિવસ ઘૂમ્યા.

મારું કામ કે ઉદ્દેશ પ્રદર્શનનું વર્ણન કરવાનો નથી. મૅટ્રિકમાં હું જે હિંદનો ઈતિહાસ ભણ્યો હતો એની શરૂઆત અમારા જમાનામાં મુહમ્મદ ગઝનીથી થતી. ગઝની, ઘોરી, ગુલામ, ખિલજી, તઘલખ, સૈયદ, લોદી એ બધા આ દેશના સૌપ્રથમ રાજ્યકર્તા હતા. એની પહેલાંનો ઈતિહાસ નહોતો ભણ્યો, કે નહોતો કદી સાંભળ્યો. 'હિંદુસ્તાન-કથા-રસ' નામની એક મરાઠી ચોપડીમાં સેમિરામિસ રાણી, તેના કૃત્રિમ હાથી, તથા ઍલેકઝાન્ડર અને પોરસના યુદ્ધની વાતો વાંચી'તી ખરી, પણ મુહમ્મદ ગઝનીની પહેલાંનો હિંદનો ઇતિહાસ અમને કદી પ્રત્યક્ષ નહિ થએલો. આવો અભ્યાસક્રમ કોણે અને શા ઉદ્દેશથી બનાવ્યો હશે એ તો એ દિવસોમાં મારા ખ્યાલમાં ન આવ્યું. પણ મનમાં એક વાત ઠસી ગઇ હતી કે હિંદુસ્તાનનો ઇતિહાસ હિંદુ લોકો હારી જવાથી તેમની પરતંત્રતાથી શરૂ થાય છે. આગળ ઉપર જ્યારે મેં માઉન્ટ સ્ટૂઅર્ટ એલ્ફિન્સ્ટનનો ભારતનો ઈતિહાસ વાંચ્યો અને તેમાં હિંદુ કાળથી પ્રારંભ થતો જોયો ત્યારે મને બહુ જ આનંદ થયો. મારું આત્મગૌરવ જાગૃત થયું અને મારામાં ચૈતન્યનો સંચાર થયો. કોઈ પણ જાતિને પોતાના ઇતિહાસનો આરંભ હાર અને ગુલામીથી કરવો પડે એથી મોટો કોઈ શાપ હોઈ શકે નહિ.

અશોકના શિલાલેખોની છાપ મેં સૌ પ્રથમ મુંબાઇના પ્રદર્શનમાં જોઈ. કાળા કાગળ ઉપર સફેદ અક્ષરોવાળી કોઇ અજ્ઞાત લિપિનો એ શિલાલેખ જોઇને મારું કુતૂહલ જાગ્રત થયું. તેની નીચે અંગ્રેજીમાં તેનો અનુવાદ આપ્યો હતો. અશોકના રાજ્યકાળનું વર્ણન પણ કાંઇક હતું. એ બધું મેં ધ્યાનથી વાંચ્યું અને ભારતના અતીત (ભૂતકાળ)નું ગૌરવ મારી સામે ઝાંખુંઝાંખું પ્રકટ થયું. તેને પડખે જ સોનાનો એક મોટો સિક્કો ફ્રેમમાં મઢીને રાખ્યો હતો. એના પર લખ્યું હતું કે પ્રાચીનમાં પ્રાચીન સિક્કાઓમાં આ સૌથી મોટો છે અને એનું નામ 'રામટંક' છે. એ 'રામટંક'ને જોઈને પણ મારી દેશાભિમાનની માત્રા વધી. 'સંસ્કૃતિની બાબતમાં આપણો દેશ ખૂબ આગળ વધેલો હતો. આપણે ઇચ્છીએ તો એ અતીત ગૌરવ પાછું લાવી શકીએ' એ ભાવ સૌ પહેલો તે દિવસે મારા મનમાં જાગ્રત થયો.

બચપણમાં શિવાજીના ઇતિહાસની કથાઓ સાંભળી હતી, અને દેશની આઝાદીનાં સ્વપ્નાં હું નાનપણથી જ જોતો. સ્વધર્મ પ્રત્યેની નિષ્ઠા તો મને વારસામાં મળી હતી. પણ 'દેશની સંસ્કૃતિ' જેવી પણ કોઇ વસ્તુ છે, અને દેશને માટે પુરાતત્ત્વનું પણ એક અસાધારણ મહત્ત્વ છે એ વાતનો સાક્ષાત્કાર મને તે દિવસે અશોકના શિલાલેખો અને 'રામટંક'ના દર્શનથી થયો.

મોટા ભાઇ કહેવા લાગ્યા, 'ચાલ ચાલ હજી તો ઘણું બધું જોવાનું છે.' હવે એમની વાતો મારા કાનને સ્પર્શતી સુદ્ધાં નહોતી. આખો દિવસ અમે સાથે રહ્યા, છતાં હું 'એકલો' જ હતો. બસ ગુમસુમ! ન ભાઇની સાથે કાંઈ વાત કરું, ન તેની વાતોના કંઇ ધ્યાનથી જવાબ દઉં. આખો દિવસ, અને રાત્રે સૂતી વખતે પણ, મારા મનમાં અશોકના શિલાલેખ જ ઘૂમ્યા કરતા હતા, અને જ્યાં જોઉં ત્યાં 'રામટંક' જ નજરે પડતા! પ્રદર્શનમાં તો અસંખ્ય ચીજો હતી, પણ પેટમાં માત્ર પેલી મલાઇ જ ગઈ, અને મગજમાં પેલો શિલાલેખ અને 'રામટંક.'

(ચાલુ)



શરત

એવી, કે જેમાં જીતનાર પણ હારે છે અને હારનાર તો બેવડો . . .

લેખક · **'સારંગ' બારોટ**

વિખ્યાત લેખક સમરસેટ મૉમની વાર્તાઓનો પહેલો સંકલિત સંગ્રહ બહાર પડવાનો છે એવા સમાચાર આવ્યા ત્યારે વાડીભાઈ કહે 'ચોપડી ખરીદવી પડશે.' મેં કહ્યું 'હું તો હમણાં પુસ્તકો પાછળ પૈસા ખર્ચતો નથી.' જિતુભાઈ કહે 'ભઈ, હાલત તો મારી પણ નરમ છે, છતાં ક્યાંકથી ઉછીના લઇને પણ પુસ્તક તો વસાવવું જ પડશે.' અમારી વચ્ચે એવી સમજૂતી હતી કે જે પુસ્તક એક જણ ખરીદે એ બીજાએ ન ખરીદવું. આ નિયમથી અમારી ત્રણેની નાનકડી અંગત લાયબ્રેરીમાં ચુનંદાં પુસ્તકો એકઠાં થઈ શક્યાં હતાં.

જિતુભાઈ સમરસેટ મૉમના આશક છે, એટલે એ તો પુસ્તક બહાર પડવાનું છે એવી ખબર મળી ત્યારથી જ ખરીદવાની વાતો કરતા હતા. વાડીભાઇ એની ટેવ જાણે કે એ દરેક સારું પુસ્તક ખરીદવાની વાત કરે પણ ખરીદે નહિ. અલબત્ત, એનો અર્થ એવો નહિ કે જિતુભાઈ સાહિત્યના રસિક નથી. પણ પૈસાને જિતુભાઈ સાથે કાંઇક એવું હાડવેર, કે જરૂર પડે ત્યારે ખીસામાં હોય જ નહિ. વાડીભાઇને આ વાતની જાણ, એટલે એ હમેશાં કહ્યા કરે કે 'જિતુથી કદી પૈસા છૂટવાના નથી.' જિતુભાઇને આ વગોવણું ગમે નહિ, એટલે જ્યારે જ્યારે પૈસા ખર્ચવાનો કોઈ પ્રસંગ આવે ત્યારે 'આ વખતે તો કાંઈક કરી બતાવું' એવી ધારણાથી ચોક્કસ નિરધાર જાહેર કરે; પણ આર્થિક અડચણના કારણે છેવટે તે પાર પડે નહિ ત્યારે વાડીભાઇ એમને ધમકાવી નાખે. હમણાં હમણાં વળી જિતુભાઇની આર્થિક હાલત વધુ તંગ હતી, એટલે મૉમના પુસ્તકના સાત રૂપિયા એ નહિ ખરચે એની વાડીભાઇને ખાત્રી હતી. એટલે વાડીભાઇએ ગંભીર બનીને કહ્યું: 'જો જિતુ, તું પુસ્તક ખરીદવાનો હો તો જ હા પાડજે. નહિ તો પહેલાંથી ના પાડી દે, એટલે પત્યું.'

'ના ના, મારે ખરીદવું જ છે.'

'તો ચાલ મારી સાથે, અગાઉથી ઑર્ડર નોંધાવી પૈસા ભરી દે.'

'એવી શી જરૂર છે? પ્રગટ થશે ત્યારે લઈ આવીશું. આજે તો મારી પાસે ત્રણ જ રૂપિયા છે.'

'જોયું ને?' વાડીભાઇએ મને કહ્યું, 'હું જાણું જ કે એ કદી ખરીદવાનો નથી. પુસ્તક બજારમાં આવશે ત્યારે પણ આની હાલત આવી જ રહેવાની.'

'તમે યાર દરેક બાબતમાં નકામી ચિંતા કરો નહિ.' જિતુભાઇએ છણકો કર્યો, 'ભેંશ ભાગોળે છાશ છાગોળે ને ઘેર ધમાધમ જેવી વાત છે તમારી. હજી તો પુસ્તક બહાર પણ પડ્યું નથી ત્યાં તમે અગાઉથી પૈસા ભરી ઑર્ડર નોંધાવવાની વાત કરો છો. ગામમાં આવે ને હું ન ખરીદું તો કહેજો.'

'શું કહીએ ન ખરીદે તો?' વાડીભાઇએ કહ્યું, '"કૅટલીના" પ્રગટ થયું ત્યારે પણ આવું જ કરેલું. ખરીદવાનો છું, ખરીદવાનો છું કહી અમને ય ખરીદવા ન દીધું અને પછી કહેવા લાગ્યો કે ચોપડી મોંઘી છે અને વાર્તાતત્ત્વમાં ઝાઝો કસ નથી. 'ઑવ હ્યૂમન બૉન્ડેજ'ની બાબતમાં પણ આવું જ થએલું. રોજ કહેનો કે લેવું છે, પણ ખરીદે નહિ. એકવાર અમે કોટમાં મળી ગયા એટલે હું એને સીધો ઘસડી ગયો ન્યૂ બુક કંપનીમાં. ત્યાં જઇ પુસ્તક ખરીદવાનું દબાણ કર્યું, એટલે વટના માર્યા લઈ તો લીધું. પણ ખીસામાંથી જોઈતા પૈસા નીકળ્યા નહિ, એટલે ખૂટતા મારે આપવા પડ્યા. મેં આપેલા પૈસા ચાર મહિના પછી પણ એણે પાછા આપ્યા નહિ, ત્યારે મેં એણે ખરચેલી રકમ આપીને પુસ્તક એની પાસેથી ખરીદી લીધું.'

જિતુભાઈથી ભૂતકાળની આ વાતો સહી ગઈ નહિ. એમણે કહ્યું, 'વાડીભાઈ, પુસ્તકોની બાબતમાં તમે હમેશાં ઝગડતા રહ્યા છો. આમ સાથે બેસીને પાંચ રૂપિયા ખરચી નાખીએ એનો હિસાબ નહિ, પણ પુસ્તકની વાત આવે ત્યાં એકએ રૂપિયાનો હિસાબ ગણવા બેસી જાઓ છો. તે દિવસે રમણલાલની 'કોકિલા' લઈ ગયો વાંચવા તમારી પાસેથી, અને મારે ત્યાંથી ચંદ્રિકા લઈ ગઈ, અને પછી એ ચોપડી પાછી આવી નહિ એમાં તો તમે પચ્ચીસ વાર મને સંભળાવ્યું, અને જ્યારે હું નવી ખરીદી લાવ્યો ત્યારે તમે લીધી નહિ અને ઉપરથી ઠપકો આપ્યો કે મેં તને નવી લાવવાનું ક્યાં કહ્યું'તું? તમને કોઇ રીતે પહોંચાતું નથી.'

'હાસ્તો, પંદર વાર વાંચેલી 'કોકિલા' તું ફરી ખરીદે એના કરતાં પૈસા ખર્ચવા જ હોય તો પછી કોઇ નવી ચોપડી કેમ ન ખરીદવી? તું ગુસ્સો કરી ખરીદી લાવ્યો એટલે મને માઠું લાગ્યું.'

'નવી ન લાવું તો શું કરું? ચંદ્રિકા પાસેથી એ ચોપડી એની બહેનપણી વાંચવા લઈ ગઈ અને પછી એની પાસેથી કોઇ બીજું લઇ ગયું. ચોપડી કંઇ ધરતી ગળી ગઈ ન હતી; પાછી આવત; પણ તમને ધીરજ ક્યાં રહે છે?'

'આજે એ વાતને બે વર્ષ થયાં. હજી 'કોકિલા' પાછી આવી નથી. તું પરણેલીને નાતરે વળાવે છે એ સામે જ મારો વાંધો છે. મારું પુસ્તક ચંદ્રિકાને તારે આપવું જ શા માટે જોઇએ?'

'એને ના કેવી રીતે પાડું?'

'એને તું કોઇ વાતની ના પાડતો નથી, છતાં હજી એણે તને પરણવાની હા પાડી નથી!' વાડીભાઇએ મજાક કરી. ચંદ્રિકા પોતાને ચાહે છે એવી જિતુભાઈની ખાત્રી છતાં લાંબા વખતથી એની સાથે

લગ્નની ચોખવટ થતી ન હતી એ વાડીભાઈ જાણતા હોવાથી તે જિતુભાઇને એ બાબતમાં ચીડવવાની એક પણ તક જવા ન દેતા.

'ચોપડીની વાત ચાલે છે ત્યાં છોકરીને વચમાં શું કામ લાવો છો ?' જિતુભાઈએ કહ્યું.

'તું, જિતુ, જેમ ધારી ચોપડી નથી ખરીદી શકતો, તેમ ધારી છોકરી પણ નથી મેળવી શકવાનો. તારા ગ્રહ જ એવા છે.'

'તો જોઇએ ગ્રહબળ કેવું છે તે. મૉમનો સંગ્રહ બજારમાં આવે કે તુરત આપણે ખરીદવો.'

'તું નથી ખરીદવાનો એની મને ખાત્રી છે.'

'અને ખરીદું તો ?'

'તો મારે પાંચ રૂપિયાની મિજબાની આપવી.'

'જો જો હોં, ફરી ન જતા.'

'તું તારું સંભાળજે ને ભાઇ. હા, પણ પુસ્તક માટે પૈસા ઉછીના લેવા મારી પાસે ન આવતો.'

'નહિ આવું, નહિ.' જિતુભાઇએ નિશ્ચયાત્મક સાદે ચિડાઇને કહ્યું.

થોડોક સમય વીતી ગયો. પુસ્તક બહાર પડી ગયું. એક દિવસ વાડીભાઈ મને મળ્યા ત્યારે કહેવા લાગ્યા : 'પંદર દિવસથી ચોપડી બજારમાં આવી ગઈ છે, પણ આપણા જિતેન્દ્ર મહાશય હજી સળવળતા નથી. એ નથી ખરીદવાનો એની મને ખાત્રી છે. એની પાસે સાત રૂપિયા કદી એકઠા થવાના જ નહિ.' મને પણ લાગ્યું કે જિતુભાઈ ખરેખર જ પુસ્તક નહિ ખરીદે અને મિજબાની ગુમાવવી પડશે.

પણ મારા અને વાડીભાઈના આશ્ચર્ય વચ્ચે શનિવારની સાંજે જિતુભાઇ પુસ્તક લઇને હાજર થયા. રવિવારે પાર્ટી આપવાનું વાડીભાઇએ કબૂલ્યું અને જિતુભાઇને કહ્યું : 'અલ્યા, વટનો માર્યો માજરાં ખાવા બેઠો ખરો છેવટે; પણ કોનું ખીસ્સું કાપ્યું ?'

'તમારું. કાલે પાંચ રૂપિયા તમારે જ ઢીલા કરવા પડશે.'

'આપણને તો આ રીતે ખિસ્સું કપાયાનો આનંદ છે. કાલે કેટલા વાગ્યે મળીશું ?'

'ચાર વાગ્યે; અહીં જ રાખીએ.' જિતુભાઇએ કહ્યું. મિજબાનીઓ અને મુલાકાતો માટે મિત્રો મારું જ ઘર પસંદ કરતા.

બીજા દિવસે વાડીભાઇ ને જિતુભાઈ સાથે આવ્યા. જિતુભાઇના હાથમાં પુસ્તક શોભતું હતું ને વાડીભાઇના હાથમાં નાસ્તાનાં પડીકાં.

મિજબાની જામી. ભજિયાં, પાતરાં, ભૂસું અને મિઠાઈ આરોગતાં થોડીક વાતો ફરસાણના સ્વાદ વિષે થઈ. વાડીભાઇ મૂળ સૂરતના વતની એટલે સ્વાદપારખુ ખરા. છેક ભૂલેશ્વરમાં આવેલી એક જાણીતી ફરસાણની દુકાનેથી એ ખાસ ચીવટપૂર્વક બધી વસ્તુઓ પસંદ કરીને લાવ્યા હતા. દરેક બાબતમાં ચોક્કસાઇ રાખવી એ વાડીભાઇનો ખાસ ગુણ. પુસ્તક ખરીદતાં પણ ખૂબ ચિકાશ કરે. ખરીદતાં પહેલાં પાનેપાનું તપાસવાની એમને ટેવ. નાસ્તાનાં પડીકાં જાજમ પર મૂકતાં એમણે જિતુભાઇ પાસેથી પુસ્તક લીધું અને જોવા લાગ્યા. છપાઈ, બાંધણી, પેપર વગેરે પર વિશદ પ્રકારે ચર્ચા ચાલી. એક પાનું જરા વળેલું હતું એના પર વાડીભાઇએ ઠીકઠીક લમણાઝીક કરી. જિતુભાઇને પુસ્તક ખરીદતાં ખાસ ધ્યાનમાં રાખવાની બાબતો અંગે એક લાંબું ભાષણ આપ્યું અને શબ્દો સાથે નાસ્તો પણ થવા લાગ્યો.

પાર્ટી પૂરી થઈ એટલે અમે ફરવા નીકળ્યા. નીચે ઊતર્યા ત્યાં ચંદ્રિકાબેન સામાં મળ્યાં. બોલ્યાં: 'અરે જિતુ, ઠીક થયું, હું સમયસર જ આવી પહોંચી. ઘેર ગઇ તો ત્યાંથી જાણવા મળ્યું કે તું અહીં છે. આજે અચાનક અમદાવાદ જવાનું થયું છે. દાદીમા એકાએક બહુ બીમાર થઇ ગયાં છે. મને થયું, જતાં પહેલાં તને મળી લઉં. કદાચ એક બે મહિના ત્યાં રોકાવું પડશે.'

'કોણ કોણ જાઓ છો ?' જિતુભાઇએ પૂછ્યું.

'હું, બા, બાપુજી, બધાં જ.'

'કઇ ટ્રેનમાં ?'

'ગુજરાત મેઇલમાં. આવી શકે તો આવજે ને સ્ટેશન પર. બાબાપુજીને પણ મળી શકાશે.'

'જરૂર આવીશ.'

'ઠીક, તો હું જાઉં.'

'ભલે, સ્ટેશન પર મળીશ.'

'આ શું છે હાથમાં? કયું પુસ્તક છે ?'

'સમરસેટ મૉમનો વાર્તાસંગ્રહ છે.'

'જોઉં' કહેતાં ચંદ્રિકાએ પુસ્તક જિતુભાઈના હાથમાંથી લઇ અમારી સાથે ચાલતાંચાલતાં પાનાં ફેરવવા માંડ્યાં ને થોડી વારે અચાનક પુસ્તક બંધ કરતાં બોલી : 'ઠીક થયું આ મળી ગયું. અમદાવાદમાં ધાર્યા પુસ્તકો મળતાં નથી. આ લઈ જાઉં છું; આવીશ ત્યારે લેતી આવીશ. હું જાઉં ત્યારે'. આટલું કહી જવાબની રાહ જોયા વિના ચંદ્રિકાએ અમારી ધીમી ચાલનો સંગ છોડી પગ ઉપાડ્યા ને અમને ત્રણેયને નમસ્કાર કર્યા. જિતુભાઇ કશું બોલ્યા નહિ. ગંભીર બની ગયા. ચંદ્રિકા જોતજોતાંમાં પુસ્તક સાથે અદૃશ્ય થઇ ગઇ.

થોડાં ડગલાં ચાલી વાડીભાઇ બોલ્યા: 'કેમ જિતુજી, ગંભીર બની ગયા? વિપ્રયોગને તો હજી વાર છે. ગુજરાત મેલ છેક રાત્રે આઠ પછી ઊપડે છે. અત્યારથી આ દશા છે તો બે મહિના કેમ...'

'અરે છોડોને યાર, તમને તો જ્યારે ને ત્યારે મશ્કરી જ સૂઝે છે.' જિતુભાઈએ રોષભર્યા અવાજે કહ્યું. એમના અવાજમાં આવો રોષ મેં કદી સાંભળ્યો ન હતો.

'સામાન્ય બાબતમાં ચિડાઓ છો શું જિતુભાઈ?' મેં કહ્યું.

'સામાન્ય બાબત? અરે બાપુજીનો કોટ દરજીને ત્યાંથી લાવવા માટે મળેલા દસ રૂપિયા ડિપૉઝીટ પેટે આપી હું પુસ્તક ભાડેથી લઈ આવ્યો હતો અને ચંદ્રિકા એ લઇ ચાલી! વાડીભાઈ, દોસ્ત, દસ રૂપિયા ઉછીના આપવા પડશે તમારે; નહિ તો મારી ખેર નહિ રહે.'

વાડીભાઇ ચાલતા અટકી ગયા. હું પણ અટક્યો. જિતુભાઈ પણ અટક્યા. એમની નજર જમીન સાથે જડાએલી હતી. મોં પર શરમ ને ગભરાટની છાયા હતી. એકાદ મિનિટની અવાચકતા પછી વાડીભાઈ હસી પડ્યા. હું ય હસ્યો ને શરમાતાશરમાતા જિતુભાઇ યે હસ્યા.

'સાલા, મફતમાં પાર્ટી પડાવી ગયો!' કહેતાં વાડીભાઈએ ગજવામાં હાથ નાખી પાકીટ કાઢ્યું. ને મિજબાની મેળવવા ભાડેથી આણેલા પુસ્તકની કિંમત પર પાર્ટીના પાંચ રૂપિયાનો ખર્ચ ચડી ગયો એની નોંધ લેતાં કહ્યું: 'કુલ્લે બાર રૂપિયે ચોપડી છેવટે મારા જ ગળામાં ભરાઇ! હું નહોતો કહેતો કે જિતુ કદી સાત રૂપિયા સામટા ખર્ચી શકવાનો નથી? લે આ દસ રૂપિયા. હવે મહેરબાની કરી પુસ્તકની કિંમત ચૂકવતાં ત્રણ રૂપિયા વધે એ મને પાછા આપજે, અને ચંદ્રિકા અમદાવાદથી આવે એટલે પુસ્તક પણ કૃપા કરી મને પહોંચાડજે.'

શાંતિ એટલે જેને માટે બધા દેશો લડે છે તે.

વકીલ એક જ એવી વ્યક્તિ છે કે જેને ખોટું બોલવા માટે પૈસા મળે છે.

પોલીસ મેઘધનુષ્ય જેવો છે : કારણ કે એ બંને તોફાન શમી ગયા પછી દેખા દે છે.

લગ્ન એ એક એવી રોમાંચક વાર્તા છે કે જેમાં નાયક પહેલા જ પ્રકરણમાં મરી જાય છે (પ્રબોધ જોષી)

ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ વિષે માહિતી આપતો વિભાગ



જમણી બાજુ : કોલંબો પ્લાનના પ્રસંગને સ્મરણાંકિત કરવા હમણાં જ સીલોને બહાર પાડેલી નવી ટિકિટ. તેના ફર્સ્ટ-ડે કવરનું ચિત્ર છેલ્લે પાને.

ભૂતિયા ટિકિટો

તમારી પાસે કદી 'સેડાંગ', 'ફૂનાની', 'બાટીક', કે એવાં વિચિત્ર નામવાળા દેશની કોઈ ટિકિટ આવેલી ખરી? કદાચ આવી ચડે. ને તમે કોઇ ગેઝેટિયરમાં એ દેશનું નામ શોધવાની મથામણ કરશો તો યે મળશે નહિ. કારણ? કારણ કે એ 'ભૂતિયા' ટિકિટ હશે. જેનું અસ્તિત્વ જ ન હોય એવી બનાવટી વ્યક્તિઓનાં નામનાં 'ભૂતિયાં' રૅશન કાર્ડ જેમ આ જમાનામાં લોકો કઢાવે છે તેમ આ ભૂતિયા ટિકિટોના નામવાળા દેશની હસ્તી જ નથી હોતી.

ઉપર વર્ણવેલા નામો પૈકી 'સેડાંગ' ફ્રૅંચ હિંદી ચીનના અનામ પ્રાંતમાં આવેલું નાનું રાજ્ય મનાતું; ફૂનાની બ્રાઝીલમાં અને બાટીક વળી ફ્રેન્ચ આફ્રિકામાં આવ્યું કહેવાતું! પણ એ બધી ગપ. તો પછી એ ટિકિટો કાઢેલી કોણે? એ દરેકની પાછળ એકેક નાની કહાણી રહેલી છે. સેડાંગની ટિકિટો 'સેડાંગનો રાજા મેરી પહેલો' નામ ધારણ કરનાર એક ઉઠાઉગીરે છપાવેલી. ભારે દબદબાથી તે હૉંગકૉંગમાં આવેલો. ત્યાંના ગવર્નરે તેનું માનપૂર્વક સ્વાગત કર્યું. ૧૮૮૯માં તે પારીસ ગયો. ત્યાં પણ સમાજમાં અનેક જાહેર માન-પાન પામ્યો. પણ થોડાં અઠવાડિયાં રહી તે અનેક લોકોની મોટીમોટી રકમો ફસાવી અંતર્ધાન થઈ ગયો! એવા રડી ઊઠનારાઓમાં આ ટિકિટો છાપનારી પેઢી પણ હતી. તેણે એ ખોટ ભરપાઈ કરવા એ ટિકિટો વેચવા કાઢી. વસ્તુત: એ ટિકિટો ટપાલના ઉપયોગમાં કદી વપરાઈ જ નથી. પોસ્ટ માર્કવાળી કોઇ એવી ટિકિટ હાથ લાગે તો પણ ન માનજો, કેમકે એ 'પોસ્ટમાર્ક' પણ બનાવટી જ!

ત્રીજું વિશ્વયુદ્ધ અટકાવવાના ઉદ્દેશથી સંરક્ષણ અર્થે રચાએલા ઉત્તર આટલાંટિકના દેશોના મૈત્રીસમૂહની સંસ્થા 'નૉર્થ ઍટલાંટિક ટ્રીટી ઑર્ગેનાઇઝેશન'-NATO-ના ઉદ્દેશોનો પ્રચાર કરવાના આશયથી યુનાઈટેડ સ્ટેટ્સે હમણાં જ ત્રણ સેન્ટની જાંબલી ટિકિટ બહાર પાડી છે, જેના ઉપર ઉત્તર અમેરિકા, અને ભૂમધ્ય સહિત યુરોપના નકશા ઉપર, બે બાજુથી બે હાથ લંબાઇ આવીને મશાલ ઊંચકી રહ્યા છે એવું ચિત્ર છે; અને નીચે 'શાંતિ, શક્તિ, મુક્તિ' (Peace Strength Freedom) એવા શબ્દો છે.



હંગેરીએ ગયા વર્ષે (૧૯૫૧માં) બહાર પાડેલી નવ એર મેઇલ ટિકિટોના આ સમૂહમાં દરેક ટિકિટમાં વિવિધ આલેખનોની પાર્શ્વભૂમિમાં આકાશમાં એરોપ્લેન બતાવેલું છે. મથાળેથી ડાબી બાજુથી (૧) વિજયપિચ્છને અદ્ધર ધરી રહેલી સ્ત્રીના આલેખનવાળું ત્યાંનું રાજ-પ્રતીક; (૨) જહાજમાં માલ ચડાવવા-ઉતારવાનો ઊંટડો-'ક્રેઈન'; (૩) કારખાનાનું દૃશ્ય; (૪) ભૂમિ ખેડતું ટ્રૅક્ટર; (૫) સ્ટીમર; (૬) ખેતરમાં લણણી કરતું યંત્ર; (૭) રેલવે; (૮) મિલો; (૯) હવાઇ જહાજ. આમ એકેએક ચિત્રમાં ગણતંત્રવાળી સ્વતંત્ર પ્રજાની ઔદ્યોગિક પ્રગતિ-આકાંક્ષાનાં સાધનો દર્શાવ્યાં છે. (શ્રી અજિતકુમાર સંઘવીના સંગ્રહમાંથી)

ના બાંધ ગઠરિયાં

ચન્દ્રવદન મહેતાની આપકથા



ચિત્ર : કનુ દેસાઈ

નાટક ચેટકોના રંગરાગનો પહેલો તબક્કો આગણે ગયે વર્ષે જોઈ ગયા. હવે બાબ દૂસરા.

૧૯૨૭માં ગુજરાતમાં રેલ આવી, અને વડોદરા–અમદાવાદ મુંબાઈથી તદ્દન કપાઈ ગયાં. વડોદરામાં કમાટીબાગમાં પીંજરે પૂરેલાં હિંસક પ્રાણીઓ બેબાકળાં બની બહાર ફરવા લાગ્યાં. શહેરમાં હોડીઓ તરી ને થાંભલા પરના તાર સુધી પાણી ચડયાં. એવું બધું સાંભળતાં સોલી બાટલીવાળા ને હું પહેલી ગાડીએ વડોદરે ગયા, પાણીમાં ગરકાવ થએલા ડૉ. સુમન્તના ઘરમાં ઊતર્યા, અને બધું જોઇ ફરી પાછા આવ્યા. દરમ્યાન વલ્લભભાઇએ કમર કસી સરકારને પણ દંગ કરી નાખે એ રીતે રાહતકાર્ય ઉપાડયું.

પ્રિન્સિપલ હૅમિલે કહ્યું કે તમે જઇ આવ્યા છો તે કૉલેજમાં સભા કરી ભાષણ કરો. સભા થઇ, ને મને બોલવા ઊભો કીધો. મેં અંગ્રેજીમાં ચલાવ્યું. એમાં કંઈ છબરડા કીધા હશે, તે પાંચેક મિનિટે હૅમિલ પાછળથી કાનમાં કહે, તમે તમારે ગુજરાતીમાં જ બોલો!

હવે ફાળો, પૈસા, ફંડ—જેને પછીથી મેં પાપ એટલે કે ખોટું માન્યું, તે ધંધો મેં શરૂ કર્યો. રેલસંકટ માટે નાટક. એની પહેલ કંઈ મેં નહોતી કરી, પણ મેં યે ફંડફાળા માટે નાટકો કરવાનો એ ચાળો ચલાવ્યો તો ખરો જ. અને પછી તો એનો એવો અતિરેક થવા માંડયો કે ડગલે ને પગલે એમાં રંગભૂમિનો તો બોરફૂટો જ થવા લાગ્યો.

મનમાં આમ અખો તો ઘૂમતો જ હતો. એના ચાબખા વાંચેલા, 'અખેગીતા' ભણેલા, એવું જીવન-સાહિત્ય મોઢે. બહેન જેવી પ્રિયંવદા ગુજરી ગએલી ને અખામાં બહેન જમનાનો સારો જેવો ફાળો. ઉપેન્દ્ર દેસાઈ કહે કે એની બહેન સરલા જરૂર ઊતરશે. રાસ્પુટીન ક્લબમાંના સોલી–મહેરઅલી મેદાને પડયા. જુવાનિયાઓની પહેલી હોંસ પ્રમાણે એક કલાસમાજ સ્થાપી. ભુલાભાઇ પ્રમુખ ને હંસાબહેન મહેતા ઉપપ્રમુખ. રાત-મધરાતો બેસી અખા પર નાટક લખી નાખ્યું અને પછી ભજવવાની તજવીજ માંડી.

ત્યારે—અને આજે પણ શું—જે નાટકશાળા તો મળે જ નહિ. મકનજીની ચિઠ્ઠી લઈ ધકનજી પાસે ગયા, અને એમ ગ્રાંટરોડનાં થિયેટરો ફથલાવ્યાં. પણ કંઈ મેળ ખાધો નહિ. આખરે સેન્ટ ઝેવીઅર્સ કૉલેજના બીજા માળના હૉલમાં (ત્યારે ત્યાં ટેનીસ કોર્ટ પાસેનું આજનું ઠેબું બંધાએલું નહિ) ભજવવાનું નક્કી કર્યું.

મને યાદ નથી કે પૂરુંપાધરું એક રીહર્સલ પણ અમે ક્યાંકે કર્યું હોય! એમાં ભાગ લેનારામાં ડૉ. યોધ, ગિરધરલાલ કોટક, (સૌરાષ્ટ્રના વ્યાપાર-પ્રધાન) કેશવપ્રસાદ દેસાઈ, જયંતકુમાર ભટ્ટ (કાન્તના પુત્ર), કમળાકાન્ત લોહાણા, સનતકુમાર વીણ, નિર્ભય ઠાકોર, સરલા દેસાઈ, ભગવાનલાલ ગાંધી, જિતુભાઈ મહેતા,...આ પચરંગીઓ ક્યાં એકઠા થાય અને ક્યાં રીહર્સલ કરાય? એકાદ બે જે થયાં તે ય પણ જ્યારે ડૉ. યોધ એમના ઓપેરા હાઉસ પરના કન્સલ્ટિંગ રૂમમાં આવે ત્યારે એમના પુરતું એકાદ ત્યાં કરીએ, પછી એકાદ કોટકની ઑફિસમાં;—એમ ફરતાંફરતાં ટુકડેટુકડે રીહર્સલ કર્યો!

પણ એ 'અખો' ભજવ્યું એમાંથી શીખવાનું બહુ મળ્યું. જાહેરમાં મોટા પાયા પર એ પહેલું નાટક. એમાં થિયેટર નક્કી કરવાની વાતથી, ઘેરઘેર જઇ ટિકિટો વેચવી, રીહર્સલો કરવાં, સંગીત જમાવવું, પ્રમુખ શોધવો, એવી અનેક બાબતો એક જ માથે રહેતાં છેવટ થાક, મરો, કામ, અને બે મહિનાની મહેનતને પરિણામે ધૂળ!

જોકે નાટકમાં લોક ઠીક આવ્યું હતું. મુનશી અને નરસિંહરાવ પણ હતા, એટલે અમે બહુ ખુશ હતા. સોલી–મહેરઅલી બધા ખડે પગે. બધા જ કામ કરવા તૈયાર. તે એટલે સુધી કે સી. એમ. ત્રિવેદી વળી સરદારગૃહમાં રહે, ત્યાં એ જૂનો દોસ્ત સાંજે કે રાતે–કલાકેક પગચંપી અને વાંસાચંપી પણ કરે, એટલી ભેરૂબંધી!

આ નાટકમાં એક અભિનેત્રી નીવડી આવી: સરલા દેસાઇ (મોડેથી પરણી અમારી સાથે જ ભણનારા ગોપાલ બૅનરજીને). કુદરતી અભિનયની જાણકાર અને રંગભૂમિ ઉપર કશા જ ક્ષોભ વિના પાઠ કરનાર એક સારી કારીગર. અંગ્રેજી પણ એને સારું આવડે; સમજીને પાઠ કરે; બહુ બતાવવું ન પડે; અને પાઠને ખાતર પાઠ કરવાની ધગશ, એટલે બીજી કશી લપ્પન છપ્પનમાં કે કાનભંભેરવણીમાં ભરમાયા વિના બરાબર પોતાનું કામ કર્યા કરે.

એ જ અરસામાં વચ્ચે કૉલેજમાં બર્નાર્ડ શૉનું 'સેન્ટ જોન' પણ અજમાવ્યું—એનો ફક્ત પહેલો જ સીન. સોલી, જહાંગીર સુખડિયા, શાંતિલા દેસાઇ (સરલાની મોટી બહેન) અને સેવક પોતે. લંડનમાં ભજવાએલા એ નાટકના ફોટોગ્રાફો મેળવી તે પ્રમાણે પહેરવેશની તૈયારી કરી. એમાં ગૉડડૅમ્સ બોલ આવે, અને નરસિંહરાવ સાહેબ ચિડાય! કહે કે તમે ગાંઠનું જ ઉમેરો છો. આમ તો અમે ઠીક તરજૂમો કર્યો હતો, પણ ગૉડ ડૅમ્સનું તો ગૉડડૅમ્સ જ રાખ્યું હતું. એનું ગુજરાતી બનાવવા એ કહેતા, અને અમે ના પાડતા.

આ નિમિત્તે તરજૂમા–અનુવાદો માટે એકબે વાત અહીં ચર્ચું તો ક્ષમા કરશો. 'સેંટ જોન'નો તરજૂમો જે છે તે જ પ્રમાણે થાય. એમાં હિન્દી યા ગુજરાતી વાઘા પહેરાવાય જ નહિ; કારણ એ ઐતિહાસિક વ્યક્તિ છે. એને ફ્રાન્સની ભૂમિ પર જ રખાય, ત્યાંથી ઉખેડી એને બીજે કદી ન આરોપાય. તમે કહેશો કે આ સાદી વાત કહેવા શું બેઠો? તો કહું છું કે તે દરમ્યાનમાં શ્રી અનંતરાય પટ્ટણીનો 'ટાઈમ્સે' છાપેલો અનુવાદ દૃષ્ટાંત તરીકે અમને બતાવવામાં આવતો હતો. શૉના નાટકની શરૂઆતમાં એક વાકય આવે છે: 'મરઘી ઈંડાં મૂકતી નથી' એમ સ્ટ્યુઅર્ડ—કારભારી કહે છે. અનંત-



'સેન્ટ જોન'માં: ઊભેલા—જહાંગીર સુખડિયા અને સોહરાબ બાટલીવાળા. બેઠેલાં શાંતિલા દેસાઇ અને ચન્દ્રવદન મહેતા

રાયે એનું કર્યું છે 'ગાય દૂધ દેતી નથી', જે સદંતર ખોટું છે. ફ્રાન્સની લશ્કરી છાવણીમાં ગાયને લાવવી એ બેહૂદું છે. વાતાવરણ તો ત્યાંનું જ રાખવું જોઇએ. વચગાળે એમાં નોકરના ભાષામાં ચરોતરી ઉપયોગ કર્યો છે તે પણ ખોટા ફ્રાન્સની ક્લિષ્ટ સર્જન કરવામાં, એવો આડપ્રયોગ સાંભળનાર-વાંચનારના મનમાં કેવળ વિક્ષેપ જ કરે. એ જ રીતે સમર્થ વિદ્વાન સ્વ. બ. ક. ઠાકોરે પણ કાટચેવના 'સ્ક્વેરિંગ ધ સર્કલ'ના અનુવાદ 'સોવિયેટ નવજુવાની'માં પણ ઠોકર ખાધી છે. કાટચેવનો મુદ્દો અને એનું ચોકઠું ઉઠાવી લ્યો, અહીંનાં રંગરોગાન મારો, તે બરાબર છે. પણ 'સોવિયેટ નવજુવાની' નામ આપી, એની નાયિકાને અર્ધદગ્ધ ગયણલ્લા બનાવી, 'કટલેસ'ની 'કચોરી' કરવી અને નોકરો પાસે લાલિયા-ચરોતરિયા જબાન બોલાવવી એમાં પ્રેક્ષક-વાચકના મનને ઘડીકમાં કરમસદ અને ઘડીમાં મૉસ્કો એમ કુદાવવાથી કેવળ રસક્ષતિ જ થાય છે. કોઇ શિવાજી-પ્રતાપનાં નાટકોને અંગ્રેજી વાઘા પહેરાવે તો? શિવાજીને શિવાજી રાખી એના નોકર પાસે વેલ્સની યા નૉર્મન્ડીની ગામડિયા ભાષા બોલાવે તો? સેન્ટ જોન, એટલે સેન્ટ જોન. એનું 'સંત જોઅન' કરવું એ અનુચિત છે. વીર પ્રતાપનું મોંસીઅ કપ્તાન દ પ્રતાપ એવું કે ફ્રેન્ચ બનાવો તો? ઐતિહાસિક વ્યક્તિઓ સાથે એવી છૂટો લેવાય જ નહિ, ફક્ત ભાષા જ બદલાય, અને તે એકધારી જ રખાય. પેટ્રન પ્લે, પ્રૉબ્લેમ પ્લે, એવા મુદ્દાઓ આપણે ત્યાં હોય તો તો તેની આખી કાયાપલટ કરી શકાય. બે વર અને બે વહુઓની અદલાબદલી અહીં આપણે ત્યાં પણ નથી થતી? લગ્નવિચ્છેદ પણ હવે તો ચાલુ થયા છે. નહિ તો વિવાહ-વિચ્છેદ રાખવો. આ એક જબરું ભયસ્થાન છે અને તેની ખૂબ કાળજી રાખવાની જરૂર છે.

'પ્રેમનું મોતી'નો જ દાખલો લ્યોની. ટ્રેવેલિયને મૂળ નાટક લખ્યું 'ધ પર્લ ટ્રી.' એમાં ભૂમિકા રાખી ગોપાલ કી, વૃન્દાવન અને જમુનાતટ. એમાં બટર—માખણને બદલે ચીઝ કર્યું હોત તો? અને નદી જમનાને બદલે હાઇન કરી હોત તો! સેન્ટ જોન ગમે તે ભાષામાં બોલે, અંગ્રેજીમાં કે ગુજરાતીમાં, મૂળ તો બોલી હશે ફ્રેન્ચમાં જ ને? દુષ્યંતે અસલ પ્રેમ દાખવ્યો સંસ્કૃતમાં અને તે ઑક્સફર્ડમાં ભજવાતાં બોલ્યો અંગ્રેજીમાં, પણ જગ્યા તો કણ્વાશ્રમ, માલિની તીરે, ટેમ્સ-કિનારે નહિ. 'કટલેસ' તે 'કચોરી' નહિ જ; શેલ્ફ તે શીકું નહિ જ; નૉર્મન્ડી તે ચરોતર નહિ જ.

સેન્ટ જોન પણ એક અખતરો હતો એમાં સરલાની મોટી બહેન શાંતિલાએ સરસ કામ કર્યું. પણ એ બે બહેનો આમ નાટકમાં ભાગ લેવા ઊતરી એથી ખારસી ભંડાઈ-નિંદાઈ, જોકે પછી તો 'પ્રેમનું મોતી'માં એ ઉપરાંત બીજી બેચાર પણ ઊતરી. એમાં જસોદાના પાઠમાં પન્ના મહેતાએ હદ કરી. ગાવતરનો પાઠ એને સારો અનુકૂળ આવી ગયો હતો. એ બેત્રણ વાર ભજવ્યું. ઉપરાંત 'ઈન્દ્રને અપીલ' અને 'પ્રલયકાળ' પણ ભજવ્યાં. એમાં કપિલા ખાંડવાળાનો વધારો થયો. માંડમાંડ પાંચેક છોકરીઓએ એમ હિમ્મતપૂર્વક નાટકમાં ભાગ લેવા માંડયો, એટલે આપણે પણ હિમ્મતથી બૂમ પાડવા માંડી કે સ્ત્રીઓનો પાઠ તો સ્ત્રીઓ જ ભજવે. ને પછી એકાદ દાયકામાં તો રાફડો ફાટયો. કાળના વહેણને કોણ અટકાવી શકયું છે જે?

'મૂગી સ્ત્રી' આપણે આગળ જોઇ ગયા છીએ. એ વિષે એક બે રસિક વાત અહીં કરી દઉં—અજબનું એ બીબું છે. ઠઠ્ઠો, કટાક્ષ, ગમ્મત, અતિશયોક્તિ, મસ્તી, તોફાન,—કોઇને લઇ બેસવા માટે એ ફારસ ઉત્તમ સાધન છે. ફરીથી કહું છું કે દુનિયાનાં ફારસોમાં એને હું સર્વશ્રેષ્ઠ માનું છું, પ્રહસન તરીકે નહિ, પણ ફારસ તરીકે ફેર લખવામાં આવે, યા તો ફારસના બીબામાં ઘટાવવામાં આવે તો દસમી સદીના સંસ્કૃત નાટક 'ભગવદજ્જુકીયમ્'ને હું બીજું સ્થાન આપું. યાદ રાખજો, 'કૉમેડી' તરીકે નહિ, 'ફારસ' તરીકે. મોલીએર, ગૉગૉલ, ચેકૉવ, ગડકરી વગેરેની કૃતિઓને હું જરા પણ ઉતારી પાડતો નથી. 'ધ બેર', 'ધ ઇન્સ્પેક્ટર', મૉક ડૉક્ટર' અને બીજાં યે કેટલાંક જે મારી જાણમાં નહિ હોય એ ફારસો હશે, પણ 'મૂગી સ્ત્રી'નું વસ્તુ સદાકાળને માટે, કોઈ પણ પ્રદેશને માટે ચિરંજીવી છે. એનો ગળ દેશકાળ-અબાધિત ઓછામાં ઓછાં ડંખદંશ વિનાનો મીઠો છે એ એની મહત્તા છે. કોઈ અમુક વર્ગને નહિ, પણ સમસ્ત નારીવર્ગને એમાં ચોટ છે; પુરુષ-વર્ગને પણ એમાં ઠીક ફટકો છે. કલાક-દોઢ કલાકના આ ફારસમાં માતબર હસવાનું અને પૂરતું શીખવાનું મળી રહે એમ છે. ઉપરાંત બીબું એટલું સગવડભર્યું છે કે મૂળ ખોખાને સાચવી રાખી એમાં શહેરસંજોગ અનુસાર ધારો એટલો સંભાર-મસાલો બદલી શકો, ભરી-ભભરાવી શકો.

ત્યારે કનુ દેસાઇ ચિત્રકાર ઉપરાંત શરૂઆતમાં નૃત્યકાર પણ હતા. હું યે ત્યારે તો નાચ્યો હતો એમ કહું તો નહિ માનો! મુંબાઇમાં જિન્ના હૉલમાં, અને પછી સુરતમાં કનુના નૃત્યપ્રયોગો યોજ્યા ત્યારે સુરતમાં. એની સાથે 'મૂગી સ્ત્રી' પણ રાખ્યું હતું. ત્યારે પોલીસે પ્રથમ તો નાટક કરવાની રજા જ ન આપી! પછી એમાંથી થોડુંક કાઢી નાખવા સૂચવ્યું, અને મેળ ખાધો. નાટકમાંના જજ ખાનબહાદુર ખરશેદજી ખરખરિયા પોતાના જૂના વકીલ દોસ્ત સાથે મસલતમાં થોડી આગમચ રકમ વિષે ઇશારો કરે છે. સત્તાવાળા કહે કે જજ રુશ્વત લે એવું તો બતાવાય જ નહિ. અમે કહ્યું કે દી. બ. કૃષ્ણલાલ ઝવેરી જજ હતા ત્યારે એમના જ પ્રમુખપદ નીચે આ નાટક મુંબાઈમાં ભજવ્યું હતું. પણ આની કશી અસર થઇ નહિ. અમે કહ્યું કે આ તો મૂળ અરબસ્તાનનો કાજી, પછી રાબેલ્યાના હાથમાં સમરાયો, આંતોઇને એને ફ્રેંચ ગામડામાં જજ બનાવ્યો, તેનો અમે ખરશેદજી બનાવ્યો છે. પણ નહિ તે નહિ! આટલી કલમો કાપો જ. તે કાપી. પછી સનત વીણુ ને હું જે વિફર્યાં, તે એ કાતર ચલાવનારા કૉપી લઇને પહેલી હારમાં આવીને બેઠેલા તેને જોતાં

જ અમે દોંગાઇ શરૂ કરી. કાપવાનો ભાગ આવ્યો એટલે અમે અટકયા. અમે કહ્યું કે હવે વાતચિત બંધ; બોલવાનું નથી; નહિ બોલાય એવું છે. એમ કહી પૈસાની વાતચિત હતી એનાથી વધારે સચોટતાથી અભિનયમાં જ મૂગા મૂગા ઇશારતોથી કરી ગયા! પછી એ જ નાટક ત્યાર પછી થોડાં વરસ રહી વડોદરામાં કર્યો ત્યારે ત્યાં પતરાંના થીએટર પર નાટક શરૂ થતાં જ ધોધમાર વરસાદ શરૂ થયો, ને તડાતડ થવા માંડ્યું! તે પછી, ભાઈ જે થઇ છે, તે બાકીનો નાટક આખો પેન્ટોમાઈમમાં જ કરવો પડ્યો! જે કંઈ બોલો તે કશું સંભળાય જ નહિને! પણ અમે અભિનયની માત્રા વધારતા ચાલ્યા, અને કહેવાનું બધુ જ કરી બતાવ્યું! ભારે ગમ્મત પડી.

સુરતમાં એવો વિરોધ પડેલો કે નાટકમાં અતિશયોક્તિ ઘણી છે. છાપાગાં પણ એ વિષે ખૂબ ચાલ્યું. હોય. જેવી જેની સમજ. હું માનતો હતો કે સુરતીઓની મોટા ભાગની લિજ્જતનો સાર કાઢો તો અતિશયોક્તિ જ છે. જ્યોતીન્દ્ર દવે અને ધનસુખલાલ મહેતાએ અતિશયોક્તિનો આશરો નથી લીધો? રમણભાઇ નીલકંઠે અને નવલરામે શું કર્યું છે? ભદ્રંભદ્રમાં કે નવાબમાં અતિશયોક્તિ નથી?

પણ આ તો ફારસ જ છે, એમાં જજને મોટી લેખણ પકડાવી એ ગુનો! સૂર્યકુમારી (સૂરજની દીકરી–તપતી) નાટકમાં જાણીતો રમૂજનો નટ શિવલાલ મહા વૈજ્ઞાનિક થઇને જગદીશ બોઝ જેવો સ્વાંગ કરીને આવતો, એમાં પેટ પર ટેલીસકોપ બાંધેલું તે વિંગ સુધી પહોંચે એટલું ઊંચું, ને એમાં જ નજર રાખી પ્રવેશ કરતો! વલ્લભ, જટાશંકર, રોગિયો, મૂળચંદ મામા, વાતેવાતે અને સાધન-સામગ્રી તથા પહેરવેશે અતિશયોક્તિ નથી કરતા? ચાર્લીનું શું? ફૂલ્સહેડનું શું? લૉરેલ-હાર્ડીનું શું? સંસ્કૃત વિદૂષકોનું શું? મૂળમાં આંતોલે ને ઍશલી ડયૂકે પણ જીભ પર વાઢકાપ કરવા આવનાર ડાકટરને તો કોદાળી કરવતોનો ભારો લઇને આવતો જ બતાવ્યો છે. કહો, એનું શું?

નાટકમાં અતિશયોક્તિ અને અસંબદ્ધ તાણાવાણાની ભરમાર બરકત જોવી હોય તો તે એ વખતે–ને પછી પણ કદીક કદીક–થતા ડૉ. જહાંગીર વાડિયાના 'પારસી હરિશ્ચન્દ્ર'ના નાટકને જોવો. અરે, એક વાક્ય પછી બીજું વાક્ય કોના અને કયા સંબંધમાં આવશે એ જો કોઇ માઇનો પૂત કહી આપે તો લાખ ટકા હારી જાઉં. કલ્પના-માં ન આવે એવો ભાંડો અડાવે! એનાં મેં ઘણાં નાટકો જોયાં. પછી તો એની સાથે દોસ્તી પાડી. ભારેનો શરમાળ માણસ, પણ તખ્તા પર ઊતર્યો કે જીભ બે-લગામ! એનો એકાદ નાનો નમૂનો જોઇએ:

બુઝર્ગ પિદરનું ખૂન થયું છે, અને ત્યાં નાયિકા ને એનો પ્રેમી હાજર થાય છે:

નાયિકા: અરેરે, સીધી જ છાતીમાં છરી ભોંકી.

પ્રેમી: અગાઉથી નોટીસ બી નહિ આપી! હોય. ચાલ ત્યારે, એક કોટિ.

નાયિકા: મારા પિદર જેવા પિદર ગુજર્યા અને તને કીસી કોટિ કરવાનું સૂઝે છે? જરા ઊભો રહે, હજી તો હું રડી પણ નથી. નહિ તો જવા દે, હું જરા બે મિનિટ બેસુધ થઈ જાઉં.

પ્રેમી: ખરેખર? સુ બેસુધ થવાની બી પ્રૅકટીસ પાડીચ? પન ત્યારે મારે આ બે મિનિટ સું માખ મારવાની?...લે ચાલ, બેહરતીના ગજવામાં કંઈ વીલ કે કુંચી હોય તો લઇ લઉં. આ તો બેસુધ જ છે. ઓ, ઓ! આટલા કિંમતી દસ્તાવેજો! ઓજાબ!

નાયિકા: હાઆશ, હવે મારું કોન્સ્યંસ કલીયર થયું. હં. પેલા દસ્તાવેજો મને પાછા આપી દેઓ તો.

પ્રેમી: અરે, પન તું તો બેસુધ હતી ને?

નાયિકા: પણ વિદ્વાનો કહેચ કે સબ કોન્સ્યંસ તો બધું જાનેચ. આ દસ્તાવેજો તો ખોટા છે, ખરા તો ખૂની લઈ ગયો હસે...

અને એમ ચાલ્યા જ કરે.

આગળ આપણે ઘણી યુરોપી મંડળીઓ જોઈ ગયા. એવી આ પંજામાં પણ આવી. એમાં મેસેડોનિયન પ્લેઅર્સની એક ટોળી આવી એણે ઓપેરા હાઉસમાં પાંચસાત ઘણાં સુંદર નાટકો કીધાં. એમાં ખાસ તો 'પિગમૅલિયૅાન' અને 'મૅન અને સુપરમૅન'. શૉને આવી રીતે ભજવાતો જોવાનો લહાવો અહીં જ મળી જશે એવો તો સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. બન્દા તો ગયા એ મંડળી પાસે ને કહ્યું કે સેન્ટ જોન કરોને. પણ એમણે કહ્યું અમારી તૈયારી નથી. એ પણ ખરું. એ કંઈ આપણી માફક બે મિનિટના વિચારે નાટક કરવા ઊતરી પડે?

મૅન સુપરમૅનની ભજવણી તદ્દન સરળ અને સચોટ હતી. બર્નાર્ડ શૉને હિંદમાં રજૂ કરવો એ જરા મુશ્કેલ તો ખરું જ. પણ નટો અવાજ-ની સફાઈથી જીતી ગયા. એ સંવાદ-શૈલી કોઇ અનેરી હતી. ખૂબ શીખવા જેવી ને આપણે અહીં અજમાવવા જેવી હતી એનો ઉપયોગ 'આગગાડી'માં ભૈયાનો પાઠ ભજવવામાં મેં કંઈક કર્યો હતો, અને મને એમાં ખૂબ આસાની લાગી હતી. એમાં ખૂબી એટલી કે અભિ-નય ગૌણ, વાક્ચાતુરી વિશેષ, ને સાહસંયમ એ મુખ્ય કળા.

આ ઉપરાંત એક બાર્નયાર્ડ કંપની પણ ઓપેરા હાઉસને શોભા આપી ગઇ. દસબાર વાર જોએલી 'નો, નો, નૅનેટ'ની સંગીત કૉમેડી તો હજી સ્મરણમાં તાજી જ હતી. 'આઈ વૉન્ટ ટુ બી હૅપી, બટ આઈ વોન્ટ બી હૅપી. ટિલ આઈ મેઈક યૂ હૅપી ટૂ', એ તેજીલું, સૂરીલું, રસીલું, મદીલું ગીત કેમ ભુલાય? આ ટોળીએ ઓછાં નાટકો કર્યા, પણ એ એક જ નાટકથી એણે મુંબાઈમાં મોહિની ફેલાવી. આખા હાઉસની ટિકિટ સાફ થઈ ગઈ હતી,–એ જમાનામાં, જ્યારે મુંબાઈ-માં લોકો ઓછા, પૈસો ઓછો, ત્યારે. પાછો સી. એમ.ને પકડ્યાં અને કહ્યુ 'કંઈ પણ કરી આ નાટક તો જોવું જોઈએ.' એ નીકળ્યો ટૅકસી લઇને, ને સાંજ સોરો બે ત્રણ દિવસનાં બુકિંગ્સ લેતો આવ્યો.

નાટક 'રોઝમેરી': સંગીતપ્રધાન એ મતવાલાં ગીતોએ મુંબાઇ-ને સર કીધું. એમાં 'ઓ સ્વીટ રોઝમેરી,' અને હુહુહુહુ કરી શરૂ થતું એક 'ઈન્ડિયન લવ કૉલ' અને ત્રીજો એક અતિ સુન્દર ડાન્સ. પણ એમાં જે નાયક થતો—ઍલેક, એ જે ગાતો, તે કોઈ અદ્ભુત અવાજની કીમિયાગીરીથી, દિલજીત કૌશલ્યથી, હૃદયના તંતુ તણ-તણાવી દે એવી શક્તિથી. ભલભલો બૂંસો પણ પળભર તો એને સાંભળી પ્રેમની ખુમારી અનુભવવી શરૂ કરી દે.

સી. એમ. અને હું તો મંત્રમુગ્ધ જ બની જતા. અમેરિકાનો ડુંગરાળ પ્રદેશ અને એમાં એક ડુંગરની ખીણમાંથી ઊડતું 'ઈન્ડિયન લવ-કૉલ'નું પ્રખ્યાત ગીત જ્યારે ગવાતું ત્યારે શીખવા જેવું તો એ પ્રસંગે પ્રકાશયોજના પથરાતી તે હતું. આપણે ત્યાં એવાં સાધનો નથી એમ નથી, એવું કરી શકે એવા કારીગરો નથી એમ પણ નથી, પણ એટલા કેળવાએલા આપણા શૉખ જ નથી. ઝગઝગાટથી ટેવા-એલા આપણે એવા મુલાયમ પ્રકાશ-પલટા ક્યારે કરી શકીશું?

આ બધામાં એક નાનકડી વીજરેખા ચમકી ગઈ તે પણ નોંધી લઇએ. ૧૯૨૯માં પાવલોવા એશિયા ખંડ ઘૂમીને પાછી ફરતાં આવી, ને વળી કંઇ ઓર નવીન મનોરમ સૃષ્ટિ સરજી ગઇ. હવે વળી થોડીઘણી સમજ પણ આવી હતી, એટલે એનો એક પણ ક્રમ ચૂક્યા નહિ.

પણ ફરીથી અહીં એ મયૂરિકા આના પરીનાં મોરપીછ ચીત-રવા મથામણ કરવી એનો શો અર્થ છે? વર્ષો વીતતાં તેમ એ જાણે

વાર્ધક્યને બદલે નવયૌવન પ્રાપ્ત કરતી હતી! જેના મુલાયમ અંગમરોડમાંથી સૌષ્ઠવભરી કલા જ નીતરતી રહે એવી એ અદ્વિતીય કલા-દીપિકા પારસમણિની જેમ જે જે વસ્તુને સ્પર્શે તેને કંચનમય બનાવતી જ રહે એમાં શી નવાઈ? ગમે તે દેશની પરીકથા હયો, (પણ વળી પરીકથાને દેશદેશાન્તર શા?) એ દૈવી શક્તિવાળી નર્તિકા દેશપરદેશની હદસરહદો ઓળંગી કલાના એવા એકદેશીય દિવ્ય સ્વર્ગીય વાતાવરણમાં લઇ જતી હતી કે આ મરુભોમની ઐહિક આધિ વ્યાધિ ને ઉપાધિથી તેટલા સમય માટે આપણે પર જ થઈ જઇએ. આપને કદાચ આ શબ્દરમત યા શબ્દખીચડો લાગશે. ના, હું એ પ્રતિભાસંપન્ન કલાનારીની શક્તિઓનું વર્ણન કરી શકું એમ જ નથી. મેં તો માત્ર બેચાર ફકરા જ લખ્યા છે. પણ એની જીવનકલા અને નૃત્યકલા ઉપર તો ધુરંધર કલાવિવેચકોએ ખાસ પુસ્તકોનાં પુસ્તકો લખ્યાં છે, તે જુઓને. એ નાચે ત્યારનું એ અશરીરિણીનું વર્ણન હું તે કઈ વાણીમાં કરી શકવાનો હતો જે?

એને ખૂબ જોઇ, મિત્રમંડળ સાથે ફરીફરીને જોઇ. નમસ્કાર છે તને આના પાવલોવા! પ્રણામ છે. એની આજે હજી એવી જ અસર છે, અને જેમ અમૃતરસ ચાખ્યા પછી સૌ રસ મોળા લાગે, એમ આજે તો મોટા ભાગનાં નાચકુદ એટલાં નમાલાં લાગે છે કે એણે સ્મરણમાં દૃઢીભૂત કરેલાં સુંદર દૃશ્યોને જ ફરીફરી મનોસૃષ્ટિમાં નિહાળી નિહાળી આનંદ મેળવ્યા કરીએ છીએ. ૧૯૨૯માં આવીને એ ગઈ અને પછી તો, એક સાલ પછી, એક દિવસ ગીરગામ રસ્તા પર સાંજે હું જરા બહાર નીકળ્યો, એક આનાનું છાપું લીધું ને બહારના પાના પર જ એનો જગમશહૂર અદા કરતો ફોટોગ્રાફ દેખતાં પેટમાં ફાળ પડી! એની પેલી ખભે અડાડેલી પાંખો વડે એણે આ દુનિયાની વિદાય લઇ લીધી હતી!

પણ આ તો વચ્ચે આનાપરીની આડકથા આવી ગઈ. જે મુગ્ધા કલાકારને નાનકડી અંજલિ આપવાની છે એ ચમકેલી વીજરેખા તે મુરા શિપોફ. એક્સેલસીઅર થીએટરમાં કંઈક કચરાપટ્ટી ફિલ્મ હતી. ૧૪મી ફેબ્રુઆરી ૧૯૨૭ની સાંજ હતી. છાપામાં વાંચીને સોલી બાટલીવાળા, ચન્દ્રકાન્ત ત્રિવેદી અને હું, ત્રણ એ નવી અને નાની કુમારિકાને જોવા ઊપડી ગયા હતા. એ હતી તો રશિયન બાલિકા, સત્તર-અઢાર વર્ષની ઊગતી કિશોરી બાલેરિના, નામે મુરા શિપોફ. મુરા એકલીઅટૂલી હતી; સાથે કોઈ ટોળી નહોતી; પણ ચાલુ ફિલ્મની વચ્ચે ઇન્ટરવલમાં બેત્રણ નૃત્યો કરતી. પાવલોવા તે પાવલોવા જ. અહીં સરખામણી નથી કરતો. પણ મુરાએ જે કલા દાખવી તે પણ એની ઉમરના પ્રમાણમાં, એના સંજોગો જોતાં અદ્ભુત હતી. એણે યે સ્વૉનડાન્સ કર્યો. બીજાં પણ બેત્રણ નૃત્યો કીધાં. પ્રેક્ષકોમાં હતા આશરે વીસ ત્રીસ જણા, બસ. પણ અમે દંગ થઇ ગયા હતા. એને માટે 'ટાઈમ્સ'માં કોઇએ અનાયાસ લેખ લખ્યો હતો. એમાં એને ભારોભારની અંજલિ આપી હતી, અને જગમશહૂર થઇ શકે એવી શક્તિશાળી તથા પ્રતિભાસંપન્ન એ ટિચુકડીને જોવા લોકો નથી જતા એ માટે ખેદ પણ પ્રગટ કર્યો હતો. એકાદ અઠવાડિયા પછી મુરા અલોપ થઇ ગઇ—અલોપ જ થઇ ગઈ. બેત્રણ મહિના પછી ફક્ત ટાઇમ્સે ટૂંકમાં પણ સચોટ, દિલ ચીરે એવી એની અવસાનનોંધ લખી હતી! સિંગાપોર કે એ બાજુ અહીંથી ગઇ, અને ત્યાં જ કંઇ ઝેરી તાવ લાગતાં એ ગુજરી ગઇ! ખરેખર, આવી કાયાઓ પર ઝેર કેમ અસર કરી શકતાં હશે? મેં ચન્દ્રકાન્ત ને સોલીને એ વાત કરી, ત્યારે એમની ગમગીનીનો પણ કંઈ પાર નહોતો. (ચાલુ)



માત્ર એક પગનાં આંગળાં પર બાકીના દેહની કમાન વાળીને તેને ટકવતી પાવલોવાનો વિખ્યાત ત્રિબિંદુ દેહવિન્યાસ


છેલ્લાં થોડાં વર્ષો થયાં નવી શોધાએલી એક અજબ અને અન્ય સર્વથી અનોખી કાયાની કરામત

શરીરની બધી ક્રિયાઓને એકરાગે ચલાવનાર અને જીવનની સમતુલા જાળવનાર અદ્ભુત રસો ઝરતી

અંતઃસ્ત્રાવી ગ્રંથીઓ

કાયાની કરામત: હપતો અઢારમો

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



આ ત્યાર સુધીમાં આપણે જોયું કે આપણું શરીર એક ને અખંડ અંગ નથી, પણ તે વિવિધ અવયવોનું બનેલું છે. આ બધાંને એક સૂત્રે પરોવી અખંડ અને એકત્રિત બનાવનાર નાડીતંત્ર છે. બીજી આવી વ્યવસ્થા તે રૂંવે રૂંવે ફરતા લોહીની છે. લોહી કોષો માટે પોષણદ્રવ્યો ઉપરાંત જીવનક્રિયાનાં નિયામક અને સંઘાતક એવાં રાસાયણિક દ્રવ્યોને પણ શરીરમાં સર્વત્ર ફેરવે છે. લોહીમાં ફરતાં આ દ્રવ્યો અમુક અમુક અવયવો માટે જ નક્કી કરેલાં હોઇ તે તે અવયવોમાં તે પહોંચ્યા બાદ જ પોતાની અસરો પેદા કરે છે; બીજા કોઇ અવયવ કે કોષ-સમૂહોમાં નહિ. વિધવિધ પ્રકારના માલ-સામાન વહી જતી માલગાડી જે જે સ્ટેશનોએ માલ ઉતારવાનો હોય ત્યાં થોભી તે ખાલી કરે છે, એના જેવી આ ઘટના છે.

આ રાસાયણિક દ્રવ્યો છે અંતઃસ્ત્રાવી ગ્રંથીઓના રસો. તે હૉર્મોન્સ (Hormones)ના નામે ખૂબ જાણીતા છે. આ રસો જીવનક્રિયાની સમતુલા જાળવે છે. એમની અસર તળે જીવનક્રિયાઓ એક રાગે અને એક તાલે ચાલે છે. નીચી કક્ષાનાં પ્રાણીઓમાં નાડીતંત્ર નથી હોતું, પણ એમનામાં આ અંતસ્ત્રાવી ગ્રંથીઓના રસો જ જીવનની બધી ક્રિયાઓનું નિયંત્રણ કરતા હોય છે.

અંતઃસ્ત્રાવી ગ્રંથીઓના રસોની વધઘટ અવયવોની ક્રિયાઓને કાં તો મંદ પાડનાર કે વેગ આપનાર છે. આ દૃષ્ટિએ ખોરાકમાં જેવી વિટામિનોની વિશિષ્ટતા છે, એવી શરીર વિષે હૉર્મોનોની છે. હૉર્મોનોની અસર તળે માણસનું વ્યક્તિત્વ, ઘાટ (દેહનાં જાડ્ય, અતિ જાડાઇ કે કૃશતા ને અતિ ઊંચાઈ કે વામનજીપણું), તેનું વર્તન, ને આડકતરી રીતે તેનો સ્વભાવ પણ નિર્માણ થાય છે. વળી માનસિક વિકાસ (બુદ્ધિ, ચાતુર્ય, વિવેકશક્તિ, ડહાપણ આદિ), હૃદયના ભાવો (પ્રેમળતા, કઠોરતા વગેરે) ને શરીરની ચપળતા કે શિથિલતા પણ એમના ઉપર અવલંબે છે. ટૂંકામાં, અંતઃસ્ત્રાવી ગ્રંથીઓ વ્યક્તિના શારીરિક ને માનસિક સર્વદેશીય વિકાસ અને શક્તિઓની પુરસ્કર્તા કે અવરોધક છે. એને સમૃદ્ધિ કે કંગાલિયત બક્ષનાર છે.

અગાઉ આપણે જોઈ ગયા કે અન્નમાર્ગની ગ્રંથીઓના સ્ત્રાવો નલિકા દ્વારા અવયવોમાં જાય છે. પણ અંતઃસ્ત્રાવી ગ્રંથીઓની ખૂબી એ છે કે એમના સ્ત્રાવોને વહી જવા નલિકાઓ નથી હોતી. (આથી તો એમને નલિકાવિહીન ગ્રંથીઓ "ડક્ટલેસ ગ્લૅન્ડ્ઝ" કહેવામાં આવે છે) પણ તે સીધા લોહીમાં જ ભળે છે અને ત્યાંથી દેહના બધા ભાગોમાં વહેંચાતા ફરે છે. એમનું પ્રમાણ ખૂબ થોડું હોય છે. આથી એ ગ્રંથીઓનાં કદ પણ નાનકડાં જ હોય છે. કોઈક ગ્રંથીઓના સ્ત્રાવો વળી બીજી ગ્રંથીઓ ઉપર અસર ઉપજાવી સ્ત્રાવો પેદા કરે છે, જે વળી બીજી જ ગ્રંથીઓ સ્ત્રવવા માટે ઉત્તેજક નીવડતા હોય છે.

આજ સુધી શરીરની આઠ અંતઃસ્ત્રાવી ગ્રંથીઓની કામગીરી અને અસરો સારી રીતે સમજી શકાઈ છે. તેનાં નામ આ પ્રમાણે છે: (૧) પીનિયલ (૨) પિચ્યુટરી (પોષકગ્રંથી) (૩) થાઇરૉઈડ (કંઠગ્રંથી) (૪) પૅરાથાઇરૉઈડ (૫) થાઇમસ (૬) એડ્રેનલ્સ (અધિવૃક્કગ્રંથી) (૭) સ્વાદુપિંડ (૮) જનનગ્રંથી (સ્ત્રીઓમાં અંડગ્રંથી ને પુરુષોમાં શુક્રગ્રંથી). આ ઉપરાંત યકૃત, ગ્રહણી, બરોળ, હૃદય અને મૂત્રપિંડોને પણ અંતઃસ્ત્રાવી રસો હોવાનું માનવામાં આવે છે, પણ આ સંબંધી ચોક્કસ જાણવામાં હજી નથી આવ્યું.

પીનિયલ ગ્રંથી

મગજના તળ ભાગમાં, યોગશાસ્ત્રમાં જેને બ્રહ્મરન્ધ્ર કહે છે તેના નિકટના પ્રદેશમાં, આ નાની માંસમય ગ્રંથી આવેલી છે. વિજ્ઞાનીઓ એને ત્રીજા નેત્રના અવશેષરૂપ માને છે. આનો સ્ત્રાવ શરીરની વૃદ્ધિ સાથે સંકળાએલો માનવામાં આવે છે. જ્યારે આ ગ્રંથીમાં ગુંડ (tumour) થઇ આવે છે ત્યારે બાળકમાં માનસિક અને જાતિનેય અકાળ અતિ પ્રૌઢત્વનાં લક્ષણો (દાઢીમૂછનો ભરાવો ને ગુહ્યેન્દ્રિયોનો વિકાસ) જોવામાં આવે છે. આથી એમ અનુમાન કરવામાં આવે છે કે આનો સ્ત્રાવ જાતિનેય વિકાસ માટે એક—અંકુશ સમાન છે.

પિચ્યુટરી (પોષક) ગ્રંથી

બધી અંતઃસ્ત્રાવી ગ્રંથીઓની શિરોમણિ આ ગ્રંથી માનવદેહને

ઘણી રીતે અસરકારક એવા દસબાર જાતના સ્રાવો સ્રવે છે. વળી તે ઍડ્રીનલ્સ, થાઇરૉઇડ અને પ્રજનનગ્રંથીઓની ક્રિયાશીલતા ઉપર કાબૂ અને સહનિયમન (કો-ઑર્ડીનેશન) પણ ધરાવે છે. એનું સ્થાન મગજના તળમાં, પીનિયલ ગ્રંથીની નજદીકમાં છે. વટાણા જેટલું જ એનું કદ છે. એની વચમાં ફાંટો હોવાથી તેના બે પિંડ બને છે: આગલો (ઍન્ટીરિયર) અને પાછલો (પોસ્ટીરિયર).

પોસ્ટીરિયર પિચ્યુટરીના સ્રાવના એક રસાયણનું નામ પીચ્યુટ્રીન છે. તે કરોડરજ્જુને વીંટળાએલા પ્રવાહમાં જઇ લોહી અને લસી પ્રવાહમાં ભળે છે. તેની અસરથી લોહીનું દબાણ અને મૂત્રનું પ્રમાણ વધે છે. અન્નમાર્ગની આકુંચનલહરી કે જે ખોરાક અને મળદ્રવ્યોનું વહન કરે છે, તેને તે વેગ આપે છે. ગર્ભાવસ્થાના અંતમાં જ્યારે ગર્ભાશયના મંદ સંકોચનને પરિણામે પ્રસવમાં વિલંબ થાય છે ત્યારે ઉપચાર તરીકે આ દ્રવ્યનું ઈન્જેક્શન આપવામાં આવે છે.

જ્યારે આ પિંડ રોગિષ્ઠ બને છે ત્યારે વ્યક્તિને બહુમૂત્રતા સાથે અતિતૃષાનો વ્યાધિ લાગુ પડે છે, અગર તો શરીરમાં જ્વલનક્રિયાદાહ વધી જવાથી તે ગળી જઇને થોડા માસમાં મૃત્યુ પામે છે.

ઍન્ટીરિયર પિચ્યુટરીના સ્રાવો તો વળી અદ્ભુત છે. તેમાં એક વૃદ્ધિ-સ્રાવ છે. તે બાળપણથી તે પુખ્ત ઉમર થતાં સુધીમાં હાડકાં અને માંસપેશીઓના વિકાસ ઉપર કાબૂ ધરાવે છે. પુખ્ત ઉમર થતાં સુધીમાં જો આનો સ્રાવ વિશેષ પ્રમાણમાં થઇ જાય તો વ્યક્તિનું શરીર લાંબુ-પહોળું એવું રાક્ષસી કદનું બને છે. આના થોડા દાખલા વિજ્ઞાનના દફતરે નોંધાએલા છે: આયર્લૅન્ડનો સાડા આઠ ફૂટ ઊંચો કૉર્નેલિયસ મૅકગ્રાથ અને ૮'-૬"ની ઊંચાઇવાળો ચાર્લ્સ. વળી એક ફેડર નામના રશિયનનું પુદ્ગળ તો નવ ફૂટ ત્રણ ઇંચનું હતું! એના હાથના પોંચા જ ચોદ-ચોદ ઇંચના હતા!

પુખ્ત વય પછી આ ગ્રંથીના કોષો વધવાથી કે એમાં ગુંડ થવાથી એનો સ્રાવ વધી પડે છે. આથી પણ માનવીનું માળખું રાક્ષસત્વ(એક્રોમેગેલી)ને પામે છે: ચહેરાનાં અને હાથપગનાં હાડકાં વધવા માંડે છે, ઘડા જેવું માથું અને બુલ-ડૉગ જેવી મોઢાની વિકૃતિ આવી પડે છે.

આ ગ્રંથીના સ્રાવની વિશિષ્ટતા પ્રજનનગ્રંથી ઉપરના સહનિયમનની છે જો એનો સ્રાવ વધારે હોય તો અકાળે જાતિનેય પ્રૌઢતા પ્રાપ્ત થાય છે. એના વિકારના પરિણામે ગુહ્યાંગોનો અધૂરો વિકાસ, રજોદર્શનમાં દોષ, જાતિનેય શીતળતા (ફ્રિજિડિટી) ને પુરુષોમાં પુરુષત્વની ઊણપ દૃશ્યમાન થાય છે. સ્તનમાંથી દૂધનો પ્રવાહ પણ આ પિંડના સ્રાવની અસર નીચે જ શરૂ થાય છે.

બાલ્યાવસ્થામાં આ ગ્રંથી દૂર કરવામાં આવે તો વ્યક્તિ વામનજી બને છે. હાડકાં બંધાતાં નથી, દાંત ઊગતા નથી ને જાતિનેય વિકાસ પણ અટકે છે. વળી જો બાલ્યાવસ્થામાં આનો સ્રાવ ઓછો હોય તો પણ બાળકની કમર સ્ત્રીની જેમ પહોળી અને ચરબીથી લદાએલી તથા છાતી ઉપર ઉન્નત સ્તન-પ્રદેશ હોય છે. પુખ્ત વય થવા છતાં યે ગુહ્યાંગો બાલ્યાવસ્થા જેટલાં નાનાં રહે છે. રજોદર્શન મોડું અને જૂજ હોય છે.

ગર્ભિણી સ્ત્રીઓના પેશાબમાં આ ગ્રંથીનો સ્રાવ આવે છે. એ પેશાબ સસલી કે ઉંદરડીની કાનપટ્ટીમાં ઈન્જેક્શન દ્વારા દાખલ કરવાથી તેનામાં પણ ગર્ભાધાન સમયના ફેરફારો પેદા થાય છે. આ કસોટીના આધારે ગર્ભાધાનની નિશ્ચિતતા થઇ શકે છે. ગર્ભાધાનની શરૂઆતના સવા માસ જેટલા ટૂંકા સમયમાં ગર્ભાધાનની કોઇપણ નિશાની વર્તાતી ન હોય ત્યારે આના આધારે તે નક્કી થઇ શકે છે.

ઇ. ૧૯૪૦માં ૨૫મી જૂનના તાર-સમાચારમાં કલકત્તામાં એક બંગાળી જુવાનને છાપરા સુધી પહોંચતો રાક્ષસી કદનો માણસ દેખાયાના અને પોલીસે તેનાં પગલાંની છાપ ૨૨ ઈંચ લાંબી અને ૭ ઇંચ પહોળી માપી હોવાના ખબર છપાયા હતા. એ આ પિચ્યુટરી ગ્રંથીનો જ પ્રભાવ. ૧૯૯મા અંકની માધુકરીમાં એ પરથી આ વિષેની નોંધ પણ આપી હતી. વર્ષો પહેલાં એચ. જી. વેલ્સે 'ધ ફૂડ ઑવ ધ ગૉડ્ઝ' નામના પોતાના પુસ્તકમાં એક વિજ્ઞાનીનું પાત્ર આલેખેલું જેણે એવો પદાર્થ શોધેલો કે તે ખાવાથી માણસનું કદ ધાર્યા જેટલું વધારી શકાય. વેલ્સની તો એ કલ્પના જ હતી પણ આજે તો ઉંદરોને એના ઇન્જેક્શનથી કદાવર બનાવી દેવાયા છે, અને માણસ પર તે અખતરો કરવામાં આવે તો ૧૨ ફૂટ જેટલો રાક્ષસ તે બની જાય.

થોડા વખત પર એક છોકરીનો વિકાસ ત્રણ જ વર્ષે અટકી જતાં ડૉક્ટરોએ પિચ્યુટરી ગ્રંથીનાં ઇન્જેક્શનો આપી એનો પુનર્વિકાસ ચાલુ કર્યો હતો. એ જ રીતે બે બાળકોનો પિચ્યુટરીના અતિ પ્રભાવે રાક્ષસ બની જવાનો સંભવ હતો તે તેમની એ ગ્રંથીઓ ઉપર એક્સ-રેની પ્રક્રિયા અજમાવી નિવાર્યો હતો.

પ્રયોગો અને નિરીક્ષણ દ્વારા નક્કી થયું છે કે પિચ્યુટરી-સ્રાવ વ્યક્તિત્વ ઉપર અસર કરનાર છે. સ્રાવ વિપુલ હોય ત્યારે વ્યક્તિ અથાક ભરચક કામગરૂં જીવન જીવનાર, સાહસી અને ધૈર્યવાન હોય છે; ઓછા સ્રાવ વખતે આળસ, કાયરતા ને નિસ્તેજતા પ્રાપ્ત થાય છે.

આ ગ્રંથીનું સ્થાન પણ નોંધપાત્ર છે. તે મગજના થેલેમસ નામના ભાગમાં આવેલી છે. આ ભાગ આપણા ભાવો, ઊર્મિ, આવેગો અને ચિત્તક્ષોભ વગેરે લાગણીઓ સાથે સંકળાએલો છે. આ સ્થાનમાં જ્ઞાનતંતુ-પ્રવાહ અને ગ્રંથીસ્રાવના રસાયણનું મિલન થાય છે. આથી તેઓની પણ એકબીજા ઉપર અસર કે પ્રભાવ પડે છે. મન અને શરીર વચ્ચેના ગાઢ સંબંધના યોગશાસ્ત્રના અભ્યાસીઓને આ હકીકત જાણવી ઉપયોગી થઈ પડશે.

થાઇરૉઇડ (કંઠ) ગ્રંથી

આપણા જીવનની ગતિની નિયામક, પતંગિયા જેવા આકારની આ ગ્રંથી શ્વાસનળીના ઉપરના ભાગમાં આવેલી છે. તેના યે બે પિંડ છે. એના સ્રાવનું નામ થાઇરૉક્સીન છે, જેમાં ૬૦ ટકા જેટલું આયોડીન હોય છે. એક અધોળ જેટલા જ વજનની નાનકડી આ ગ્રંથી દરરોજ $\frac{૧}{૨૦}$ ગ્રામ (એક તોલાના ૧૧·૪ ગ્રામ થાય) જેટલો જ રસ સ્રવે છે. આ સ્રાવની રાસાયણિક અસરો ઉપર શારીરિક ને માનસિક વિકાસનો તથા આખા શરીરના આરોગ્યનો મુખ્ય આધાર છે.

થાઇરૉક્સીન શરીરમાં થતી જ્વલનક્રિયાનું નિયમન કરી જીવનક્રિયાની ગતિનું પણ નિયમન કરે છે. જ્વલનને લીધે શરીરમાં શક્તિ પેદા થાય છે. એના પ્રતાપે શરીરની બધી ક્રિયાઓ અને વ્યાપારો ચાલે છે. ભઠ્ઠીની ધમણના જેવું આ કાર્ય છે. ધમણ ફૂંકાતાં અગ્નિ જેમ જોસથી પ્રજ્વલે છે તેમ થાઇરૉક્સીનના વધુ સ્રાવથી શરીરના વ્યાપારો અને પરિણામે જિંદગીની ગતિ પણ ઝડપી બને છે. વળી વારંવાર બદલાતી આપણી ઊર્મિઓ ઉપર પણ આ ગ્રંથીનો અંકુશ છે. માનસિક આઘાતો પણ એના દ્વારા જ સહ્યા જાય છે. એને સ્વભાવ ઘડનારી ગ્રંથી લેખવામાં આવી છે. આ ઉપરાંત હાડકાં ને દાંતનો વિકાસ તથા ચામડીના પોતનું પણ તે નિયમન કરે છે.

કંઠગ્રંથી વગરનાં કે તેમાં વિકૃતિવાળાં બાળકોનો શરીર અને મનનો વિકાસ બાલ્યાવસ્થામાં જ અટકે છે. ફાવે એટલો પુષ્ટ ખોરાક આપવામાં આવે તો પણ તે ઠીંગુજી અને જડ રહે છે. આવું બાળક જાડી ચામડીવાળું, જાડું, મોં ભરી દેતી લાળ ગળતી મોં બહાર લબડતી જાડી જીભવાળું, બેધ્યાન અને મૂઢ હોય છે. તે બોલતાં (અને ચાલતાં



ગ્રંથી-રસોની ઊણપ અથવા અતિશયતાથી શરીરમાં આવતી વિકૃતિનાં ઉદાહરણો: ડાબી બાજુ–આપણા શરીરની મહત્ત્વની ગ્રંથીઓ પૈકીની એક અને આપણા જીવનની ગતિની નિયામક થાઇરૉઇડ ગ્રંથી (કંઠ ગ્રંથી)નું કામ શરીરમાં જતા ખોરાકમાંનું આયોડીન એકઠું કરી યોગ્યસ્થળે પહોંચાડવાનું છે. એ આયોડીન ઓછું હોય અને તેના સ્રાવમાં ઊણપ આવે તો તે ગ્રંથી આવી અતિ મોટી થઈ જઇને ગળું અતિશય જાડું થઈ જાય છે. તેને ગૉઇટર કહે છે. જમણી બાજુ—પિચ્યુટરી ગ્રંથીના આગલા (ઍન્ટીરિયર) પિંડમાંનો રસ દેહની વૃદ્ધિ કરનારો છે એ રસની ઊણપ હોય તો માણસ વામનજી રહે છે ને સ્રાવ વધુપડતો થઈ જાય તો તેનું કદ રાક્ષસી બની જાય છે. આવા દાખલા ઘણા જોવા મળે છે. જમણી બાજુના ચિત્રમાં દુનિયાની અજાયબી તરીકે દર્શાવેલો ઠીંગુજી આફ્રિકન અને લંબૂસ ચીનો (જે ૧૧ ફૂટની ઊંચાઇ પર પોતાનું નામ લખી શકતો તે) એનાં ઉદાહરણો છે.



પણ) શીખતું નથી. એટલે પશુ જેવું આ બાળક રડી કે ગળામાંથી અવાજ કાઢી પોતાની ઇચ્છાઓ વ્યક્ત કરે છે. આ દશાને 'ક્રેટીનીઝમ' કહેવામાં આવે છે.

આલ્પ્સ, કૉકેસસ, ઍન્ડીઝ અને હિમાલયના પર્વતીય પ્રદેશવાસીઓના આહારમાં આયોડીન તત્ત્વ ઓછું હોવાથી લોહીમાં તેને સભર કરવાના આશયથી આ ગ્રંથી ફૂલે છે. પણ તે આ ક્રિયામાં છેવટે થાકી જવાથી યથેચ્છ કાર્ય કરી શકતી નથી અને ફૂલેલી જ રહે છે. આ દશાને 'ગૉઇટર' (ગળગુંડ) કહેવામાં આવે છે.

ગળગુંડવાળી ગ્રંથીમાંથી થાઇરૉક્સીનનો સ્રાવ ઓછો થાય છે. આના પરિણામે બોલતાંચાલતાં શીખેલા અને ઇન્દ્રિયોની સુસંગતાવાળા તંદુરસ્ત બાળકમાં પણ ધીમેધીમે ક્રેટીનીઝમની દશા આવી પડે છે. એની શારીરિક અને માનસિક વૃદ્ધિ અને વિકાસ અટકી પડે છે. પરિણામે તે બટકું, મંદબુદ્ધિ અને અલ્પવિકસિત ગુહ્યાંગોવાળું બને છે.

મોટી ઉમરે પણ કંઠગ્રંથીના સ્રાવમાં ઊણપ આવે છે. આમ થવાથી વ્યક્તિનાં શરીર અને બુદ્ધિમાં અકલ્પનીય ફેરફારો થાય છે. હડપચી નીચે અને ગરદન ઉપર ચરબીના થર જામવા લાગી શરીર જાડું થવા માંડે છે. આ જાડ્યમાં પણ વિચિત્રતા તો હોય છે જ. હાથમાં કોણી સુધીનો ભાગ જાડો બને છે ને બાકીનો અસલ જેવો રહે છે! આવી રીતે અંગોના ઉપલા ભાગમાં ચરબી જામવાથી શરીરનો ઘાટ કોઠી જેવો બને છે: ચાલાકી, ચપળતા અને બળ ક્ષીણ થઈ શિથિલતા, બુદ્ધિમંદતા અને અશક્તિ સાથે એદીપણું આવે છે. સાથેસાથે રજોદર્શનમાં દોષ, વંધ્યત્વ કે નપુંસકત્વ પણ હોય જ. ખોરાકમાં ફેરફાર કે અંકુશ આણવા છતાં યે જાડ્ય તો વધ્યે જ જાય છે. આ દશાના ભોગ બનેલાનું મોં ભાવવિહીન, ફૂલેલું અને ઊંઘણશી હોય છે. તેની ચામડી સૂકી અને રુક્ષ બને છે. વાળ લૂખા અને ખરી પડતા હોય છે. તે સદા ઠંડી લાગવાની ફરિયાદ કરતા રહે છે. જાદુઈ લકડીથી ઊભી કરેલી હોય એવી ગ્રંથીની આ રૂપાંતરાવસ્થાને 'મિક્સોડીમા' નામે ઓળખવામાં આવે છે. કંઠગ્રંથીની વિકૃતિને લીધે બીજી ગ્રંથીઓમાં પણ ખટકો પડે છે અને આ દુર્દશામાં ઓર વધારો થાય છે.

આ રોગનું કારણ શોધતાં શોધતાં જ વિજ્ઞાનીઓને આ કંઠગ્રંથી (અને એ રીતે અંતઃસ્રાવી ગ્રંથીઓ ને એમના સ્રાવ)નું રહસ્ય સૌથી પ્રથમ જાણવા મળ્યું હતું. આ રોગીઓને રોજ એક ગ્રેનથી પણ થોડું થાઈરૉઈડ દવા રૂપે આપવાથી અદ્‌ભુત અને આશ્ચર્યજનક પરિણામ આણી શકાય છે. બદસૂરત, ઓછા વાળવાળી, એદી અને જાડી વ્યક્તિ રૂપાળી, રળિયામણી ને ચપળ બને છે. ક્રેટીનોને પણ આ દવા આપવાથી તે બોલતાં, જરા સમજદાર અને સમાજને ઉપયોગી અંગ બને છે.

અને જો આ ગ્રંથીનો સ્રાવ વધુ હોય તો? તો પણ શરીરની સમતુલા ખોરવાય છે. બાળક કે મોટેરાને ખાઉધરાવેડા વળગે છે. વારંવાર ખાય તો પણ શરીર લેવાવા જ માંડે છે. થાઇરૉક્સીન લોહીમાં વધુ ફરતું હોવાથી ખોરાકનું જલ્દી જ્વલન થાય છે. ભઠ્ઠીની ધમણ જોસથી ફૂંકાતાં ભઠ્ઠીનો અગ્નિ જોશથી પ્રજ્વળે એવી આ ઘટના છે.

થાઇરૉક્સીનના વિપુલ સ્રાવવાળી વ્યક્તિ અતિ વાચાળ, ઘડીમાં આનંદિત તો ઘડીમાં નિરુત્સાહી બની વારંવાર મનની અશાંતિ અને ઉશ્કેરાઈ જવાની સ્વભાવની વિચિત્રતામાં પટકાઇ, અનિદ્રાનો ભોગ બની ભારે ત્રાસદાયક થઇ પડે છે. તેના શરીરનું ઉષ્ણામાન વધારે અને પરસેવાથી ગદગદું રહે છે. કદીક મનની વિભ્રમાવસ્થા આગળ વધી તે જીવલેણ ગાંડપણમાં પણ પરિણમે છે.

સુકાએલું શરીર, આગળપડતા મોટા ભયભીત ડોળા અને ગ્રંથીના સોજાને લીધે ભરાવદાર ગળું: કંઠગ્રંથીના વધારે સ્રાવથી વ્યક્તિને જે રોગાવસ્થા આવી પડે છે (એક્ઝોપ્થૅલ્મસ ગૉઈટર) તેનું કદી ના ભુલાય એવું આ ચિત્ર છે. ઑપરેશન દ્વારા ગ્રંથીનો આ ભાગ કાઢી નાખવામાં આવે (જો આખી ગ્રંથી કાઢી નાખે તો વળી પાછી મિક્સોડીમાની અવસ્થા આવી પડવાનો ભય છે) તો દરદી રોગમુક્ત બને છે.

થાઇરૉક્સીનના સ્રાવની વિપુલતા બહુધા સ્ત્રીઓમાં રજોદર્શન, ગર્ભાવસ્થા અને દૂધકાળ (લૅકટેશન) દરમિયાન રહે છે. આ સમયે કંઠગ્રંથી સૂજી આવી મોટી થાય છે આ અને અંડગ્રંથી (ઓવરીઝ) વચ્ચે સહનિયમન પ્રવર્તે છે, તે એટલે સુધી કે કંઠગ્રંથીને 'ત્રીજી અંડગ્રંથી' પણ કહેવામાં આવે છે.

અત્યારની સંસ્કૃતિના એક અંગરૂપ ઉશ્કેરાટ, આવેશ ચિંતા વગેરે માનસિકવ્યથાપૂર્ણ તંગ જીવનના પરિણામે કંઠગ્રંથીની ક્રિયા ઉત્તેજિત થાય છે અને ગૉઈટરની રોગાવસ્થા આવી પડે છે. વહેલા ઊઠી મોડી રાત સુધી અવિરત અને અવિશ્રાંત આવેશભર્યા ભરચક કામમાં ગુંથાએલા રહેતા શક્તિશાળી અને પ્રતાપી પુરુષો આપણી પ્રશંસા (અને અદેખાઇ પણ)ના પાત્ર હોય છે. એમની આ શક્તિ ને પ્રતાપના કારણરૂપ સામાન્યો કરતાં સહજ વધારે થાઇરૉક્સીનનો સ્રાવ છે.

ઉશ્કેરાટ અને ક્રોધ વખતે કંઠગ્રંથીમાંથી આયોડીનનો સ્રાવ વધે છે. આ વધારો બે કલાક સુધી લોહીમાં ફરતો રહે છે. ક્રોધાવેશમાં માણસ બોલ્યા કરે અને બોલતાં બોલતાં વધુ આવેશમાં આવી જાય એ બધું લોહીમાં ફરતા વધુકા આયોડીનને આભારી છે. આયોડીન ઉશ્કેરણી કરનારું તત્ત્વ છે. ઉશ્કેરણી અને ઝનુસ્સાભર્યા સ્વભાવવાળાને જોઈ આપણને સહજ ખ્યાલ આવે કે એની કંઠગ્રંથી કેટલું આયોડીન સ્રવતી હશે. (અનુસંધાન પૃષ્ઠ ૯૮મે)

આ એક બાજુ આબુ-અરવલ્લીના પહાડો અને બીજી બાજુ કચ્છનું

આબુ પર્વતની ઉત્પત્તિ વિષે એવી પૌરાણિક કથા છે કે મહર્ષિ વસિષ્ઠની ગાય નન્દિની ચરતાંચરતાં એક દિવસ એક શ્વભ્ર (કોતર)માં ગબડી પડી. કામધેનુએ પોતાનાં દૂધથી આખો ખાડો ભરી દીધો અને તરીને બહાર નીકળી ગઈ! બીજે દિવસે ઋષિએ આ કોતરને પૂરી દેવા હિમાલય પર્વતને વિનતિ કરી, એટલે નગાધિરાજે પોતાના પુત્ર નંદિવર્ધનને અર્બુદ નામના નાગની પીઠ પર બેસાડીને મોકલી આપ્યો અને કોતરને કાયમને માટે પૂરી દીધું. આમ અર્બુદગિરિની રચના થઈ.

પરંતુ કામધેનુના પયથી છલોછલ ભરાઈ ગએલો એ ખાડો પુરાઇ જતાં છલકાઇ ઊઠેલી દૂધની ધારાઓ ક્યાં જઇને સમાઇ કે કયે માર્ગે વહી એ હકીકત અપ્રસ્તુત હોવાથી પુરાણકારે અધૂરી રાખી છે. આપણે એ અધૂરી કલ્પનાને પૂરી કરી આપનારું રૂપક રચીએ તો કહી શકાય કે દૂધની એ ધારાઓ ઝીલીઝીલીને બનાસ પયસ્વિની બની ગઈ. નર્મદા, તાપી, મહી કે સાબરમતીને મુકાબલે બનાસ નાની નદી છે, તોપણ ગુજરાતની એ એક દૂઝતી કામધેનુ છે. બનાસનાં નદીતળની ફળદ્રુપતા કદાચ અદ્વિતીય છે. અરધા ગુજરાતને બટાટા પૂરા પાડવા ઉપરાંત શાકભાજીની ઉત્પત્તિનું પણ એ મહત્ત્વનું કેન્દ્ર છે. હિમગિરિથી યે પ્રાચીન પર્વતમાળનાં ખનિજદ્રવ્યોને ખેંચી લાવતી આ નદીના કાંપવિસ્તારમાં ઢગલેઢગલા ધાન્ય નિપજે છે; અને આજદિન સુધી ગુજરાતને ઉત્તમ દૂધ પણ આ પયસ્વિની જ પીવડાવે છે. જેનો જોટો પશ્ચિમ હિંદમાં ક્યાંયે નથી એવી સુપ્રસિદ્ધ કાંકરેજી ગાય બનાસકાંઠાના કાંકરેજ તાલુકાની પેદાશ છે.


બનાસનું નદીતળ બટાટાના ભરચક વાવેતર માટે સુપ્રસિદ્ધ છે. દક્ષિણે સીહોરીથી શરૂ કરીને નદીના મૂળ તરફ ઈશાનકોણે આગળ વધતાં ડીસા ઓળંગીને છેક દાંતીવાડા સુધી બટાટાનું પુષ્કળ વાવેતર થાય છે. કંબોઈ, દેલિયાથલી, ઊંબરી, ભદ્રામલી, ઝાબડિયા, રુદરપુર, લૂણપુર, છત્રાળા, વહેરા, વાસણા વડાવળ ઈત્યાદિ ગામોનાં નદીતળની ઉપરવાસ જૂના ડીસા સુધી બટાટા કે શાકભાજીનાં વાવેતર વિનાનું એકાદ ભાઠું યે મળવું મુશ્કેલ. જૂના ડીસા અને નવા ડીસા વચ્ચે તો આ પ્રવૃત્તિની જાણે ધૂમ મચી પડી છે. ઠેક રાણપુરવાસ (જેનો ઊગમણો, વચલો અને આથમણો એવા ત્રણ વાસ છે) સુધી પણ આ જ સ્થિતિ છે. ભડત અને રાણપુરવાસની નજીક જ્યાં બનાસ સાથે સુકલી નદીનો સંગમ થાય છે ત્યાંથી ઉપરવાસ આ પ્રવૃત્તિના ફાંટા પડી જાય છે. બનાસના પોતાના તળમાં શકરિયા, નાંદોત્રા અને દાંતીવાડા ગામો સુધી આ વાવેતર વિસ્તરે છે. સુકલીના તળમાં બીજી શાકભાજી પણ સાથોસાથ વવાય છે. દાંતીવાડાથી ડેરી સુધી બટાટાનું વાવેતર પાંખું બને છે અને એનું સ્થાન ટમેટાં જેવો શિયાળુ પાક અને ટેટી, કાકડી, તરબૂચ કે સકરટેટી જેવો ઉનાળુ પાક લે છે. બટાટાનાં વાવેતર માટે ઝીણી રેતીનો પટ અને સમથલ સમધારણ પાણીનો પ્રવાહ જોઇએ, જ્યારે વેળુમય પટ બીજી શાકભાજીને વધુ ફાવે. ડેરીથી ઉપરવાસ અમીરગઢ સુધી વળી બટાટાનું વાવેતર વધતું જાય છે. પ્રાચીન ચંદ્રાવતી નજીક માવલથી ઉપરવાસ છેક ઘણે દૂર સુધી શાકભાજી વવાય છે. આ શાકભાજી વાવનારા ઘણે ભાગે માળીની જાતના છે અને પૈસેટકે એકંદરે સુખી હોય તેમ જણાય છે.


બનાસમાં બટાટાનું વાવેતર કેટલા મોટા પ્રમાણમાં થાય છે એનો થોડોક ખ્યાલ ડીસાની આસપાસનાં વાવેતરથી આવે છે. હાલ ત્યાં સહકારી મંડળી દ્વારા સહકારી ધોરણે ખેતી થાય છે; જોકે માલનું વેચાણ વેપારીઓ વ્યક્તિગતરીતે કરે છે. ખાતર અને મજૂરી પાછળ આશરે ત્રીસ લાખ રૂપિયા જેટલી મોટી રકમ ખર્ચાય છે. બટાટાનું બીજ થોડું ઈટલીનું અને ઘણુંખરું સીમલાનું વપરાય છે. ડીસાથી રોજ સરેરાશ વીસ જેટલાં વૅગનો લગભગ અઢી માસ સુધી (એપ્રિલ, મે અને જૂનના બીજા અઠવાડિયા સુધી) ચડે છે. આમ વૅગન દીઠ દસ ટનના હિસાબે આશરે ૧૫,૦૦૦ ટન બટાટા તો આગગાડીના માર્ગે ગુજરાતને એકલું ડીસા જ આપે છે. એ સિવાય અન્ય સ્થળોએથી બટાટા રવાના થાય તે તો વધુમાં. વળી ગાડામાર્ગે અને ઊંટ પર પણ ઘણો માલ જાય છે. ડીસાના વેપારીઓ વધુ ભાવ ખાવા માટે ઉનાળા સુધી બટાટા સંઘરી રાખે છે.

બનાસકાંઠામાં ઘઉં, ઈસબગુલ અને સરસવનો પુષ્કળ પાક થાય છે. સૈકાઓથી જમા થતા કાંપને કારણે કાંકરેજ તાલુકામાં જમીન કાળી અને ચીકણી છે; વળી કૂવાનાં પાણી પણ દસ હાથે છે. જમીનના પોચાપણાને લીધે નદીનું પાણી ઘણુંખરું જમીનમાં સમાતું જાય છે અને રણ સુધી પહોંચતાં પહોંચતાં તો પ્રવાહ લુપ્તપ્રાય થઈ જાય છે. પ્રથમ અહીં કપાસ પણ પુષ્કળ થતો, હાલ ઘઉં અને ઇસબગુલનું વાવેતર મુખ્ય છે. આ પાકની નિકાસનું મુખ્ય મથક હારીજ છે. હારીજથી એરંડા અને સરસવ પણ મોટા પ્રમાણમાં ચડે છે. કાંકરેજ તાલુકો એક પ્રકારે ઉત્તર ગુજરાતનો અન્નભંડાર (granary) છે.

પર્વત અને રણની પરિસીમા રચતા રેતાળ મેદાનના હૃદયની સેર સરખી આ સરિતાએ ગુજરાતને ધાન્યના ઢગલેઢગલા આપ્યા છે એટલી જ એની વિશેષતા નથી. સંપત્તિદાત્રી તરીકેનું આ સ્થૂલ કાર્ય તો પોતાની અનન્ય ઢબે એ સૈકાઓથી અવિરતપણે બજાવ્યે જ જાય છે. પણ પર્ણાશાની પોતીકી સંપત્તિ તો છે એની અતિસમૃદ્ધ ઇતિહાસપરંપરા, અને કાંઈક અછતો રહેલો તોપણ અંધકારમાં ઉષઃતેજના સૂચક શુક્રતારક સમો એનો પ્રાગૈતિહાસિક આધ્યાત્મિક ઉજેરા. આર્ય ને અનાર્ય સંસ્કૃતિઓનો સમન્વય કદાચ આ વર્ણાશાએ નજરોનજર નિહાળ્યો હોય, કારણ કે મહર્ષિ વસિષ્ઠ જેવા વૈદિક સંપ્રદાયના મહાન પ્રવર્તક આચાર્ય પ્રવરનું આશ્રમસ્થાન બનેલો અર્બુદગિરિ શંબર અને બીજા દસ્યુઓનો અડ્ડો હતો એ હકીકત પણ પ્રાગૈતિહાસિક કાળના એક અંકોડારૂપે મળી આવે છે.[1] વળી મોહેં-જો-ડેરો ને હરપ્પાના અવશેષોના આધારે આપણે જેને સિંધુ નદીની સંસ્કૃતિને નામે ઓળખીએ છીએ એનો પ્રસરપ્રદેશ જો સુરાષ્ટ્ર સુધી ફેલાએલો માન્ય રાખીએ તો સમસ્ત બનાસકાંઠામાં આ સંસ્કૃતિનો પ્રચાર ગણવામાં કશો અંતરાય નથી. હજી સવાસો વર્ષ પહેલાં જ સિંધુની એક શાખા કચ્છના લખપત બંદર સુધી

[1] ડૉ. સ્ટૅન કૉનૉવનું 'મિટાનીઓના આર્ય દેવો'–પૃ.૧૫





ઉત્તર ગુજરાતની અન્નપૂર્ણા

પયસ્વિની પર્ણાશા*


(બનાસ નદી)

લેખક

પ્રો. રામપ્રસાદ શુક્લ એમ.એ.

લંબાતી હતી, જે ઇ. સ. ૧૮૧૯ના કચ્છના ભીષણ ભૂકંપ સમયે લુપ્ત થઈ. હજી પણ કવચિત્ સિંધુ નદીમાં ઘોડાપૂર આવે છે ત્યારે સિંધુના આ જૂના વહનમાર્ગો પણ વહેવા લાગે છે. આ લખપત ને સોમનાથ (પ્રભાસ પાટણ)થી શરૂ થઈ વાવ, થરાદ તથા ભિન્નમાલ થઈને ઉત્તરે કાશ્મીર સુધી પહોંચતો એક મહત્ત્વનો સૈકાજૂનો ખુશ્કી રાજમાર્ગ હતો. વેપારની અનેક વણઝારો આ રણને કિનારે કિનારે લંબાતી ને પૃથ્વીમાંથી પરીઓ પ્રગટતી હોય એવાં નાનાંમોટાં અનેક નગરો, ફૂલવેલને કિનારે ઉપસેલા ઝુટ્ટાઓની માફક, આ રણમાર્ગે વિકસતાં. રણનો આ રાજમાર્ગ વેપાર-માર્ગમાં ફેરવી નાખનારા સાહસિકોનો તોટો ન હતો.

* પર્ણાસા (વર્ણાશા-વર્ણાસા) ઉપરથી અપભ્રંશ થઇને બનાસ નામ ઊતરી આવેલું છે. બનાસનાં પર્ણાશા ઉપરાંત પર્ણાસા, વર્ણાશા, વર્ણાસા અને વેણાસા આવાં વિવિધ નામો માર્કંડેય, વામન, કૂર્મ, વાયુ ને મત્સ્ય પુરાણોમાં મળી આવે છે.



સૌરાષ્ટ્રમાં સોમનાથ પાસે સૂત્રાપાડાથી છેક કાશ્મીરમાં શ્રીનગર સુધી જતો સૈકાઓ પહેલાંનો મહામાર્ગ દર્શાવતો નકશો: અલબેરૂની લખે છે તેમ સોમનાથની પૂજા માટે દરરોજ તાજું આવતું ગંગાનું જળ ને કાશ્મીરનાં ફૂલો પણ કદાચ આ માર્ગે આવતાં હશે. વ્યાપાર ને અવરજવરના આ ધોરી મહા માર્ગ ઉપર આવતાં અસંખ્ય સૂર્યમંદિરોપરથી માની શકાય છે કે આ પ્રદેશમાં સૂર્યપૂજા સારી પેઠે વિસ્તરી હતી. આમાંનાં કેટલાંક તો સૂર્યનાં સ્વયંપ્રધાન મંદિરો હતાં, જેના પૂજારીઓ 'મગ' બ્રાહ્મણો હોવાનું મનાય છે. કચ્છના લખપતથી પણ એવો એક રાજમાર્ગ નીકળી તેને જોડાતો એ રાજમાર્ગને વાણિજ્ય માર્ગમાં ફેરવી નાખનારા સાહસિકોનો તોટો નહતો. વળી, રણને કાંઠેકાંઠે પાણીનો પૂરવઠો મળી શકે એવાં અનેક સ્થળો પણ છે જ—ખુદ રણની મધ્યમાં પણ આવાં કેટલાંક સ્થાનો છે. વળી રણમાં સર્વત્ર આરોહ-અવરોહવાળા રેતીના ટીંબા હોય છે, જેને 'થલ' કે 'થળ'નામથી ઓળખવામાં આવે છે. દાખલા તરીકે 'ધોધાદેવનું થળ' ઈત્યાદિ. ટૉડે પોતાના રાજસ્થાનના પ્રવાસવર્ણનમાં આવાં કેટલાંક 'થળો'નો ઉલ્લેખ કરેલો છે. રણનો જેસલમીર તરફનો પશ્ચિમ વિભાગ મુખ્યત્વે સૂકો ને વેરાન છે; પરંતુ સતલજથી શરૂ કરીને રેખાંશ અનુસાર લગભગ પાંચસો માઇલના અંતર સુધીમાં સંખ્યાબંધ રણદ્વીપો આવે છે, જ્યાં સિંધુપ્રદેશના ભરવાડો પોતાના માલને ચરાણ માટે પણ લાવે છે. આવતીજતી વ્યાપારવણઝારો માટેનાં આ વિશ્રાંતિ સ્થાનો છે. (જુઓ Todd's Annals & antiquities of Rajasthan. Vol. I. P. 12) વળી એ પણ નોંધપાત્ર છે કે પીંપળપાનની આકૃતિમાં પથરાયેલા રણને કિનારેકિનારે બંને બાજુએ ઘાસનો પ્રદેશ (Steppe) છે. જે કદાચ ઊંટ, બળદ કે ઘોડાની વણઝારોને માટે વધુ સગવડભરેલો થઈ પડે.

આબુ ને અરવલ્લીની ગિરિમાળા[૨] વચ્ચેની નાળમાં થઇને બનાસ ગુજરાતના સપાટ મેદાનમાં દાખલ થાય છે. એ માર્ગે દિલ્હી સુધી પહોંચતો આજનો આગગાડીનો રસ્તો થોડાંક સ્થળાંતરો સાથે પ્રાચીન રાજમાર્ગ જ હતો. સંપત્તિ અને સેનાની અવરજવરના આ માર્ગોએ સંસ્કૃતિઓ પણ વિસ્તરતી.

રણને સાંધતા આ રેતાળ મેદાનમાં પ્રાગૈતિહાસિક અનેક પરં-

[૨] પચ્ચીસેક હજાર વરસ પર અતિ પ્રાચીન પાષાણ યુગમાં જ્યારે રાજપૂતાનાને સ્થાને સમુદ્ર ઘૂઘવતો ત્યારે તેને કાંઠે એક અત્યંત ઊંચી પર્વતમાળા આવેલી હતી. એ પર્વતમાળાના ધોવાણ ને ખવાણથી વામણા બની ગએલા અવશેષો તે આજની અરવલ્લી પર્વતમાળ.

આબુ અને અરવલ્લીની ગિરિમાળાને સામાન્યરીતે એકરૂપ ગણવામાં આવે છે. પણ ઝીણી નજરે જોનારને જણાયા વિના નહિ રહે કે આ બન્ને ગિરિમાળાઓ ભિન્ન છે. બન્નેનું અંતર ખરાડી પાસે ઓછામાં ઓછું વરતાય છે, ત્યાં પણ બન્ને એકબીજાથી છૂટી સામસામી ઊભી હોય એવી સ્પષ્ટ દેખાય છે. બનાસ નદીની ખીણ આ બન્નેને છૂટી પાડનારી સીમારેખા છે. બનાસની પૂર્વ દિશાએ અરવલ્લીની ગિરિમાળ એ પોતે ત્રિવલ્લી (three ranges) રૂપે વિસ્તરેલી છે. વસ્તુતઃ એમાં સિરોહીની દક્ષિણ દિશાની તેમજ સારણેશ્વર મહાદેવ સુધીની ટેકરીઓનો સમાવેશ ભૌગોલિક દૃષ્ટિએ અનિવાર્ય છે. ઉત્તરાભિમુખે કોઇ એક વિરાટ કમળપત્ર જાણે મૂક્યું હોય એવો આ સમસ્ત ગિરિમાળનો દેખાવ છે. કમળનું પાંદડું નીચે પહોળું તથા જાડું હોય અને ઉપર જતાં એ પાતળું પડતું જાય એ રીતે ડુંગરોની ઊંચાઇ ઉત્તર તરફ ઘટતી જાય છે. (ગુરુશિખર—૫૬૫૦ ફીટ; સિરોહીની દક્ષિણે માકરોડા પાસેનો ડુંગર ૨૭૭૪ ફીટ; સારણેશ્વર મહાદેવનો ડુંગર ૨૫૧૩ ફીટ; ત્યાંથી આગળ લૂણી નદીની શાખારૂપ સુકલીની ખીણ પાસેનો ડુંગર ૧૮૩૫ ફીટ). રકાબીઘાટે પહોળી થઇને પથરાએલી આ પર્વતમાળ મુખ્યત્વે બનાસ અને થોડે અંશે લૂણી બન્ને નદીઓનો જલઝરણ પ્રદેશ છે. સારણેશ્વર અને સિરોહી નજીકની પર્વતમાળની પૂર્વ પાંખનાં દક્ષિણગામી વહનો બનાસને સમૃદ્ધ કરે છે, તો એનાં ઉત્તર તથા વાયવ્યકોણગામી વહનો વડે લૂણીની શાખા-ઉપશાખાઓ સુકલી, કૃષ્ણાવતી અને કપાલગંગા ઇત્યાદિ નદીઓ રચાય છે. અર્બુદગિરિમાળનાં કમલપત્રની પાસે અરવલ્લીની પર્વતમાળ, જાણે આદિવરાહ આડો પડીને આરામ લેતો હોય એ પ્રકારે, પાલણપુરથી ઉત્તર તરફ અજમેર સુધી અને પૂર્વ તરફ રતલામ ને ચંબલ નદીની શાખા 'અપર બનાસ'ની ખીણ પર્યંત પથરાઇ છે. વચમાં સાબરમતી અને મહીનાં ઊગમસ્થાનો છે

આ બંને ગિરિમાળો ભિન્ન છે એ તો બંને પરની વૃક્ષરાજિઓ જોતાં પણ સહજ જણાઈ આવે છે. આબુ પર્વતની ઊંચાઇ અરવલ્લીની સમસ્ત ગિરિમાળના કોઈ પણ એક સ્થાન કરતાં ઊંચી છે અને વળી એ રણને મોખરે હોઈ દુર્ધર્ષ દુર્ગ રૂપે રણના ઊના વાયરાના સપાટા મુખ્યત્વે એકલો ખમે છે. એથી આબુ પર્વત સૂકો અને વૃક્ષહીન પહાડ છે; વૃક્ષો જ્યાં છે ત્યાં પણ વૃક્ષોની ઊંચાઇ તથા એનું કદ પ્રમાણમાં ઓછું છે. અરવલ્લીના પહાડોમાં સઘન વૃક્ષરાજિઓ અને ઊંચા કદનાં ઝાડ અવારનવાર મળી આવે છે ખરાં. જોકે ડાંગના જંગલ ની અભ્રંકષ વૃક્ષરાજિઓની સરખામણીમાં આ બંને ગિરિમાળનાં વૃક્ષો ટચુકડાં લાગે છે. આબુની ત્રિવલ્લીયુક્ત રચના સમજાવતો આ ફકરો નોંધપાત્ર છે. આબુની ગિરિમાળા લાંબી અને પાતળી છે, પરંતુ તેનો શિરોભાગ સપાટ ઉચ્ચ પ્રદેશનો બનેલો છે, જેની લંબાઈ ૧૨ માઈલ જેટલી અને પહોળાઈ બેથી ત્રણ માઈલ જેટલી છે. આબુનું આ ઉપરતળ ત્રણ વિભાગોમાં વહેંચી શકાય. (૧) ઉત્તર વિભાગની ગિરિમાળનો ઉચ્ચપ્રદેશ ૫૬૫૦ ફીટ ઊંચા ગુરુશિખર સાથે એની ઈશાને આવેલા સેર તથા ઊતરજ ગામોનો બનેલો છે; (૨) મધ્ય ગિરિમાળાનો ઉચ્ચપ્રદેશ ઓરિયા, અચળગઢ અને જવાઈ વગેરે ગામોવાળો પ્રદેશનો બનેલો છે, અને (૩) દક્ષિણ ગિરિમાળના ઉચ્ચ પ્રદેશમાં સલગાંવ, આબુ કૅન્ટોનમેન્ટ અને હેતમજી વગેરે ગામોનો પ્રદેશ છે, જેમાં સિવિલ અને મિલિટરી થાણાંઓ તથા સમુદ્રતલથી ૩૭૭૧ ફીટની ઊંચાઇએ રમણીય નખી સરોવર લહેરી રહ્યું છે. આ ત્રણે વિભાગોની બાજુએ ઊંચા શિખરો ને સંખ્યાબંધ નાનામોટા પર્વતઢોળાવો તથા ઊંડી ખીણો છે. આબુના ઉત્તર અને પશ્ચિમ તરફનાં પડખાં તો છાતીસરસાં સીધાણવાળાં અને તમ્મર આવે તેવાં ઊંચાં છે.

પરાઓ લુપ્ત થઈ હોય રં ાણૂ શી છે? વૈદિક સંસ્કૃતિની જનની જેવી સરસ્વતી ન: ાામે દેખાતા રણને કાંઠે વિનશનને વશ થઈ–જાણે કે કાનકૂવા ાાત જ વસૂકી ગઈ. તો પછી સિંધુ સંસ્કૃતિના અસુરો કે વૈદિક સંસ્કૃતિના મહર્ષિઓની પરંપરા આજે અહીં શોધવાનું યે અસ્થાને છે. માત્ર પુરાણોમાં જળવાઇ રહેલી પરંપરાના જોરે કલ્પનાના બુટ્ટા ચિદાકાશમાં ઉડાવ્યે જવાના. પરંતુ એમ તો લાગે છે કે હસ્તિનાપુર અને દ્વારકા વચ્ચે અવરજવર કરતા યાદવોએ આ ભૂમિમાં પગલાં પાડયાં હોય. હસ્તિનાપુરથી સુરાષ્ટ્ર તરફ ગયેલો અર્જુન જો રણને ચકાવે ન ગયો હોય તો એના રથના અશ્વો પણ કદાચ આ પર્ણાશાનાં પાણી પીને સંતૃપ્ત થયા હશે.


ભારતવર્ષના વાયવ્ય કોણમાંથી ધસી આવતી અનેક આક્રમક જાતિઓએ ઈતિહાસના ઉદયકાળે આ મેદાનોને ખૂંદીને ગુજરાતમાં પોતાના ડેરા નાખ્યા છે. શાર્યાત, વીતહવ્ય, નાગ, યાદવ, શક, પાર્થિયન, ક્ષત્રપ, કુશાન, આભીર, હૂણ, યૌધેય, મૈત્રક, ગુહિલ, ગુર્જર, ચાપોત્કટ, ચૌલુક્ય, પ્રતિહાર, પરમાર, ચાહમન, કચ્છવાહ, તોમર, યવન, તુરુષ્ક, અફઘાન, મુઘલ ઈત્યાદિ અનેક જાતિઓએ સૈકાઓ સુધી પર્વત અને રણને સાંધતા આ સપાટ મેદાનને એક રાજમાર્ગમાં પલટાવી નાખ્યું છે; પગલેપગલે સંસ્કૃતિનો પરિમલ પ્રસરાવતા બ્રહ્મજ્ઞાનીઓની અને પૃથ્વી પર પ્રલય પ્રગટાવતી સંહારમૂર્તિઓની એકસરખી અવરજવર આ માર્ગે થઇ છે.[3] આમાંની કેટલીક જાતિઓ આર્ય જાતિઓમાં ભળી ગઇ એ દીર્ઘદૃષ્ટિ ઇતિહાસ પણ રચાયો આ વર્ણાશાના વેણુકિનારે. વસિષ્ઠ ઋષિના યજ્ઞમાંથી પ્રગટેલા વીર પુરુષોની વાતોનો સંબંધ જો શકાદિ જાતિઓનાં શુદ્ધિકરણ સાથે હોય તો એ ઇતિહાસ અનોખી ભાત પાડે એવો છે. અગ્નિકુલ તરીકે લેખાતા પરમાર, પ્રતિહાર, ચૌલુક્ય ને ચાહમાન રાજપૂતોએ માત્ર મહારાજ્યો સ્થાપ્યાં છે એટલું જ નહિ પણ શૌર્યની અકલ્પ્ય અવધિઓ દર્શાવી છે; હસતે મોંએ જાન આપ્યા છે કે જૌહર કર્યાં છે એટલું જ નહિ પણ હજારેક વર્ષથી યે વધુ સમય સુધી શ્વાસેશ્વાસે આપણી સંસ્કૃતિનું એમણે રક્ષણ કર્યું છે. 'નવું લોહી' શબ્દને સાર્થક કરી બતાવ્યો આ નૂતન આર્યોએ. હિંદુ ધર્મની ઉદારતા ને નવદીક્ષિતની દાનસ્તાઈનું એ ઉજ્જ્વલ ઉદાહરણ છે.[4]

માઉન્ટ આબુની સહેલગાહે જનાર સહુકોઇ 'સનસેટ' પૉઈન્ટ અને અચલગઢની મુલાકાત અવશ્ય લેવાના. સનસેટ પૉઇન્ટ પરથી પશ્ચિમાભિમુખે નજર કરનારના નસીબમાં ક્ષણેક્ષણે નૂતનતા પ્રાપ્ત કરતી સુંદરતા જોવાનું સહજ પ્રાપ્ત થાય છે. પર્વતની આ ઊંચી

[3] વસિષ્ઠ જેવા બ્રહ્મર્ષિ અને શ્રીકૃષ્ણ જેવા રાજર્ષિઓએ અહીં પુનિત પગલાં પાડેલાં. શિવસંહાર કરવાને ઉદ્યુક્ત થએલ ત્રિપુરાસુર સરખો હમ્મીર મહમ્મુદ ગઝની લૂણી ને સુકલી નદીની ખીણો વટાવી બનાસની ખીણમાં થઈ સરસ્વતીતટે અણહિલપુર પાટણ પહોંચ્યો હતો.

સોમનાથનો વિધ્વંસ કરીને દિલ્હી તરફ પાછાં ફરતાં 'અપર સિકંદર' અલ્લાઉદ્દીન ખિલજીનાં લશ્કરો પણ આ નદીની ખીણમાં થઇને ઝાલોર તરફ ગયાં હશે. ચન્દ્રાવતી નગરીનો છેલ્લો વિનાશ કદાચ આ ઝનૂનીએ જ કર્યો હોય. જોકે અમદાવાદનાં મુસ્લિમ સ્થાપત્યોનાં ચણતર માટે પાટણ ઉપરાંત આ ચન્દ્રાવતીનાં ખંડેરોને ખાલી કરનાર મુસ્લિમ પાદશાહ તે આપણો ગુજરાતી સુલતાન મહમદ બેગડો. (કોમિસેરિયેટનો ગુજરાતનો ઇતિહાસ પૃ. ૧૧૪).

[4] ઇતિહાસવિદોમાં આ વિષે બે મત છે. શ્રી ચિંતામણિ વૈદ્ય કે મહામહોપાધ્યાય ગૌરીશંકર ઓઝા ઈત્યાદિ તદ્‌વિદો રાજપૂતોને ક્ષત્રિયકુલોત્પન્ન માને છે. પરંતુ બહુમતિના ઝોક વિદેશી તત્ત્વ સ્વીકારે છે.



ઉત્તર ગુજરાતના પ્રદેશમાં બનાસ તથા તેની પડોશી નદીઓનાં સંપર્ક અને સ્થાન દર્શાવતો નકશો

કરાડની પેલી પાર જ્યાં નજર સામે જ નાસી જતો સૂર્ય આકાશમાં અદ્ધર થંભી જાય છે અને આંખના પલકારામાત્રમાં અદૃશ્ય થાય છે એની નીચે જ સફેદ રેતીનો વિસ્તીર્ણ પટ પથરાએલો દેખાય છે. આ પટમાં વાંકાચૂંકા વહેતો જલસ્રોત તે સુકલી નદી.[5] આથમતા સૂર્યનાં અટવાઈ જતાં તેજમાં કોઈ અજગર આકાશમાં અદ્ધર ઊડયે જતો હોય અને પાછળ રહેલું એનું લાંબું પૂછડું પૃથ્વી પર આગળથી તેમ ઘસડાતું હોય એવો આ શુક્લ સરિતા સુકલીનો દેખાવ કેટલો હૃદયંગમ છે! સુકલી બનાસની સૌથી મોટી શાખા છે અને માઉન્ટ આબુની વાયવ્ય તથા નૈઋત્યદિશાના–અનાદરા, રેવધર ને ગંડારની

[5] આ સુકલી શબ્દ લોકોને કદાચ બહુ ગમી ગયો લાગે છે. એટલે એકથી વધારે નદીઓને એમણે આ નામ આપ્યું છે. ખરાડીથી પૂર્વ દિશામાં આબુ તેહસીલના ભાખર પ્રદેશમાં વહેતો લોકજીભે ચડેલો બત્રીસો વહેળો તરતોલી પાસે બનાસ સાથે સંગમ પામે છે એને પણ લોકો સુકલીને નામે સંબોધે છે. પ્રાચીન ચન્દ્રાવતી નજીકના માવલ ગામ પાસે જ્યાં બનાસ અને સેવાલણ નદીઓનો સંગમ થાય છે ત્યાંથી બે ત્રણ ખેતરવા ઉપરવાસ બનાસને મળતી એક નાની નદીને પણ સુકલી કે સુખડચ નામથી ઓળખવામાં આવે છે. આટલું અધૂરું હોય તેમ આબુથી ઘણે દૂર સારણેશ્વર મહાદેવના ડુંગરની ઉત્તર દિશાનાં પાણી ઝીલનાર લૂણીની શાખા નદીને તેમજ ઝાલોરની પેલી પારની લૂણીની બીજી એક શાખા નદીને પણ લોકો સુકરી કે સુકલી તરીકે ઓળખે છે. 'સર્વે ઑવ ઇન્ડિયા'ના નકશામાં આ રીતનો લેખનભેદ દર્શાવાયો છે: Sukli, Suker અને Sukri. પરંતુ લોકજીભનાં ઉચ્ચારણો લગભગ એક જ શબ્દ ગણાય એટલાં સમીપનાં છે. આ જ રીતે સિંધુ નામ ધારણ કરનારી નદીઓ પણ ચાર છે: (૧) સિંધપ્રાંતની સિંધુ નદી; (૨) ચંબલની એક શાખા કાલી સિંધુ; (૩) સિરોજની ઉપર અને પશ્ચિમે ઉચ્ચ સમભૂમિ પર આવેલ લાટોતીથી નીકળતી સિંધુ; (૪) દેવાસ પાસેથી નીકળતી સિંધુ.

પેલી પારના ડુંગરોનાં પાણી ખેંચી લાવી, સીલી નામની એક નાની નદી સાથે સંગમ પામી, આગળ જતાં સીપુ નામ ધારણ કરે છે. ડીસાથી ઉપરવાસ ભડત પાસે એ બનાસના ચરણે પોતાની સમૃદ્ધિ ઠાલવે છે ત્યાં એક વિશાળ મેદાન જેવડો બન્નેનો પટ વિસ્તરે છે. સુકલી સાથેના સંગમ પછી બનાસ એક મહાકાય નદી બની જાય છે.

અચલેશ્વર પર ઉદયાભિમુખ ઊભા રહેનારને દૂરના ઇશાનકોણમાંથી ઝબકારે આગળ વધતી બનાસનાં દર્શન થાય છે. મહર્ષિ વસિષ્ઠના યજ્ઞકુંડની અગ્નિશિખાઓ જાણે અદ્રિ પરથી અવનિતળે ઊતરી હોય એવી તેજના ઝગારાની એક વિચિમાલા અહીં જન્મે છે અને જોનારની આંખને ઊડીને વળગે છે. બનાસનું આ મૂળ વહેણ છેક સારણેશ્વર મહાદેવનાં ચરણની અંજલિ ઝીલીને ચાલ્યું આવે છે. સિરોહીની દક્ષિણે આવેલા ડુંગરની પૂર્વ અને દક્ષિણ પાંખોનાં પાણીને ઝીલતી ઝીલતી એ આબુપર્વત પાસે પહોંચતાંમાં તો પૂર્ણ આધિપત્ય જમાવે છે. ગુરુશિખરની પેલીપાર સેર ગામથી ઊફરું એક નાનું ઉત્તરાભિમુખ નિર્ઝરણ કૃષ્ણાવતીમાં ભળે છે એટલું બાદ કરતાં અર્બુદગિરિમાળનાં કુલ પાણી ઝીલવાનો સર્વાધિકાર આ બનાસ નદી ભોગવે છે. આબુના વાયવ્ય અને નૈઋત્ય કોણનાં પાણી સુકલી ઝીલે છે, તો ઈશાન ને અગ્નિ ખૂણાનાં પાણી બનાસ ઝીલે છે. નિરુક્તકાર યાસ્કે અર્બુદને માટે अम्बुद એવો એક પર્યાય યોજ્યો છે. બનાસને આ પર્યાય બરાબર બંધબેસતો આવે છે, કારણ અર્બુદ એ સાચા અર્થમાં બનાસનો अम्बुद છે— પોતાનું ટીપેટીપું પાણી એ પર્ણાશાને આપે છે. અવળે ક્રમે વિચારીએ તો પૃથ્વીએ પોતેજ પર્વતરૂપી પુત્રને ઊચકી લેવાને માટે બે હાથ લંબાવ્યા હોય એમ ડીસાથી ઉપરવાસ બનાસના બે ફાંટા આબુપર્વત સુધી લંબાઇ, એને બન્ને બાજુથી વીંટળાઈ વળી, છેક ઊફરા ચાલ્યા જાય છે. અથવા પયોદધિએ પૃથ્વી પર નગાધિરાજને સાષ્ટાંગ નમસ્કાર કરવા માટે બે હાથ લંબાવ્યા હોય એવો બનાસના સમગ્ર વહેણનો દેખાવ છે.

સિરોહીથી અગ્નિકોણે ઝીણા ઝરણા રૂપે ઉદય પામતી બનાસનો દેહ સોનવાડા પાસે ઠીકઠીક બંધાય છે. ઝારોલીથી આગળ વધતાં એમાં અન્ય પશ્ચિમી ડુંગરોનાં પાણી ભળતાં જાય છે, તે છેક બનાસ સ્ટેશન આવે ત્યાં સોનવાડાથી પેલી પારનો એક મોટો વહેળો અરવલ્લીની પશ્ચિમ પાંખનાં પાણી લઈ એને આવી મળે છે. પૂર્વ દિશાનો નૈઋત્યવાહી આ કરભાર ઝીલીને બનાસ પોષાતી જાય છે. બન્ને પર્વતમાળોનાં પાણી હવે એને સમૃદ્ધ બનાવે છે. આબુની પૂર્વ પાંખનાં અનેક નિર્ઝરણોને ઝીલતી ઝીલતી એ તરતોલી પાસે આવે છે ત્યાં અમર સુકલી એમાં ભળે છે. નૈઋત્યકોણે વહેતું નદીવહેણ હવે પછી પશ્ચિમ દિશામાં મોટા વળાંકોરૂપી ઝોલા લેતું આગળ વધે છે. આવો એક ઠીક મોટો વળાંક ખરાડી ગામની પાછળ વાયવ્ય ખૂણામાં છે જ્યાં વળાંકને કારણે નદીનું વહેણ કિનારાની ગામ તરફની બાજુએ ઢળતું હોઈ સામે કિનારે એક રેતીનું લંબચોરસ મેદાન રચાઈ ગયું છે. થોડે દૂર હૃષીકેશ તરફ જતો ગાડામાર્ગ છે. કિનારાની ઊંચી ભેખડ, નીચે કૈંક ઘેરું નદીજળ, સામે પ્રાચીન સૂર્યપૂજકો માટે ખાસ રચ્યો હોય એવો રેતીનો વિસ્તીર્ણ ચોતરો ને આથમેલા સૂર્ય પછીના વધતા જતા અંધકારમાં હમણાં હાથ લાંબો કરતાંમાં જ જાણે આબુને અડકી જવાશે એટલી નજીક ભાસતી અદ્રિમાળ — આખું દૃશ્ય રમણીય છે.

ખરાડીથી માવલ સુધીનું વહેણ સીધું નૈઋત્યગામી છે. પણ અહીંથી વળી વહેણ ઘણુંખરું સીધું ગતિ કરે છે કારણ કે અંબાજીના માર્ગે જતાં એકથી વધુ વાર ઓળંગવી પડતી લોકબોલીમાં તેલિયા તરીકે ઓળખાતી સેવાલણ નદી છેક કુંભારિયાની યે પેલી પારનાં પાણી લઇને પ્રાચીન ચન્દ્રાવતીનાં ખંડેરોની સાક્ષીએ બનાસની સેવામાં હાજર થાય છે. બેત્રણ ખેતરવા દૂર નાની સુકલી કે સુખડચ નદી આવીને મળે છે: ત્રિવેણીસંગમ થતાંથતાંમાં રહી જાય છે. માવલના સામે કિનારે આવલ સુધી ચન્દ્રાવતીનાં ખંડેરો છૂટાંછવાયાં વેરવિખેર દશામાં મળી આવે છે. બનાસના તળમાં છેક શરૂઆતથીજ શાકભાજીનું વાવેતર થાય છે એમાં હવે પછીનાં રોહો ગામથી ડેરી સુધીમાં બટાટાનું વાવેતર પણ ભળે છે. વચમાં જૈન મંદિરોને કારણે પ્રસિદ્ધ સારોત્રા ગામ આવે છે. ડેરીથી આગળ બનાસ દક્ષિણ દિશાનો એક મોટો વળાંક લે છે જેને છેડે કારજા અને રાયપુર વચ્ચે મહાદેવજીનો શિવસંકલ્પ લઇને બાલારામ નદી બનાસને ભેટે છે. ચિત્રાસણીથી આગળ જ્યાં આગગાડીના માર્ગે મોટું ગરનાળું આવે છે ત્યાંથી છેક સંગમ સુધી બાલારામ નદીમાં ઠેરઠેર પાણીના ધરા જોવામાં આવે છે ને ઊંચી ભેખડોને લીધે નદીતળ ખૂબ ઊંડું જણાય છે. તળનું આ ઊંડાણ લગભગ સંગમ સુધી લંબાય છે. આ રીતે બાલારામ એક ગિરિનદીનો સારો ખ્યાલ આપે છે. જોકે સાબરકાંઠાના પોશીના વિભાગના દોથડ ગામથી ઉપરવાસ સાબરમતીની શાખા સેઇ નદીના તળનું જે ગહન ઊંડાણ છે એની પાસે તો બાલારામનું તળ બિચારું બચ્ચું લાગે.

બાલારામનો આ સંગમ થયા પછી બનાસ હવે પશ્ચિમવાહિની બને છે. જોકે તેનું વહેણ ક્યાંક ક્યાંક વાયવ્ય કોણનો ઝોક પણ દર્શાવે છે. નાના અને મોટા નાંદોત્રા વટાવ્યા પછી છેક શકરિયા સુધી એનું આ પશ્ચિમવાહી વલણ ટકે છે; ત્યાંથી નૈઋત્યકોણનો એક મોટો વળાંક લઇને રાણપુરવાસ નજીક બનાસ સુકલી સાથે સંગમ પામે છે. ડેરીથી દાંતીવાડા સુધીના નદીતળમાં ઝીણી રેતી ઓછી છે અને નદીતળ કાંઇક પથરાળ અને વેળુમય છે, એટલે બટાટાને બદલે અહીં ટેટી, તરબૂચ, સકરટેટી કે ટામેટાનું વાવેતર વિશેષ પ્રમાણમાં થાય છે. દાંતીવાડાથી આગળ ઘણે દૂર કાંકરેજ તાલુકાના (જુઓ પૃ. ૯૮)

સુભાષિત

(આર્યા)

अति परिचयादवज्ञा संतत गमनादनादरो भवति ।
लोकः प्रयागवासी कूपे स्नानं समाचरति ॥

અથવા

मलये भिल्ल पुरंध्री चंदनकाष्ठमिधनं कुरुते ॥

અનુવાદ

અતિ પરિચયે અવજ્ઞા, નિત્યે જાતાં થશે અનાદર ત્યાં;
લોકો પ્રયાગવાસી ઘરકૂવે નિત્ય નાહે છે.

અથવા

મલય જંગલે ભિલડી ચંદનકાષ્ઠ નિત્ય બાળે છે.

[વિવરણ: સંસારના વ્યવહારનું ને સમાજના માનસનું આ એક સાચું ચિત્ર છે. તમારામાં કાંઇ વિશિષ્ટ વ્યક્તિત્વ ન હોય તો તો આ વાકય તદ્દન સાચું પડે છે. રોજ આવનારને માટે 'આ બલા કયાંથી આવી?' એમ ઘણાને થતું હશે. અતિ પરિચય કરનાર અને ગુંદરિયા સજ્જનોએ આ વાત ધ્યાનમાં લેવા જેવી છે. 'ઘરકી મુરઘી દાલ બરાબર' અને 'શેઠ આવ્યા તો નાખો વખારે' એ બે આપણી જૂની કહેવતોનો વિચાર પણ આ દૃષ્ટિએ સાથોસાથ કરવો જોઇએ. ર. ભી.]

ગુજરાતીની અસ્મિતા

બકુલ ત્રિપાઠીની

—નિર્ગ્રંથિકા—



'આ પણા ગુજરાતી લેખકોથી તો ભાઇ, થાકયા!' એક મિત્રે વાતવાતમાં કહ્યું.

'કેમ, કેમ, શું થયું?'

'અરે, વાત જવા દો ને!'

'પણ થયું શું? એમનો કંઇ વાંક, કંઈ ગુનો...કે બસ એમ ને એમ જ?'

'બન્યું એવું કે હમણાં મેં એક ઐતિહાસિક નવલકથા વાંચી...'

'પણ એમાં ગુજરાતના લેખકોનો શો વાંક?'

'સાંભળો તો ખરા! એ નવલકથામાં લખેલું કે પહેલાંના વખતમાં દાહોદ એ બંદર હતું...'

'બરાબર છે.'

'શું, કપાળ બરાબર છે?' એ ચિડાયા. 'પહેલાંના વખતમાં દાહોદ બંદર હતું?'

'દાહોદ તો શું, બધા જ બંદર હતા. ડાર્વિન નામના વૈજ્ઞાનિકે તો સાબિત કર્યું છે કે આપણે આ સ્વરૂપ પામ્યા તે પહેલાં સૃષ્ટિ પર બંદરોનું જ સામ્રાજ્ય...'

'બસ, બસ, હવે. આપણા ગુજરાતીઓની આ ટેવ જ ખોટી છે. ગંભીર વસ્તુ હસવામાં લેવી ને હસવા જેવી વસ્તુ ગંભીર ગણવી.'

'પણ એમાં ખાસ ગુજરાતી લેખકોને જ તમે શા માટે...'

'હું એ જ કહું છું. હું કહેતો'તો કે આપણા ગુજરાતી લેખકોમાં જરા ય ચોકસાઈ નથી. અને આપણી જનતા યે શું ભાઈ! ત્યાં મહારાષ્ટ્રમાં આવી ભૂલ થઈ હોય ને તો તો...' કહીને એમણે ગુજરાતના સાહિત્યજગતની અપૂર્ણતાઓ વિષે મને થોડુંક શ્રવણસુખ આપ્યું.

એકલા એ મિત્રની જ નહિ, બીજા અનેક ગુજરાતીઓની ફરિયાદોનો મોટામાં મોટો વિષય ગુજરાત જ છે. આપણામાં ચોકસાઈ નથી, ખંત નથી, આપણે આરંભે શૂરા છીએ, આપણે માત્ર વેપારી છીએ, આપણું સાહિત્ય અનુવાદ-રસથી છલકાય છે, આપણે પારકી ચોપડીઓ વાંચીએ છીએ ને જલસામાં સૌથી આગળ બેસીને ઝોકાં ખાઇએ છીએ, આપણી સંસ્થાઓને બંગાળથી કલાકારો આયાત કરવા પડે છે અને મહારાષ્ટ્રથી પંડિતો લાવવા પડે છે, આપણાંની આપણને કદર નથી. આપણે આ નથી અને તે નથી, એમ ઘણુંઘણું, ઘણી રીતે, ઘણાને મોંએથી સાંભળવા મળે છે. પણ મને તો આ બધાંમાંથી એક જ ટીકા ખરી લાગે છે, કે આપણને આપણાંની કદર નથી! આપણે રાઈ જેવા આપણા ગુણોને પર્વત જેવા કરવાની સંસ્કારી રીત અપનાવવાને બદલે આપણી અપૂર્ણતાઓ જ જોયા કરીએ છીએ. હમણાં જ એક મિત્ર આપણી સંસ્કારપ્રવૃત્તિની વાત કરતાં મને કહેતા હતા, 'પછી તમારું પેલું મંડળ ઠંડું થઈ ગયું ને?'

'હાસ્તો, ત્યાર પછી તો અમે બીજાં બે મંડળો કાઢ્યાં.'

'અને એ ય સૂઈ ગયાં, કેમ?'

'હાસ્તો. ક્યારનાં ય!'

'તમને કંઈ શરમ આવે છે કે નહિ? મંડળો કાઢવાં ને પછી ચલાવવાં નહિ એ તે કંઈ ઠીક કહેવાય? તદ્દન આરંભે શૂરા! ગુજરાતીઓને આરંભે શૂરા અમથા કહ્યા હશે?' એમણે સંભળાવ્યું.

'હા, હા, પણ એથી એટલું તો સાબિત થઇ જ જાય છે કે આપણે ગુજરાતીઓ આરંભે તો આરંભે, પણ શૂરા તો છીએ જ ને?' મેં કહ્યું. પણ એમનો અસંતોષ તો દૂર ન જ થયો.

'મને સમજાતું નથી કે આરંભે શૂરા થવામાં ખોટું શું છે. મહારાષ્ટ્રી ભાઇઓ પોતાની જાતને ગણપતિના ભક્તો કહેવડાવે છે, ગણેશચતુર્થીને દિવસે શ્રીગણેશના વરઘોડા કાઢે છે, ઉત્સવો ઊજવે છે, ઘણુંબધું કરે છે. પરંતુ આપણે ગુજરાતીઓ કંઈ એવા ખોટા દેખાવોમાં નથી માનતા. આપણે તો આપણી ભક્તિને કાર્યમાં જ ઉતારી બતાવીએ છીએ, અને ગણેશ એ 'આરંભ'ના દેવ છે, દરેક શુભ કાર્યમાં આરંભે એ વિરાજે છે, એ યાદ રાખીને જ આપણે બને એટલા વધુ 'આરંભો' કરીએ છીએ. સાચી ગણપતિભક્તિ આમાં જ છે અને ગણપતિના વરઘોડા કાઢવામાં નહિ એમ નથી લાગતું?

જગતમાં બધે આરંભનું જ મહત્ત્વ છે. કોલંબસે અમેરિકા પ્રયાણનો આરંભ કર્યો, અગસ્ત્યે દક્ષિણ દિશામાં જવાનો આરંભ કર્યો, રશિયાએ જનતા-રાજ્યનો આરંભ કર્યો, ગાંધીજીએ રાજકારણમાં અહિંસાને સંયોજવાનો આરંભ કર્યો, એમાં જ એમનું મહત્ત્વ છે. ખરું શૂરાપણું આરંભમાં જ દાખવવાની જરૂર છે. અંતમાં શૂરાપણું બતાવ્યે શો ફાયદો? એ તો રાજપૂતોનાં નિષ્ફળ કેસરિયાં જેવું જ થાય ને?

અરે, ઈશ્વરે પોતે શું કર્યું છે? આ વિરાટ સૃષ્ટિનો આરંભ જ માત્ર એણે કર્યો. તે પછી એણે એની સામે ય જોયું છે? એ...યને, દુનિયા દુનિયાનું કામ કરે છે ને ભગવાન ભગવાનનું. એટલે આરંભે શૂરા થઇને આપણે તો એ ઈશ્વરી માર્ગને જ અનુસરી રહ્યા છીએ.

બાકી આ વિશાળ બ્રહ્માંડમાં જ્યાં પૃથ્વી પોતે જ એક બુદ્‌બુદ્ જેવી છે, ત્યાં બેચાર સંસ્થાઓ કે બેચાર મંડળો જીવ્યાં ન જીવ્યાંનો શોક શો? રેડિયો પર એક સરસ ગીત વારંવાર સાંભળવા મળે છે: 'આવે આવે ને જાય રે મેહુલિયો, આવે આવે ને જાય' અથવા તો પેલું બીજું એક ગીત નથી, કે 'જોબનિયું આજે આવ્યું ને કાલ જાતું રહેશે?' બસ, બધું એવું જ છે, મેહુલિયો, જોબનિયું ને જિંદગી બધું ક્ષણિક છે, ત્યાં મંડળો, પ્રવૃત્તિઓ કે ચળવળો ચલાવી ચલાવીને ય આપણે ક્યાં સુધી ચલાવવાના હતા? વિરાટ સાગરના એકાદ તરંગ જેવી આપણી પ્રવૃત્તિઓ આરંભવી એ જ માત્ર આપણી ફરજ છે; એ આગળ ચલાવવાનો આગ્રહ રાખવો એ તો મોહ છે. અને એટલે આરંભે શૂરા હોવું એમાં કશું ય ખોટું નથી, ગુજરાતીઓએ એથી જરા ય શરમાવા જેવું નથી.

પણ જ્યાં માણસ દૂધમાંથી પોરા કાઢવા જ બેઠો હોય ત્યાં શું કહેવું? મને એક જણ કહે, 'આપણે ત્યાં ગુજરાતમાં અનુવાદોની જ કદર છે, મૌલિકની કદર જ નથી.' મારા એ મિત્રે પહેલાં થોડીક વાર્તાઓ લખેલી. એમણે એ આપણાં બેચાર છાપાં-માસિકોમાં મોકલી જોએલી, અને રંગેચંગે એ અસ્વીકૃત થઇને પાછી પણ આવી હતી. પણ એમ હારે તો એ ગુજરાતી શાના?

એટલે એમણે એ વાર્તાઓમાં થોડો ફેરફાર કરી ઉપર લખ્યું, 'મૂળ બંગાળી લેખક ચિત્તરંજન રૉયની વાર્તાનો અનુવાદ.' ને બસ, આવી ગઈ; સરસ રીતે, ચિત્રો સાથે એ વાર્તા છપાઈ ગઈ! એમનું નામ મૌલિક લેખક તરીકે ન આવ્યું, પણ એ જ વાર્તાઓના અનુવાદક તરીકે ગુજરાતે એમને વધાવી લીધા!

એમના આ અનુભવમાં મોટું તથ્ય રહેલું છે. એ આપણો પર-

સાહિત્ય-પ્રેમ સાબિત કરે છે. અને પ્રેમ એ એવી અલૌકિક ચીજ છે કે એ જ્યારે આપણા હૃદયનો કબજો લે છે ત્યારે સ્વાભાવિકરીને જ કાચુંપાકું, ગમે તેવું અપનાવતાં પણ આપણે સંકોચાતા નથી.

અને એમાં વાંધો ય શો છે? સૌ પોતપોતાનાં વખાણ કરે એના કરતાં હું તમારાં વખાણ કરું અને તમે મારાં વખાણ કરો એ જ સારું લાગે. તેમ સૌ પ્રાંતો પોતપોતાનું જ વાંચે એના કરતાં બંગાળ ગુજરાતનું વાંચે ને ગુજરાત બંગાળનું જ વાંચે એ જ વધારે સરસ લાગે. અને જો બધા જ પ્રાંતો આપણા જેવા અનુવાદપ્રેમી થઈ જાય તો તો કેવી મઝાની પ્રગતિ થાય! એ...ય ને બસ, ગુજરાતી લેખકની વાર્તા પૂનામાં વંચાતી હોય, પૂનાના લેખકની નવલ બ્રહ્મપુત્રાનો નાવિક વાંચતો હોય, ત્યાંનું બંગાળી ગીત કોઈ રાજસ્થાની યુવાન ઊંટ પર બેઠોબેઠો લલકારતો હોય, રાજસ્થાનનો નિબંધ કન્યાકુમારીની કોઈ કન્યા વાંચતી હોય, ને કન્યાકુમારીનું નાટક આપણા ચંદ્રવદન મહેતા વાંચતા હોય...બસ, એ ય ને આખું ભારત અનુવાદો જ વાંચ્યા કરતું હોય તો રંગ રહી જાય. સાચી 'આંતરભારતી' થઈ જાય.

મારી કલ્પનામાં તો એક એવો મંગલ દિવસ રમે છે કે જ્યારે સૌ માત્ર અનુવાદો જ વાંચતા હશે અને પોતાના પ્રાંતનું મૌલિક લખાણ કોઈ વાંચતું જ નહિ હોય! એવે સમયે દિલ્હીમાં એકાદ સાહિત્યપરિષદ ભરાઇ હશે. એમાં જુદાજુદા પ્રાંતના પ્રતિનિધિઓ આવ્યા હશે અને ત્યાં કો'ક મહારાષ્ટ્રી કોઇ ગુજરાતીને કહેતો હશે: 'ભાઇ, તમારે ત્યાં પેલા રમણલાલ શાહ ખૂબ સરસ લખે છે, હો?'

'રમણલાલ?' ગુજરાતી કહેશે; 'રમણલાલ શાહ? એ કોણ?'

'કેમ? તમારા ગુજરાતના મોટા લેખક છે ને?'

'ના ભઈ, મેં તો એમનું કંઈ વાંચ્યું નથી. પણ મેં તમારા શ્રી કરવરકરનાં કાવ્યો વાંચ્યાં છે; અદ્ભુત છે!'

'કરવરકર? અમારે ત્યાં મહારાષ્ટ્રના લેખક છે? કોણ જાણે! મારા વાંચવામાં આવ્યા નથી.' મહારાષ્ટ્રી કહેશે.

ત્યાં તો 'ખરી વાત છે; તમારા કરવરકર બહુ સરસ લખે છે.' કહેતા કોઈ બંગાળી વચ્ચે ઝુકાવશે.

'એમ તો તમારા બિનયચંદ્ર રૉય પણ ક્યાં ઊતરે એમ છે?'

'બિનયચંદ્ર? એ કોણ?'

'કેમ, પેલા તમારા વિખ્યાત બંગાળી લેખક?'

'મેં કંઈ એમનું ખાસ વાંચ્યું તો નથી;' બંગાળી કહેશે, 'પણ મને યાદ છે ત્યાં સુધી એમની એક બંગાળી વાર્તાના મરાઠી અનુવાદના ગુજરાતી રૂપાંતરના બંગાળી ભાવાનુવાદ વિષે ક્યાંક સાંભળ્યું'તું ખરું.'

પણ હું જાણું ને? નહિ આવવા દે, કદી નહિ આવવા દે, આપણા દુષ્ટ અનુવાદવિરોધીઓ આવો મંગલ દિવસ ક્યારે ય નહિ આવવા દે. ભારતભરમાં બધે માત્ર સારાખોટા ગમે તેવા પણ અનુવાદ જ વંચાતા હોય, મૌલિક પણ અનુવાદિત સ્વરૂપે જ બહાર પડતું હોય એવી ઉચ્ચ કક્ષાએ આપણે કોણ જાણે ક્યારે ય પહોંચીશું? અત્યારે તો જે સ્થિતિ છે તેનાથી સંતોષ માનવાનો, બીજું શું?

પણ લોકો એકલી આપણી અનુવાદભક્તિની જ ટીકા કરીને અટકતા હોય તો ઠીક; પણ એ તો કહે છે કે આપણામાં કલાપ્રેમ જ નથી. દાખલા તરીકે સંગીત. તો એમાં, પેલા પાકિસ્તાન રેડિયોના નિયામક જનાબ બુખારી મુંબાઈ હતા ત્યારે કહેતા'તા તેમ, મહારાષ્ટ્રમાં એટલો તો સંગીતશોખ છે કે ત્યાંના ઉંદરો ચૂંચૂં કરે છે, તે ય સંગીતમય હોય છે! જ્યારે આપણા ગુજરાતીઓ? નામ નહિ મળે સંગીતપ્રેમનું!

વચ્ચે એક વાર હું એક સંગીતના જલસામાં ગએલો. એક ઊંઘ ખેંચીને હું દસેક વાગે ત્યાં પહોંચ્યો ત્યારે તબલાં પર હથોડાઓથી ઠક ઠક થતું હતું. સાડાદસ-અગિયારે સંગીત શરૂ થયું. અને માનશો? બાર વાગ્યે જ્યારે મેં આંખો ઉઘાડીને જોયું ત્યારે શ્રોતાઓમાંના મોટાભાગના ગુજરાતીઓ નયણાં ઢાળીને સમાધિમાં લીન થઇ ગએલા. માત્ર થોડા પરપ્રાંતીઓ આંખો ઉઘાડી રાખીને સંગીતકારનો ઉત્સાહ ટકાવી રાખતા બેઠા હતા.

સંગીતમાં જ નહિ, બીજી કળાઓમાં પણ આપણું આવું છે. ચિત્રકળા માટે આપણે બંગાળ તરફ જોવું પડે છે અને નૃત્યકળા માટે દક્ષિણ તરફ. આપણી પોતાની પાસે તો માત્ર એક પૈસા કમાવાની કળા છે. આપણને રસ હોય તો માત્ર વેપારમાં, એમ અનેકનું માનવું છે.

હા, એ ખરું કે પૈસા કમાવાની પ્રવૃત્તિ માટે આપણા હૃદયમાં પ્રેમ છે; એની ના નહિ. એક વાત છે કે એક વાર કો'ક પરદેશીએ એક અંગ્રેજ, એક ફ્રેંચ, એક જર્મન અને એક ગુજરાતીને 'હાથી' વિષે નિબંધ લખી લાવવાનું કહ્યું. અંગ્રેજે બે વર્ષ આફ્રિકાના જંગલમાં ગાળ્યાં અને 'હાથીનો શિકાર' એ વિષય પર એક ગ્રન્થ લખી નાખ્યો. ફ્રેંચે ત્રણ વર્ષ નીરીક્ષણ કરીને 'હાથીઓનું પ્રેમજીવન' એ વિષય પર સુંદર પુસ્તક રચી નાખ્યું. જર્મને ચાર વર્ષ બ્રિટિશ મ્યુઝિયમમાં બેસી 'પથ્થર યુગના હાથીઓનું માનસ-પૃથક્કરણ' એ વિષય પર સંશોધન ગ્રંથ લખ્યો. પણ ગુજરાતીએ પોતાના સેક્રેટરી પાસે 'હાથીદાંતના વેપાર' પર ચાર પાનાંનું ચોપાનિયું લખાવીને જ સંતોષ માન્યો!

આમ, ગુજરાતીઓ વેપારપ્રેમી છે અને એમનામાં કલાપ્રેમ ઓછો છે એ વાત સાચી હોય તોપણ એના પ્રત્યે જોવાની આપણી દૃષ્ટિ ખોટી છે. બાકી આપણે ત્યાં કલાનો વિકાસ ઓછો થયો હોય તો ય એનું કારણ શું એ ખબર છે! એનું કારણ છે આપણી ભાવનાશીલતા. પેલું ગીત છે ને, કે 'તારી શીતળ છાયામાં સૌને પોઢાડી, તારા દિલના સંતાપ તું તપજે એકલો!' એમ આપણે પણ નૃત્ય, ચિત્ર, સંગીત, શિલ્પ એવી બધી મઝાની વસ્તુઓ આપણા બીજા બંધુપ્રાંતોને સોંપી ધન-અર્જનની કડવી ફરજ માથે લઇ લીધી છે. આ તે કંઈ જેવોતેવો આત્મભોગ છે? હા, એક કવિતાનું કામ જરા અઘરું છે એ આપણે થોડું કર્યું ખરું. કારણ એમાં છંદ ગોઠવવાના, ને પ્રાસ બેસાડવાના, ને માત્રા મેળવવાની, ને ધ્વનિ પ્રગટાવવાનો ને એવું બધું માથાકૂટિયું કામ રહ્યું, એટલે એ બાબતમાં આપણે જરા જવાબદારી લીધી. બાકી બીજી સહેલી કળાઓ પૂરતો તો આપણે જબરો આત્મભોગ આપ્યો છે. એનાથી વંચિત રહેવાનું સ્વીકારી લઇને આપણે બીજા પ્રાંતોને ગૌરવ લેવાની તક આપી છે. છતાં ય આવા ઉત્તમ આત્મભોગને આપણી નબળાઈ ગણવામાં આવે છે!

આમાં વાંક સાહિત્યકારોનો ને કલાકારોનો છે. એ લોકોને સાહિત્યમાંથી કે કલાસર્જનમાંથી પૂરતું ધન નથી મળતું એટલે એ ગુજરાત પર કદરહીનતાનો આક્ષેપ મૂકે છે. આપણે ત્યાં સાચા કલાકારોને ચણા ખાઇને રહેવું પડે એવી સ્થિતિ છે એમ બબડ્યા કરે છે, પણ કોઈ એમ નથી વિચાર કરતું કે ચણા એ કેવી ઉત્તમ, કેવી પૌષ્ટિક, કેવી બળવર્ધક વસ્તુ છે. આપણા નબળા કલાકારોને ચણા ખાઇને રહેવું પડતું હોય તો એમાં એકંદરે એમને જ ફાયદો છે ને?

અને ચણાનો ધ્વનિ શો છે, ખબર છે? ચણા એટલે ઘોડો; અને ઘોડો તો છે—ગતિનું નિરંતર પ્રગતિનું પ્રતીક! ગુજરાત ઘોડાઓને (અલબત્ત, રેસના ઘોડાઓને) પૈસા ખવડાવે છે ને કલાકારોને ચણા ખવડાવે છે એની પાછળ એનો ઉદ્દેશ તો કલાકારો આગળ અવિરત પ્રગતિનો આદર્શ નિરંતર જીવતો રાખવાનો જ છે. પણ એ લોકો સમજે તો ને?

બાકી આપણે સમજી લેવું જોઇએ કે જો લેખકો (અનુ. પૃ. ૯૭મે)

પચ્ચીસ વર્ષ પહેલાં



અંક ૩૯મો
ફાગણ ૧૯૮૩

અમદાવાદની દક્ષિણે આવેલા, સુંદર કારીગરીથી મંડિત 'શાહે આલમના રોજા' વિષે રસમય ઐતિહાસિક માહિતી આપતો શ્રી રત્નમણિરાવ ભીમરાવ જેવા વિદ્વાન ઇતિહાસવિદનો જે રસમય લેખ પચ્ચીસ વર્ષ પર આવેલો તેના ઉઘાડમાંથી અમદાવાદ શહેરનો ટૂંકો ઇતિહાસ તથા શાહે આલમ સંબંધે એકાદ ફકરો તારવીએ:


'**શ**હેરોનાં નસીબ પણ કેવી ચડતી પડતી ભોગવે છે! કોઇ તેના સ્થાપનારના અથાગ પરિશ્રમ છતાં ખંડેર થયાં છે; કોઈ વારંવાર ભાંગ્યા છતાં ફરી આબાદ થયાં છે. બંગાળની પ્રાચીન રાજધાની ગૌડ, અકબરે વસાવેલું ફતેહપુર સિક્રી, ચીની મુસાફરે વખાણેલું આપણું વલભીપુર અને મહમુદ બેગડાએ અમદાવાદથી યે વધારે શણગારેલું ચાંપાનેર, એ બધાંની આજે શી સ્થિતિ છે!

આપણા અમદાવાદની જ કેવી ચડતી-પડતી થઇ! ઇસ્વી સનની શરૂઆતથી રૂદ્રદામાના લેખમાં જણાવેલો શ્વભ્રદેશ તે સાબરકાંઠાનો મુલક.અને સાબરમતીનું નામ શ્વભ્રવતી હતું. શ્વભ્રવતી એટલે કોતરવાળી નદી. આ શ્વભ્રવતીને કિનારે આશાપલ્લી, આસાવલ અગર મુસલમાનોનું યસાવલ, ખંભાતના રસ્તા ઉપર, દસમી સદીના ગુજરાતની દક્ષિણ સીમાનું નાનું પણ જૂનું શહેર હતું. કર્ણદેવ સોલંકીએ પૂર્વ અને દક્ષિણના પ્રાંતોમાં વ્યવસ્થા કરવા માટે ત્યાં પડાવ નાખી એનું નામ બદલી કર્ણાવતી રાખ્યું, ને જૈન વણિક વેપારીઓના વસવાટથી એની આબાદી વધવા માંડી ને શ્રીનગર તથા રાજનગર જેવાં એને ઉપનામ મળ્યાં. પરંતુ ચાંપાનેરનું નામ મહમુદ બેગડાએ મુહમ્મદાબાદ બદલ્યા છતાં લોકપ્રિય નામ ચાંપાનેર જ કાયમ રહ્યું તેમ, ગ્રન્થો અને લેખો સિવાય, કર્ણાવતીને બદલે લોકપ્રિય આસાવલ જ નામ ચાલુ રહ્યું.બાદશાહ અહમદશાહે આસાવલની અડોઅડ, સહેજ ઉત્તરે, નવું શહેર અહમદાબાદ-અમદાવાદ વસાવ્યું ત્યારે જ આસાવલ નામ ઇતિહાસમાંથી અળગું થયું.

આશાપલ્લી કે કર્ણાવતીનાં મકાનો ને મંદિરોના પત્થરો, પાટણ ચંદ્રાવતીના પત્થરોની સાથે, અમદાવાદનાં મકાનો બાંધવામાં વપરાયા. કેટલાંક મંદિરોને તો માત્ર કમાન ને ઘૂમટ ઉમેરીને મસ્જિદોમાં ફેરવી નાંખ્યાં.

આશરે દોઢસો વર્ષની સ્વતંત્ર બાદશાહીમાં ગુજરાતની સાથે અમદાવાદની આબાદી અને વેપારઉદ્યોગ વધ્યાં. અમદાવાદ જેવું સુંદર શહેર આખા એશિયામાં તે વખતે નહોતું. એ પૂર્વની મહારાણી—Queen of the East—કહેવાતું.બાદશાહીસિક્કાઓમાં એનું ઉપનામ 'શહેરે મુઆઝમ' (મહાન નગર) હતું. ગુજરાતી સ્થાપત્યનાં લાલિત્ય ને કારીગરીનો જોટો તે વખતે ભારતભરમાં નહોતો; અને હિંદુમુસ્લીમ ઐક્ય એ સ્થાપત્યમાં તો એવી અજબરીતે થયું હતું કે અમદાવાદની મસ્જિદો થોડા ફેરફાર સિવાય દરેક રીતે હિંદુ સ્થાપત્યનાં લક્ષણ જાળવી, અદ્ભુતકારીગરીનાનમૂના રૂપઆજે ઊભી છે.

આસ્તોડિયામાં રાણી સિપ્રિની 'મસ્જિદે નગીના', મિરઝાપુરમાં રાણી રૂપમતીની મસ્જિદ, જુમા મસ્જિદ, શાહપુરમાં હુસેન મુહમ્મદ ચિશતીની મસ્જિદ, ઘીકાંટે મુહાફિઝખાંની મસ્જિદ, લાલ દરવાજે સીદી સૈયદની મસ્જિદ જેવી મસ્જિદો; પીર બાદશાહ અહમદશાહનો રોજો, હજરત શાહે આલમ સાહેબનો રોજો, કૅલિકો મીલ પાસે મીર અબુ તુરાબનો રોજો,ગુજરાત વિદ્યાપીઠ પાસે સૈયદ ઉસ્માન શમે બુરહાનીનો રોજો અને ખાનપુરમાં શાહ વઝીકદ્દીનના રોજા જેવા રોજાઓ; દાદા હરીની વાવ ને કાંકરિયા તળાવ જેવા પુરાણા અવશેષો અમદાવાદનાં



અમદાવાદના શાહે આલમના રોજાના દ્વારપ્રદેશની સુંદર કોતરણીઓ, જેમાં કમાનમાંની તથા બે બાજુની પથ્થરની જાળીઓ ઉપરાંત બારણાં તો અદ્ભુત બારીક લીલાભરી પિત્તળની કોતરણીવાળાં છે. એ કમાડની જાળી તો એટલી પ્રસિદ્ધ હતી કે અમદાવાદમાં વણાતી અતલસ ઉપર 'શાલમ જાળી' પાડેલી હોય તો તેની કિંમત ભારે ગણાતી.

સ્થાપત્ય ને કારીગરી વિવિધ રંગોમાં બતાવી રહ્યાં છે. અને હઠીસિંગનું મંદિર, સ્વામીનારાયણનું મંદિર તથા ખેતરપાળની પોળ અને ફતાશાની પોળનાં જૈનમંદિરો તથા કેટલાંક લાકડકામવાળાં ઘરો, એ કલા અને કોતરણી આજ સુધી તાજી છે એ સિદ્ધ કરે છે. પત્થરની જાળીઓનું કામ તો આખા હિંદુસ્તાનમાં અમદાવાદમાં જ સર્વશ્રેષ્ઠ છે. લાલ દરવાજે સીદી સૈયદની મસ્જિદમાંની ઝાડની જાળી અને બીજા રોજાઓની જાળીઓ જેવું ઝીણું કામ આગ્રા દિલ્હીમાં પણ નથી. ભૌમિતિક આકૃતિઓ તો કલાકારે છૂટે હાથે વેરી છે; અને દિલ્હી-આગ્રાના આરસના કામ કરતાં પણ અમદાવાદના રેતિયા પત્થર (સૅન્ડસ્ટોન) પર તેનાથી ચડિયાતું કામ છે!

આવી રીતે ગુજરાતી બાદશાહોએ શણગારેલા અમદાવાદને મુઘલ બાદશાહોએ વધુ તો ન શણગાર્યું, પણ આબાદી પૂરેપૂરી સાચવી રાખી. પણ તે પછી તેના ભાગ્યચક્રમાં આવેલા મરાઠા રાજ્યના વખતમાં એના ઉપર રાહુની દશા બેઠી. વસતિ આઠ લાખથી ઘટી એંશી હજારની થઇ. સર ટૉમસ રોને લંડન જેવડું લાગેલું અમદાવાદ કોટની અંદરના કેટલાક ભાગોમાં ઉજ્જડ થઇ ગયું. પરંતુ અમદાવાદનું નસીબ જુદું હતું. ધીમે-ધીમે એના વેપારમાં એની ચડતી દેખાવાની શરૂઆત થઈ, ને તે આજ સુધી ચાલુ છે. શાહે આલમના રોજાના દરવાજાનાં પિત્તળનાં કમાડની જાળી અમદાવાદમાં એટલી પ્રસિદ્ધ હતી કે આજ સુધી અમદાવાદમાં વણાતી અતલસ પર 'શાહમ જાળી' પાડી હોય તેની કિંમત બીજી કરતાં વધુ ઉપજતી. હાલનું અમદાવાદ તે મરાઠા રાજ્યની અવ્યવસ્થાથી સડી ગયા પછી અમદાવાદીઓની જાતમહેનતથી સહેજ સુધરેલી એ પ્રાચીન અમદાવાદની આવૃત્તિ છે.

પંજાબના ઉછ ગામના સંત સૈયદ જલાલ બુખારીના પૌત્ર કુતુબે આલમ સાહેબે ગુજરાતમાં બુખારી સૈયદોની સ્થાપના કરી. અમદાવાદ વસતું હતું ત્યારે બાદશાહની વિનતિથી આસાવલમાં એ થોડો વખત રહ્યા, ને પછી વટવામાં પોતાનું કાયમનું સ્થાન કર્યું. તેમનાં બે ખાનદાન ચાલે છે. તેમાં વટવાવાળા કુતુબી સૈયદો ને શાહે આલમવાળા શાહી સૈયદો કહેવાય છે. શાહે આલમ એમના બીજા પુત્ર થાય. મુસલમાનો તથા ગુજરાતના બીજા બધા બાદશાહોએ એમને તથા એમના વંશજોને ઘણા પૂજ્ય ગણેલા છે. તેમણે બાપથી જુદા પડ્યા પછી આસાવલ પાસે રસુલાબાદ નામે પરૂં વસાવી ત્યાં વાસ કર્યો, અને એમનો પવિત્ર રોજો પણ હાલ ત્યાં જ બાંધેલો છે. તેમનું લગ્ન સિંધના જામની પુત્રી બીબી મુરકી સાથે થયું હતું. તે સિવાય બીજી સ્ત્રીઓ પણ એમને હતી. સુલતાન મહમુદ બેગડાના એ માસા થાય. મહમુદ નાનો હતો ત્યારે તે પોતાના માસા શાહે આલમ પાસે રહેતો, કારણ તેનો સાવકો ભાઇ સુલતાન કુતુબુદ્દીન તેને મારી નાખવા મથી રહ્યો હતો. તેના ક્રોધમાંથી બચાવવા હજરતે ઘણા ચમત્કાર કર્યા કહેવાય છે. સંસારમાં રહેવા છતાં, સંસારનું દરેક સુખ ભોગવવા છતાં સંપૂર્ણ સાધુતા અને વીતરાગપણું શી રીતે રહી શકે છે, તેનું સુંદર દૃષ્ટાંત શાહે આલમના જીવન પરથી સમજાય છે. એમનામાં સાધુતાના દરેક ગુણ સંપૂર્ણ ખીલેલા હતા. તેમના ચમત્કારોનું વર્ણન કરતાં ઘણો વિસ્તાર થાય. તેમાં એક ઘોળીના રમૂજી કિસ્સાની દંતકથા તો હજી ચાલે છે. માળવાના શેખ કમાલ અને શાહે આલમ બંને સંતો પડોશી હતા. એ બંનેનો ઘોબી એક હતો અને તેને કાંઇ સંતાન ન હતું. ઘોબી બંને સંતો પાસે જતો ત્યારે આટલી મહેરબાની કરવા વીનવતો. એક વખત હજરત શાહે આલમે ખુશી થઈ કહ્યું કે 'જા તને છોકરો થશે'. પછી શેખ કમાલ પાસે જઇ તે જ દિવસે એ જ વિનતિ કરી. શેખે કહ્યું કે 'જા, તને છોકરી થશે!' એ પછી કેટલેક સમયે તેને છોકરો થયો. તે લઈ શાહે આલમને ત્યાં ગયો, અને તેમને બતાવ્યા બાદ શેખ કમાલ પાસે આવ્યો, તે વખતે આશ્ચર્ય સાથે છોકરાને બદલે છોકરી માલૂમ પડી! પછી જ્યારેજ્યારે એ શાહે આલમને મકાને જાય ત્યારે છોકરો અને શેખને મકાને જાય ત્યારે છોકરી થતી! તેથી આજે પણ મુસલમાનોમાં માન્યતા છે કે શાહે આલમ અને શેખ કમાલના રોજાઓમાં એક જ દિવસે કદી ન જવું!'

પશ્ચિમી કુશ્તીબાજ ઝિબિસ્કો તથા તે સામે લડનાર હિંદી કુશ્તીબાજ ગામાના પરિચય અગાઉ તારવેલા. હિંદમાં એ વખતે બે ગામા હતા: મોટો અને નાનો. તેથી થએલી એક ગેરસમજ ટાળવા શ્રી હરિનારાયણ આચાર્યે આ અંકમાં એક નોંધ આપેલી, તેમાં હિંદના બીજા નામાંકિત મલ્લોનો પણ ટૂંકો પરિચય આવી જાય છે. એ ઉતારીએ:

'થોડાં વર્ષ પર વિલાયતના એક જુવાન કુસ્તીબાજે કલકત્તામાં હિંદના પહેલવાનોને આહ્વાન આપ્યું હતું. કુચબિહારના મહારાજાએ પોતાના પહેલવાન અલિયાને એની સામે ઊભો કર્યો. પાકટ અવસ્થા હોવા છતાં અલિયાએ જોતજોતાંમાં એને ધૂળ ચાટતો કરી દીધો. આ અલિયાને બે પુત્ર હતા: ગુલામ ને કલ્લુ. પંજાબના કિકડને ટક્કર આપનાર એ ગુલામને પંડિત મોતીલાલ નહેરુ પારીસના પ્રદર્શનમાં લઈ ગએલા, જ્યાં એણે યુરોપિયન કુશ્તીબાજોમાં થથરાટ ફેલાવેલો!

અલિયાનો બીજો પુત્ર કલ્લુ પણ અદ્વિતીય પહેલવાન હતો. તેને ગામા નામે પુત્ર છે. એ ગામા થોડાં વર્ષ પર જૂનાગઢ રાજ્યના પહેલવાન તરીકે હતો. મહારાષ્ટ્રમાં એની જબરી પ્રતિષ્ઠા. એ અને ઝિબિસ્કો સામે લડનાર ગામા બે જુદા. આ ગામા કલ્લુની અને ગૂંગા નામના બહેરામૂંગા પહેલવાનની કુસ્તી, ૧૯૨૭ની ૨૭મી જાન્યુઆરીએ કોલ્હાપુરમાં ૩૦૦૦૦ પ્રેક્ષકો સમક્ષ થઈ હતી. દોઢ કલાકની રસાકસી પછી ગૂંગાએ ગામાને ચિત કરી વિજય મેળવેલો.

ગૂંગા અદ્વિતીય પહેલવાન હોઇ હિંદમાં એણે ખૂબ નામના મેળવી. ૧૯૨૩માં પેલા મોટા 'રૂસ્તમે હિંદ ગામા'ના ભાઈ ઈમામબક્ષ જોડે એની કુશ્તી લાહોરમાં થયેલી. પહેલીમાં ગૂંગાએ ઈમામને ચિત કર્યો, બીજીમાં તોફાનો થવાથી કુશ્તીનો નિકાલ ન આવ્યો, પણ ત્રીજીમાં ઈમામને હાથે તે મહાત થયો.

ઈમામબક્ષ પણ અદ્ભુત કુશ્તીબાજ છે. પોતાના ભાઈ ગામા કરતાં યે એનું કૌશલ ચડિયાતું છે, એવું તજ્જ્ઞ કુશ્તીબાજો માને છે. એ ધ્યાનમાં લેતાં ગૂંગાની શક્તિ ને કલાનું કંઇક ભાન થશે.'

આ નીચે આપ્યો છે એવો પ્રકીર્ણ સંભાર પણ એ અંકમાં હતો: 'ઘરમાં પાણી ગરમ કરવાની દેગડીનું તળિયું કાળું કેમ હોય છે? કદાચ એમ ધારશો કે રોજ કાળો ભાગ ઘસી નાખવાની મહેનત પડે એટલે તે એમ રહેવા દેતા હશે. પણ ના, તેમ નથી. કાળો રંગ ગરમીગ્રાહક છે. વળી તેમાં ગરમી સાચવી રાખવાની શક્તિ છે. તેથી જ કીટલી કે ઊનું પાણી કરવાનાં વાસણનું તળિયું કાળું રહેવા દેવાની જરૂર છે. તમારે પ્રયોગ કરવો હોય તો એક પ્યાલો મેશથી કાળો રંગીને ચૂલા પર મૂકો, ને બીજો સફેદ પ્યાલો મૂકો. કાળા પ્યાલાનું પાણી જલદી ગરમ થશે, ને બંને પાણી ઠારવા મૂકશો તો કાળા પ્યાલાના પાણીને ઠરતાં વાર લાગશે. આથી જ ગરમ દેશમાં ધોળાં કપડાં અને ઠંડા પ્રદેશમાં કાળાં કપડાં પહેરવાની જરૂર રહે છે. હિંદ ગરમ દેશ હોઈ તેના લોકોએ આરોગ્યને ખાતર પણ ધોળાં કપડાં પહેરવાની જરૂર છે.'

કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરની આત્મકથા જોડાસાંકોર ધારે

શ્રીમતી રાણીચંદના બંગાળી ઉપરથી અનુવાદક રમણિક મેઘાણી

એકાકી

હવે નિશાળે જવાનું બંધ થતાં આ બાતલ સિપાઇની કેવી દશા થઈ તે સાંભળો. નિશાળે જવાની આફતમાંથી તો મુક્તિ મળી. વિચાર્યું કે ચાલો, સરસ થયું. હવે મોટેરાંઓની જેમ હું પણ સ્વાધીન થઈ ગયો. મનનું ધાર્યું કરી શકીશ. નહાવા–ખાવા માટે કોઇ હવે મને ઉતાવળ કરાવશે કે ધમકાવશે નહિ. નિયમ મુજબ રહેવાની હવે જરૂર નથી. પૂજાની લાંબી રજા પડતાં કે ઉનાળાની રજાઓ મળતાં જેવો આનંદ થાય તેવા આનંદમાં દિવસો પસાર કરીશ એમ હું માનતો હતો. અને આમાં તો પાછી ક્યારે નિશાળ ખુલે છે એની પણ ચિંતા નહિ. આવી બધી કલ્પનામાં હું મશગુલ રહેવા લાગ્યો.

પણ બે દિવસે ય પૂરા ન થયા ત્યાં મેં જાણ્યું કે અરે રામ! આ તો એમ નથી. જદુ ઘોષાલ માસ્તર અમારા મકાનમાં જ રહેતા. એમની પાસે સમયસર ભણવા બેસવું પડતું. દસ વાગ્યામાં જ નોકર ઉતાવળ કરવા માંડતો. નાહી કરીને ઝટપટ જમી લેવું પડતું. ખાઈપીને ફર્યા કરતો. નિશાળમાંથી મુક્તિ મેં એકલાએ જ મેળવી હતી. મોટાભાઈ, ઈન્દુભાઈ વગેરે સૌ સ્કૂલે ચાલ્યા જતા. માન્યું હતું કે રમતગમત અને કૂદાકૂદમાં મોજથી દિવસ નીકળી જશે. પણ એમ ન બન્યું. રમું જ કોની સાથે? રમતના સાથી સૌ તો સ્કૂલે ચાલ્યા ગયા હોય, એટલે એકલાં એકલાં મારે ઘેર કરવું શું તે જ સમજાતું નહિ. નોકરો સૌ પોતપોતાના કામમાં પરોવાયા હોય. રામલાલ મને ધમકાવતો: 'ક્યાંય જશો નહિ. ચુપચાપ બેઠા રહેજો. જ્યાંત્યાં ગયા છો ને તો વાત છે તમારી! કહી દઉં છું, ગલીને નાકે એક ભૂત રહે છે એ પકડી જશે!' આટલું કહી એ ગલીને નાકે આવેલી એક કોટડી નીચે જ્યાં ગટરનું ઢાંકણું હતું તે તરફ આંગળી ચીંધતો. અગાઉ તો હું ગમે ત્યારે અંદર ઘરમાં જઈ શકતો; પણ હવે તો સવારે નોકર મને બહાર લઇ આવતો, અને આખો દિવસ મને અંદર જવાની મનાઈ હતી. તેમ છતાં કોઇ ન જોતું હોય ત્યારે હું અંદર ચાલ્યો જતો. બા ત્યારે મારા નાના ભાઇની પળોજણમાં પડી હોય. મારે બે નાની બહેનો હતી: સુનયની અને વિનયની. એકવાર એમની સાથે રમતાં રમતાં મારાથી એનું એક રમકડું ભાંગી ગયું અને એમણે રડારોળ શરૂ કરી મૂકી કે 'અવનભાઇએ અમારી પૂતળી ભાંગી નાંખી રે......' અને સૌ મારા પર તૂટી પડ્યા: 'તું અહીં આવ્યો જ શા માટે? જા, બહાર ચાલ્યો જા. ત્યાં જઇને રમવું હોય એ રમ.' અને સૌનાં મેણાંટોણાં ખાઈ હું પાછો બહાર ચાલ્યો આવતો. પરંતુ બહાર કોઈ મને પ્રેમથી બોલાવે એવું નહોતું, બધા ધાકધમકી આપનારા જ હતા.

બાપુજીએ એક ગુલાબી રંગનો કાકાકૌવા પાળ્યો હતો. વરંડામાં ભીંતે ટાંગેલા હરણના શીંગડા પર એ બેઠો રહેતો. દેખાવે એ બહુ સુંદર હતો. સવારે બા પાન બનાવતી હોય ત્યારે બા પાસે જઇને પાનની ડાળખી ખાય, નાનાં ફઈબા પાસે જઈ લીલા ચણા ખાય, અને પાછો આવીને શીંગડા પર બેસી જાય. મને વિચાર આવ્યો કે ચાલ હવે માણસને બદલે પંખી સાથે જ દોસ્તી બાંધું. આમ વિચારી હું જેવો એની પાસે જઇને ઊભો કે તુરત એ કલગી ટટ્ટાર કરી, પાંખ પહોળી કરી મને ચાંચ મારવા આવ્યો ને દોસ્તી કરવી પડતી મૂકી હું ત્યાંથી ભાગી છૂટ્યો. એની પાંખની અંદર બાપુજી પોતાને હાથે પાઉડર લગાવતા. પાઉડર લગાવીને મેમસાહેબ બની એ કલગી ડોલાવતો બેઠો રહેતો. શું અભિમાન હતું એને! એ ઓછો મારી સાથે મૈત્રી બાંધે? હું તો બીકથી એ બાજુ ફરકતો જ નહિ.

બીજી એક હતી કામિની નામે કૂતરી. બાપુજી એની બહુ કાળજી રાખતા. એ કામિની માટે ખાસ જુદો મહેતર રહેતો. એને જ્યારે સાબુથી નવડાવી, પાઉડર છાંટી, શણગારી, સેંથો પાડી છોડી મૂકતા ત્યારે એ ફરફર કરતી ફર્યા કરતી: જાણે ઘરની લાડલી છોકરી. ઘરનાં છોકરાં તરીકે અમારું પણ એટલું આદર-માન નહોતું જળવાતું જેટલું કામિનીનું જળવાતું. દોસ્તી બાંધવાના વિચારે એ કામિની પાસે હું ગયો; પરંતુ એને તો મારી પડી જ નહોતી. હું એની બાજુ ફરક્યો કે તુરત એ પૂંછડી હલાવતી બાપુજીના ઓરડા તરફ ચાલી ગઈ.

નાનાનાના એક જોડી વાંદરા પણ બાપુજીએ પાળેલા. અને એને માટે એ કાળજી પણ એટલી બધી રાખતા કે ગ્રેઈટ ઈસ્ટર્ન હૉટેલમાંથી એ વાંદરાઓ માટે ખાસ તાજાં ચીના મેળવેલાં ચેરી ફળ આવતાં! બાપુજી જાતે એક એક કરીને એ ફળ એમને ખવડાવતા. અને એ જોતાં હું ઈર્ષાએ બળી ઊઠતો. વિચારતો કે એ ફળ મને ખાવા મળતાં હોય તો કેવું સારું? એક હરણ પણ બાપુજીએ પાળ્યું હતું. એનું નામ હતુ 'ગુલાબી.' એ ગુલાબી પાસે જાઉં કે હૈ-હૈ કરતો મારી દોડી આવતો!

જોયાં મારાં નશીબ? પશુ પંખી પણ કોઇ મને પોતાની પાસે ફરકવા દેતું ન હતું. જો કોઇની યે પાસે વહાલ પામતો તો તે એક નાનાં ફઇબા પાસે. વચ્ચેવચ્ચે એ મને પોતાને ઓરડે બોલાવી જતાં. ત્યાં રોજ કથા કે વાર્તા ચાલતાં હોય. માસિક પગારથી એક બારોટને રોક્યો હતો. થોડીવાર એ સાંભળતો. પરંતુ એ પણ કેટલીવાર નભે? મહામુશીબત થઈ. એકલા એકલા સમય કેમ જાય? મનના આ દુઃખમાં હું વિચારતો કે આ કરતાં તો સ્કૂલ સારી હતી. ગાડીમાં બેઠાં પહેલાં જે કાંઇ વીતે એ વીતે. બેઠા પછી તો બધું થાળે પડી જતું. ગાડી ગલીને નાકે વળીને આગળ ચાલતી. પેલું શિવમંદિર, દાંસાનો ઘેર, લોકો, દુકાનો, મારગની બંને બાજુએ એ બધું જોતો જોતો હું લહેરથી જતો. બહારની થોડીક દુનિયા તો જોવા પામતો. હવે તો એકદમ જાણે બંદીખાને પડ્યો! દરવાજો વટાવીને આગળ જવાનો ઉપાય જ નહિ. ઉઘાડા દરવાજા પાસે ઓટલે બેઠો છે દરવાન મનોહરસિંગ. અને યાદ આવે છે સ્કૂલ સામેની પ્રતાપ પીપરમેન્ટવાળાની દુકાન. નાનીનાની લાલ લીલી ને પીળી પીપરમેન્ટ હું તેની પાસેથી માગીમાગીને ખાતો. હું હાથ લાંબો કરતો કે તુરત પ્રતાપ મારા હાથમાં થોડીક પીપરમેન્ટ મૂકી દેતો.

અને યાદ આવતા બીજા સરખેસરખા મિત્રો. એમની સાથે હડિયાપાટી ને તોફાનમસ્તી કરવામાં યે મઝા હતી. મારા જેવા ભીરુ છોકરા પણ એકબે હતા. એકની વાત કહું. નિશાળે આવવું એને યે જરા પણ નહોતું ગમતું. નિશાળે જવાનો સમય થાય કે ભાઇ ભાગતા ફરવા માંડે. એક વાર નિશાળનો વખત થયો ત્યારે એમણે આ બાજુ શું કર્યું? એના ઘરની પાસે જ એક શિવમંદિર હતું. ભાઇસાહેબ એની અંદર ભરાઇને કપડાં કાઢી અંધારામાં મોટા કાળા પથ્થરના શિવને બાથ ભીડીને બેસી ગયા! એનો પોતાનો રંગ પણ સારી પેઠે શામળો હતો, એટલે શંકરના કાળા રંગમાં એ ભળી જતો. એના ઘરના નોકરચાકર અને મોટેરાંઓ શોધીશોધીને થાક્યા પણ ભાઈસાહેબનો પત્તો લાગ્યો નહિ. હો-હા મચી ગઈ. આખરે કોક શિવને માથે પાણી રેડવા ગયું ત્યારે ભાઇનો પત્તો લાગ્યો. એ બધા


મિત્રોની વાત યાદ આવતી અને મારું મન ઉદાસ બની જતું.

નૉર્મલ સ્કૂલનું મકાન પણ જરા રહસ્યમય હતું. મોટું રાજમહેલ જેવું એ મકાન હતું. એમાં અટપટી ગલીકૂંચીઓ, બાકોરાં-ભોંયરાં, અહીં ઓરડો તો ત્યાં કઠોડાબંધ વરંડો, અને મોટામોટા થાંભલાઓ. તડકો ત્યાં પહોંચતાં જ ચમકવા લાગતો. ફરી ફરીને એ બધું જોતો. ક્યાં ગઈ મારી એ નૉર્મલ સ્કૂલ? હમણાં થોડા દિવસ ઉપર ઘણે વર્ષે એક ફિલ્મમાં એ મકાન જોતાં બહુ આનંદ થયો.

સવારનો વખત તો ભણવામાં જેમતેમ વીતી જતો; પણ બપોર નહોતી જતી. ભાઇઓ બધા નિશાળે ચાલ્યા જાય ને બાપુજી એમની કચેરી ચાલ્યા જાય. મને ફારસી ભણાવવા એક મુનશી આવતા. બેચાર અલેફ-બે-પે શીખવી એ ચાલ્યા જતા. એ મુનશી વળી ભીંત પરના પોતાના પડછાયા સાથે જ ઝગડ્યા કરતા! એક દિસસ એમ ઝગડતાંઝગડતાં અતિ રોષે ભરાઇ એમણે પડછાયા ને એવા તો જોરથી માથું માર્યું કે એમના કપાળમાં ફૂટ થઈ અને લોહી વહેવા લાગ્યું!

એ સમયે નોકર-ચાકર સૌ પોતાની ઓરડીએ ગપ્પાં મારતા હોય. દીવાનખાનું પણ સૂમસામ રહેતું. હું એકલો ત્યાં પડ્યો રહેતો. વચ્ચેવચ્ચે ભાઇઓનાં એકઢાળિયાં મેજ ઉઘાડીઉઘાડીને જોતો કે એમાં શું છે? બધું ઊંચુંનીચું કરી પાછું હોય તેમ મૂકી દેતો. મનમાં બીક રહેતી કે જો ખબર પડશે તો ધમકાવી નાખશે. બાપુજીનું ટેબલ પણ જોતો. કેટલીયે જાતની ચીજો એના પર ગોઠવેલી રહેતી. એક પારદર્શક કલમદાની તો એવી ચીજ હતી: બરાબર જાણે સમુદ્રનું છીપલું. બાપુજીએ એ જ ધોરણે બગીચામાં એક ફુવારો મુકાવ્યો હતો. આજે પણ એ ત્યાં છે. હમણાં થોડા દિવસ પર જોરાસાંકો ગયો ત્યારે જોયું તો બગીચો આખો સાફ થઈ ગયો છે. ક્યાંય એક ઝાડવું પણ રહેવા દીધું નથી. છતાં પેલો ફુવારો હજુ એમ જ સ્ફટિક જેવા પાણીથી ભરપૂર છે.

બાપુજીના ટેબલ પર કલમદાનીમાં કલમ પડી હોય. થોડી વાર એના પર હાથફેરો કરી, ફરી એને એને ઠેકાણે મૂકી દેતો ને પછી સૂઈ જતો. પણ હું ક્યાં સૂતો એ જાણો છો? હું સૂતો બિલિયર્ડના ટેબલ તળે, જ્યાં કરોળિયાનાં જાળાં અને ધૂળના ઢગલા જામ્યા હોય!



ત્યાં સૂતાં સૂતાં જોતો ત્યારે એ બધું મારે માથે જ ઝૂલતું હોય એમ લાગતું. મારી સૂવાની જગ્યાઓ એવી જ રહેતી. ફાટેલી ચટાઇ પર કે કોચ-ટેબલ તળે ભરાઇને સૂઇ રહેતો: બરાબર જાનવરની જેમ! અને મારી બુદ્ધિ પણ લગભગ જાનવર જેવી જ હતી. આમ છતાં એકાકીપણાનો એક ફાયદો પણ છે જ. એ દશામાં જ સાચી રીતે જોતાં ને સાંભળતાં શિખાય છે. એ રીતે એકલવાયા રહેતાં રહેતાં જ મારી આંખ સાચેસાચું જોતાં શીખી, કાન દરેક સ્વર પકડતાં શીખ્યા. ત્યારથી જ કોણ જાણે કેટકેટલીયે ચીજો, કેટલાયે શબ્દો મારા મનહરણ પાસે પહોંચવા લાગ્યાં. માણસ કે પશુપંખી કોઇ જ જ્યારે મારું સાથી ન થયું ત્યારે એ એવડું મોટું મકાન જ મારું મિત્ર બની ગયું. નવા રૂપે એ મને દેખાવા લાગ્યું. અહીંતહીં ડોકિયું કરતાંકરતાં જ એટલા મોટા એ મકાન સાથે મારી મૈત્રી જામી. જોરાસાંકોના એ મકાનને મેં બહુ ચાહ્યું છે. એનાં બારીબારણાં, દાદર, તોતીંગ દરવાજો વગેરે લોઢાં લાકડાં પણ મારી સાથે વાતો કરે છે, એટલી બધી ઓળખાણ મારે એની સાથે છે. અને એનો પ્રારંભ એ શૈશવથી જ થએલો.

પડ્યાંપડ્યાં જોતો કે ઘરમાં ક્યાંક પાળ (કૉર્નિસ)ના ખૂણાનો પડછાયો પડે છે ને ક્યાંક વાંદા-જીવડાંને પકડવા શિકારીની જેમ મોં ફાડીને આંખ તગતગાવતી ગરોળી ઊભી છે. ક્યાંક ચકલાંએ માળા નાખ્યા છે, તો ક્યાંક વળી શિકાર ઉપર સમળી બેઠી છે. હું એ જોયા કરતો ને જોયા જ કરતો. વચ્ચેવચ્ચે એ ચીંઈ....કરતી એક ચક્કર ફરીને ઊડી જતી. અને ક્યારેક વળી જોઈ રહેતો સામેની ધોળી ભીંત ઉપર. પેલી બાજુ ઉત્તરમાંથી ખડખડિયાની તડ વાટે દિવસનું અજવાળું અંદર ભીંત ઉપર આવતું. બહારની બાજુ માણસ ચાલ્યો જતો હોય તો એનો પડછાયો ઘરમાં ભીંત પર હાલતો દેખાય. એક પછી એક રંગીન ફિલ્મની જેમ તેઓ પ્રકાશને પંથે આગળ ધપતા અંધકારમાં ઓગળી જતા. એ જાતનાં પ્રકાશચિત્રો જોવાનો મારો રોગ તો આજે યે જીવતો છે. આ બધું એકચિત્તે જોતો, અને જ્યારથી એમ જોવાનું શરૂ કર્યું ત્યારથી એકાકી રહેવાનો મારો અણગમો ચાલ્યો ગયો.

બીજી બાજુ વળી વિવિધ સ્વર-અવાજો મારે કાને આવવા લાગ્યા. બપોર થતાં જ ગલીને નાકેથી સાદ સંભળાતો: 'ઠણ ઠણ ઠણ વાસણ જોઇએ...વા...સ...ણ.' અને એ સાદ દૂર સરી જતો ત્યાં થોડી વારે સંભળાતો 'બંગડી લો...બંગડીઈ...; રમકડાં બં....ગ...ડી....! ર...મ...ક...ડાં!'નો સાદ. અને બા લગભગ દરેક વેળા એને બોલાવતી. ટોપલો એક બંગડી રમકડાં લઇને એ આવતો. અજબઅજબ રમકડાં એ લાવતો. પતરાની નાની નાની માછલીઓ અને લોહચુંબક વાળું એક રમકડું એ લાવતો. માછલી પાણીમાં નાખો લોહચુંબક અદ્ધર રાખીને એને જેમ ફેરવીએ તેમ માછલી પાણીમાં ફરે. એ રમકડું લેવાનું મન મને બહુ થતું. ઘરનાં બીજાં બધાં બાળકોને એ ઘણીવાર મળતું; મને ક્યારેક જ મળતું. જાણે કોઇને મારી પડી જ નહોતી. એ પછી ઉનાળામાં નમતી સાંજે આવતો કુલફી બરફ વાળો. બરફ... બરફ...કુ...લ...ફી...બ...ર...ફ' કરતો. સાંજ વેળા સાદ સંભળાતો બેલફૂલનો. 'બેલફૂલ જોઇએ બે...લ...ફૂ...લ!' બોલતો બોલતો એ શેરીમાંથી પસાર થઇ જતો. દાસીઓ એને બોલાવી બેલફૂલ ખરીદતી અને ઘરની બહેન-દીકરીઓ એની માળા ગૂંથતી.

મોડી સાંજે આવતો [1]મુશ્કિલ-આસાન. હાથમાં ટમટમતો ચિરાગ લઈને, લાંબી દાઢી હલાવતો એને હું વરંડામાંથી જોતો. દરવાજે આવીને સાદ પાડે મુશ્કિ...લ...આ...સા...ન! મુશ્કિ... લ...આ. .સા...ન!' અને અમારે ત્યાંના ક્રમ મુજબ એને મુઠ્ઠી ચોખા યા પાઈપૈસો આપી દેવાતાં. ને વળી પાછો સાદ પાડતો એ ચાલ્યો જતો.

[1]મુશ્કિલ-આસાન: મૂળ ફારસીમાંથી આવેલા આ શબ્દનો તત્ત્વાર્થ છે: 'જે મુશ્કેલ દેખાય છે તે સહજ પણ છે' એનું ટૂંકું રૂપ 'મુશ્કિલ-આસાન'. સાંજ વેળા હાથમાં ચિરાગ લઈને 'જહાં મુશ્કિલ તહાં આ...સા...ન' કરતાં ભીખ માગતા મુસ્લિમ ગાયક ભિખારીનો વર્ગ.

બીજો પણ એક સાદ સંભળાતો. હજુ પણ ક્યારેક ક્યારેક એ કાનમાં ગુંજી ઊઠે છે. બપોરે જ્યારે બધું સુમસામ હોય, ક્યાંયથી કંઈ કરતાં કંઈ યે અવાજ સંભળાતો ન હોય ત્યારે એ સ્વર સંભળાતો: 'ફૂ...યો...ર ધટિ તોલા.[2]' બરાબર કોઇ અદ્‌ભુત પંખી બોલી રહ્યું હોય એમ લાગતું. રાત્રે પથારીમાં સૂતો સૂતો જોતો બારી વાટે આમલીનાં ઝાડનાં કાળાંઘોર માથાં. દાસીઓ કહેતી કે એ આંબલીના ઝાડ નીચે અમારા કુટુંબના સૌની ઓર દાટી છે. વચ્ચે વચ્ચે અગાશીમાંથી ઉભોંદડનો[3] દોડવાનો અવાજ સંભળાતો. એને પગલે પગલે મનમાં એક વાર્તા સર્જાતી કે બ્રાહ્મણનું ભૂત હાલે છે ને ડોશીને ફુધરસ આવે છે. એવાં એક ડોશી સાથે જ હતાં. લાકડી ઠક્ ઠક્ કરતાં એ આવતાં. મોર એમની આંખ ઠોલી ગયો હતો. મારી 'ખિરેર પુતુલ' વાર્તામાં જે ષષ્ઠી ડોશીને મેં ચીતર્યાં છે તેવાં જ બરાબર એ હતાં.

રાત્રે દસ વાગ્યા પછી નંદ ફરાસ[4] ત્યાં નટુ લંગડો ગોહાલા[5] વગાડવા આવતો. મોડી રાત સુધી એ એક જ સૂર વગાડ્યા કરતો. એ સૂર જાણે એક, બે, ત્રણ, ચાર...એક, બે, ત્રણ, ચાર, એમ બોલતો હતો. પાછળથી મેં એમાંથી જ એક ભવાઈના સૂર નક્કી કરી આપેલા. વહેલી સવારે ઘર સામે ઘોડા ધમારાતા : ટપ્ ટપ્ ધપ્ ધપ્. કાગડાનું કા કા શરૂ થતાં અગાઉ એ અવાજે જ મારી ઊંઘ ઊડી જતી. રોજ ઊંઘતાં પહેલાં અને ઊઠ્યા પહેલાં આ બે અવાજ સાંભળતો: બેહાલાનો 'એક-બે-ત્રણ-ચાર', અને ઘોડા ધમારવાનો 'ટપ્ ટપ્, ધપ્ ધપ્.'

એ જમાનામાં પ્રત્યેક સમયનો પોતાનો અવાજ હતો. હવે એ નથી. હવે બધા ભેગા થતાં કોલાહલ મચી જાય છે: ટૅક્સીનો ભોં ભોં, દુકાનદારના બૂમબરાડા, રસ્તાની હો...હા. વળી હમણાં તો માથા પર ગાજતાં વિમાનોનો ઘરઘરાટ, રેડિયોનો ગણગણાટ અને બીજા યે કેટલાક અવાજો વધ્યા છે. ત્રીજા માળની અગાશી પરથી જ્યોતિકાકાના પિયાનાના સૂર અને રવિકાકાનું ગીત સંભળાતાં. અને વળી સંભળાતું ભાઈજીનું મુક્ત હાસ્ય. ક્યાંય ચાલ્યું ગયું એ બધું!

એ દિવસોમાં એક બપોરે દીવાનખાનામાં બેઠાં બેઠાં મેં 'લંડન ન્યૂસ'ની ફાઈલ શોધી કાઢી. એક ખૂણામાં એ પડી હતી. એક પછી એક પાનાં ફેરવતાં અંદરનાં ચિત્રો પર મારું ધ્યાન ગયું. એ કેટકેટલી વિવિધ છબિઓ હતી! માણસોની, મારગની, નાનાંમોટાં કારખાનાંઓની ને વિવિધ કુદરતી દૃશ્યોની. એકચિત્તે એ બધાં ચિત્રો હું જોતો. એક દિવસ એ રીતે હું ચિત્રો જોતો હતો અને ઘોષાલ માસ્તર આવ્યા. મઝાની ફાંદવાળા હતા એ. ઉઘાડે શરીરે જ્યારે એ આવતા ત્યારે એમની તેલથી માલિશ કરેલી ફાંદ પિતળના ઝટકેલા હાંડાની જેમ ચકચકતી. અંદર આવતા જ 'શું જુએ છે એ?' કહેતાં એ મારા હાથમાંથી ફાઈલ લઇ પોતે તેનાં પાનાં ફેરવવા લાગ્યા. પાનાં ફેરવતાં ફેરવતાં એક પાનામાં એમણે કો'ક ફ્રેન્ચ રાણીનું ચિત્ર જોયું, અને બે હાથ જોડીને એમણે એને ત્રણ વાર પ્રણામ કર્યા. એ પછી હું જોતો કે તેઓ રોજ નાહીને ત્યાં આવી પેલી ફ્રેન્ચ રાણીનું ચિત્ર કાઢી એને ત્રણવાર પગે લાગતા! એનું કારણ મને સમજાતું નહિ. દેવદેવીનું ચિત્ર તો એ હતું નહિ. તો પછી આમ પ્રણામ કરવાનું કારણ શું હશે? આખરે એક દિવસ મોટાભાઇને પૂછ્યું. એમણે હસતાં હસતાં કહ્યું તને ખબર નથી? ઘોષાલ મોશાયને મેં પૂછેલું. એ કહેતા હતા કે એ ફ્રેન્ચ રાણી દેખાવમાં બરાબર એમની પત્ની જેવી જ લાગતી હતી અને એ કારણે જ તેઓ રોજ એને પ્રણામ કરતા હતા! (ચાલુ)

[2]કૂવામાં પડી ગયેલો હાંડો કઢાવવાનો સાદ પાડતા મજૂરનો અવાજ.
[3]ભોંદડ-બિલાડીના વર્ગનું એક પ્રાણી જે ભૂ-ચર હોવા છતાં પાણીમાં ડૂબકી મારી માછલી ખૂબ હોંશે હોંશે ખાય છે. (ઑટર Otter?)
[4]જમીનદારોને ત્યાં પથારીનું, ઘરની સાફસૂફીનું અને સાંજે દીવાબત્તીનું કામ કરનાર નોકર. [5] એકતારા જેવું એક વાજિંત્ર.

ગુજરાતીની અસ્મિતા (અનુસંધાન પૃષ્ઠ ૯૨થી) ને કલાકારોને પૈસા મળવા માંડશે તો પછી સાહિત્ય અને કલાના ક્ષેત્રમાં પણ ગંદકી આવશે; કારણ પૈસો એ હાથનો મેલ છે એ જો સાહિત્યમાં પ્રવેશશે તો સાહિત્યક્ષેત્રની પવિત્રતા નહિ રહે. એટલે સાહિત્યકારોએ તો સુદામાનો આદર્શ રાખીને જ લખ્યે જવું જોઇએ.

એક લેખકમિત્ર મને કહે, 'ભઈ, અમારાં પુસ્તકો ખરીદાય નહિ એની સામે અમારે વાંધો નથી...'

'શાનો વાંધો હોય?' મેં કહ્યું. 'વાંધો હોય પ્રકાશકને. તમારે ખાખી બંગાળીને શું?'

'નહિ, એમ નહિ. મારું કહેવું એમ છે કે જેને પુસ્તકો ખરીદવાં ન પોસાતાં હોય એ ભલે ન વાંચે. પણ આ ધનિકો! પુસ્તકો ખરીદે તો ય વાંચવાની વાત નહિ. બસ, શોભા માટે કબાટોનાં કબાટો ભરી રાખે છે. નથી વાંચતા કે નથી વાંચવા દેતા. એની સામે મને ચીડ છે. અરે, માનશો? કેટલીકવાર તો ઉધઇઓ એ ખાઇ જાય છે!'

'સરસ!'

'શું સરસ? ઉધઇઓને મોંએ પુસ્તકો જાય એ તે ઠીક કહેવાય?'

'તમે ગાયોને ઘાસચારો નાખવામાં માનો છો ને?' મેં સામે પૂછ્યું. 'કબૂતરને ચણ નાખવામાં ને કીડીઓનાં દર પૂરવામાં માનો છો ને? તો ભલા માણસ, કોઇ ઉધઇઓને પુસ્તકોનો ચારો નાખીને પુણ્યનું ભાથું બાંધતું હોય એમાં તમારું શું જાય છે? અને આ તો વળી સર્વ દાનોમાં શ્રેષ્ઠ વિદ્યાદાન! એ રીતે ઉધઇઓને પુસ્તકોનું ભોજન કરાવવું એ ગાયોને ઘાસ નાખવા કરતાં અનેકગણું સારું છે. અને જુઓ, ગુજરાત તો સદા પુણ્યશાળી રહ્યું છે અને રહેશે.'

પણ એમ આવી સાદીસીધી વાત સમજે તો એ લેખક શાના? એમણે તો બસ આપણા પૈસાના પ્રેમની, અને વિદ્યા સંસ્કાર અને ભાષાની ઉપેક્ષાની જ વાતો કર્યા કરી.

હા, દેખીતી રીતે એમ લાગે છે કે આપણને આપણી ભાષા માટે પ્રેમ નથી. દાખલા તરીકે બસમાં કે ટ્રેનમાં યુદ્ધો થાય છે ત્યારે ય આપણે લડવા માટે ગુજરાતી છોડીને તરત હિંદી કે અંગ્રેજીનો આશ્રય લઇ લઇએ છીએ. કંડક્ટર હમેશાં પૅસેન્જરને હિંદીમાં દબડાવવાનો અને પૅસેન્જર હમેશાં કંડક્ટરને અંગ્રેજીમાં દબડાવવાનો!

કોઈ આનું કારણ ગુજરાતી ભાષા નબળી છે, એમ માનશે. સાચું પૂછો તો આપણી આ રીત—યુદ્ધ કરતી વખતે હિંદી કે અંગ્રેજી પર આવી જવાની રીત—બીજા જ કારણથી છે. આપણે કાયદાને માન આપનારા છીએ. જોકે દેખીતો એવો કોઇ કાયદો નથી, પણ આપણા દેશનું સંરક્ષણખાતું મધ્યસ્થ સરકારના હાથમાં છે, અને એથી યુદ્ધોમાં-પોળના, બસના કે ટ્રેનના આંતરવિગ્રહોમાં-મધ્યસ્થ સરકારની જ ભાષા વાપરવી જોઇએ, પ્રાંતીય સરકારની નહિ.

એટલે જ મારે ફરીફરીને કહેવું પડે છે કે 'આમિ સુંદર, આમિ અદ્‌ભુત!' આપણામાં દેખાય છે એવી કોઈ ઊણપો નથી, કોઇ અધૂરપો નથી. અધૂરપ કે ઊણપ હોય તો એ જ કે આપણે માનીએ છીએ કે આપણામાં કંઈક ઊણપ છે. ગુજરાત પોતાને સંપૂર્ણ માની બેસતું નથી એ જ એની મોટામાં મોટી ખામી છે. બસ, આપણી આ એકમાત્ર ઊણપ દૂર થઈ જાય તો...

તો શું? વાક્ય શરૂ કર્યું એટલે રીતસર પૂરું કરવું જ એવું ઓછું છે? નથી પૂરું કરવું અમારે એ વાક્ય. એમ બધાં જ આરંભેલાં વાક્યો પૂરાં કરીએ તો અમે 'ગુજરાતી' શાના?

બનાસ નદી (અનુસંધાન પૃષ્ઠ ૯૦થી)

સિહોરી સુધી બટાકાનું વાવેતર એ નદીતળનો મુખ્ય પાક બની રહે છે.

સુકલી સાથેના સંગમ પછી બનાસનો પટ એક વિસ્તીર્ણ મેદાન જેવો બની જાય છે. એથી જ કદાચ ડીસા–કંડલા આગગાડીના માર્ગનો બનાસ નદીપરનો નવો પૂલ ગુજરાતનો સર્વથી મોટો અને લાંબો પૂલ બનશે. આટલી બધી સરિતાઓની કુલ સંપત્તિ સ્વીકાર્યા પછી બનાસ હવે પૂરેપૂરી દાતાર બને છે. ખનિજ દ્રવ્યોને ખેંચી લાવનાર એના કાંપ વડે સમૃદ્ધ બનેલ કાંકરેજ તાલુકામાં પહોંચ્યા પછી એનું જળ જમીનને ભારે ફળદાયી બને છે–નદીનું પાણી પોચી જમીનમાં ચોમેર શોષાતું જાય છે. રણમાં પહોંચ્યા પહેલાં પોતાની સર્વ સંપત્તિનો સદર્થ ઉપયોગ થાય એ માટે સરિતાની ઉત્સુકતા જાણે વધી પડી છે. ડીસાથી આગળ નદીવહેણ લગભગ સીધું નૈઋત્યગામી બને છે તે છેક વાયડ વટાવીને ખારા નદી સાથેના એના સંગમ સુધી એકધારું એક દિશે વહ્યું જાય છે. પાલણપુરી પુષ્પોની સુગંધ લઇને આવતી ખારાના મિલન પછી ફરી એક વાર લાંબે સુધી પશ્ચિમવાહિની બનીને નૈઋત્યના વહને એ કચ્છના નાના રણમાં લુપ્ત થાય છે.[6] ડીસા પછી નદીવહેણની ગતિ અધિક મંદ પડતી જાય છે ને રણમાં પહોંચતાં પહેલાં દોવાઇદોવાઇને શુષ્ક બનેલી કોઇ કૃશકાય કામધેનુ જેવું એનું દાદીમા રૂપ જોઇને અંતર આપોઆપ જ દુવા દેવા લાગે છે, કારણ કે વિનશનને વશ થતાં પહેલાં એણે પોતાનું સર્વસ્વ અર્પી દીધું છે. સંતપુરુષોને માટે એક એવો શિરસ્તો હતો કે એમનો દેહ દુનિયા માટે ખપનો ન રહે ત્યારે એમણે સ્વેચ્છાએ પ્રાયોપવેશન કરવું. આ રણપ્રવેશ એ પર્ણાશાનું પણ એવું જ પ્રાયોપવેશન છે.[7]

સંક્ષેપમાં કહીએ તો બનાસ નદી સારણેશ્વર મહાદેવની ચરણાંજલિ ઝીલી, ઉદેપુર તરફની ટેકરીઓનાં પશ્ચિમ ઢાળનાં પાણીથી સમૃદ્ધ થઇ, નૈઋત્ય કોણે વહી, ડીસાથી ઘણે દૂર બે મુખે કચ્છના રણમાં પડે છે–એનું એક મુખ વારાહીની હદમાં ગોખાતર પાસે છે અને બીજું મુખ સાંતલપુરની હદમાં અગિયાણા પાસે છે. અનેક સ્થળે એનો વહનમાર્ગ ગહન વનને વીંધતો જાય છે અને નદીનું પાત્ર તેમજ તેના કિનારા અહીંતહીં પથરાળ છે. એના પાત્રની પહોળાઈ આબુ પાસે ૩૦૦ વાર, ડીસાથી ઉપરવાસ ૬ માઇલ પર એક માઈલ, ડીસા પાસે ૭૦૦ વાર અને રાધનપુર પાસે ૪૦૦ વાર જેટલી છે. અર્બુદ ગિરિમાળનું પાણી ખેંચી લાવનાર આ એક જ નદી હોઇને અનેકવાર વિપુલવારિરાશિ એમાં વહે છે અને રણને કિનારેકિનારે આઠ માઈલ સુધી ૬ થી ૮ ફુટ ઊંડાં પાણી એ છાઈ દે છે. સીપુ અને બાલારામ બનાસની મુખ્ય શાખાઓ છે. સીપુ સિરોહીની નૈઋત્યેથી નીકળીને ભડત અને છોટા રાણપુર પાસે બનાસને મળે છે. બાલારામ દાંતા તરફના સરહદી ડુંગરોમાંથી નીકળી હાથીદરા, બાલારામ મહાદેવ ઈત્યાદિ સ્થળોએ થઇને કારજા પાસે સંગમ પામે છે. આ ઉપરાંત ઉત્તરમાં જેમ સેવાલણ ચન્દ્રાવતી પાસે તેમ પાલણપુરની પેલી પાર જસપરિયા પાસે ઉદય પામી ખારી છેક દક્ષિણે બનાસમાં મળે છે. બનાસમાંથી નહેર કાઢવાની યોજના વિચારવાનું કામ નિષ્ણાતોનું છે, પરંતુ એટલું ખુશીથી કહી શકાય કે અહીંતહીં નાના બંધો બાંધીને પાણી સંઘરી લેવાની શકયતા સારા પ્રમાણમાં છે. (ચાલુ)

[6] બનાસ કચ્છના નાના રણમાં ઠલવાય છે. પરંતુ પ્રાચીન સમયમાં ત્યાં સુધી દરિયો હતો એમ માનવાને ઘણાં કારણો છે. કદાચ ઇતિહાસની સમયરેખા દરમ્યાન જ રણને સ્થાને લવણસરોવર (Lagoon) હશે.

[7] બનાસ નદી પણ એક નથી. નાથદ્વારા નજીક વહેતી ચર્મણ્વતી (ચંબલ)ની શાખાનદીનું નામ પણ બનાસ જ છે. પુરાણોએ એને પારિયાત્ર પર્વતમાંથી નીકળતી પર્ણાશા કે વર્ણાશા તરીકે વર્ણવી છે. બે બનાસ, ત્રણ સરસ્વતી, ચાર સિંધુ, પાંચ સુકલી, એમ લોકોને ફાવી જાય એ નામ તેઓ બેવડાવ્યે કે ચોવડાવ્યે જાય છે. કાશ્મીરમાં પણ શ્રીનગર અને પોરબંદર પાસે યે નાનું શ્રીનગર. તોપછી રાજપુર, રામપુર કે હરિપુર જેવાં સામાન્ય નામોવાળાં ગામો પાંચપચીસ સ્થળે મળી આવે એમાં નવાઈ પણ શી છે? ખંભાળિયા જેવું જરા અટપટું નામ ધારણ કરનારાં સાતેક ગામનું અસ્તિત્વ જાણ્યા પછી મને પોતાને તો આ વાતની કશી નવાઈ રહી નથી.

અંત સ્રાવી ગ્રંથીઓ (અનુસંધાન પૃષ્ઠ ૮૫થી)

આપણે જે કંઈ છીએ તે આ થાઇરૉઇડ ગ્રંથીને આભારી છે. જન્મ પહેલાં અને બાળપણમાં આપણો વિકાસ આ અને અન્ય ગ્રંથીઓની એકત્રિત કાર્યરીતિ ઉપર અવલંબે છે. થાઇરૉકસીનની રજ માત્ર ઊણપથી પશુ અવસ્થાની બુદ્ધિહીનતા, જાડય, શિથિલતા, બદસૂરત અને વામનજીપણું પ્રાપ્ત થાય છે, અને એટલી જ વિપુલતાથી દૂબળું શરીર, વાચાળતા, બકવાટ અને ઉન્મત્ત ચિત્તભ્રમતા આવી પડે છે. વિજ્ઞાનીઓ માને છે કે ઉંમર વધતાં આ ગ્રંથીના સ્રાવનો જ ક્ષય થતો જાય છે તે જ માનવીને માટે મૃત્યુના દ્વાર ખુલ્લાં કરે છે.

પૅરાથાઇરૉઇડ ગ્રંથીઓ


થાઇરૉઇડ ગ્રંથીઓની પાછળ જ આવેલી અને દ્રાક્ષનાં બી જેવડી ટચુકડી આ ચાર ગ્રંથીઓ વજનમાં તો એક ગ્રામ (=૧૫ ગ્રેન; ૧૮૦ ગ્રેન=૧ રૂપિયાભાર) જેટલી પણ નથી; પણ એમની મહત્તા જેવીતેવી નથી. એમના સ્રાવ લોહીમાં કૅલ્શિયમ ક્ષારના પ્રમાણનું નિયમન કરે છે. કૅલ્શિયમ ને હાડકાંમાંથી લોહીમાં ને માંસપેશીઓમાં લઇ જવાની અને ત્યાંથી તેને પેશાબ દ્વારા શરીર બહાર કાઢી નાખવાની વ્યવસ્થા આ ગ્રંથીઓ દ્વારા થાય છે.

આ ગ્રંથીઓના સ્રાવની ઊણપને લીધે શરીરમાં કૅલ્શિયમની ન્યૂનતા ઊભી થાય છે. આપણા શરીર માટે કૅલ્શિયમ ખૂબ મહત્ત્વનો ક્ષાર છે. શરીરમાં એનો બહુવિધ ઉપયોગ છે. એનાથી લોહી ગંઠાય છે, જ્ઞાનતંતુ અને માંસપેશીઓની કાર્યશક્તિ સધાય છે અને હાડકાં મજબૂત બને છે. જ્યારે બીજી બાજુ કૅલ્શિયમની ન્યૂનતાના પરિણામે જ્ઞાનતંતુઓનો ઉશ્કેરાટ અને ચીડિયો સ્વભાવ આવી પડે છે. માંસપેશીઓમાં ફડફડાટ—આંચકીઓ, સંકોચ-ખેંચ ને છેવટે તાણ આવવાની 'ટીટૅની' નામની રોગાવસ્થા ઊભી થાય છે. આ ગ્રંથીઓ સમૂળગી કાઢી નાખવામાં આવે તો થોડાં અઠવાડિયાંમાં મૃત્યુ થાય છે.

આ ગ્રંથીમાં ગુંડ થઈ આવતાં તેનો સ્રાવ વધી પડે તો હાડકાંમાંથી કૅલ્શિયમ લોહીમાં જતું રહે છે. હાડકાં નરમ બનતાં વળી જાય છે. આથી ઊંચાઈમાં ઘટાડો થાય છે. તદુપરાંત માંસપેશીઓમાં પણ કૅલ્શિયમનું પ્રમાણ વધવાથી એમની કાર્યશક્તિ ખોટકાય છે ને વ્યક્તિનું હલનચલન જ મંદ થવાની કરુણ ને દારુણ અવસ્થા આવી પડે છે.

થાઈમસ ગ્રંથી

ગળામાં શ્વાસનળી ઉપર આવેલી આ ગ્રંથી યુવાવસ્થા સુધી જ કાર્યરત રહે છે. જન્મ સમયે છાતીની બખોલ ભરી દેતી આ ગ્રંથીનું વજન એક રૂપિયાભારથી સહજ વધુ હોય છે. નાનપણમાં તે વધીને વજનમાં અઢીગણી થાય છે, પણ યુવાવસ્થા આવતાં સુધીમાં તો તે સુકાઇને માત્ર નામશેષ જ રહે છે. એનો સ્રાવ જનનેન્દ્રિયના વિકાસ ઉપર નિયમન કરનાર માનવામાં આવ્યો છે, પણ આ વિષે હજી અનિશ્ચિતતા સેવવામાં આવે છે. (ચાલુ)



આત્મશની એક દૌલત આપી'તી નૌજવાંને,
રે ! દિલ ગયું બુઝાઈ ત્યાં ગાગવું રહ્યું શું ?
આદર્શની કટારી આપી'તી નૌજવાંને
ધણકાર ના રંગોમાં ત્યાં ભાગવું રહ્યું શું ?
હે આહ એક થા રબ ! સૂતેલ નૌજવાંને
(તરાણું) જાગે તે એક પળ એ તો માનવું રહ્યું શું ? -મકરન્દ દવે

જોસેફ કોર્નેલિયસ કુમારપ્પા

થોડા દિવસ પર નવી દિલ્હીમાં ભારતના ભાવિ વિકાસ માટેની પંચવર્ષી યોજનાની વિચારણા કરવા દેશના અગ્રગણ્ય વિચારકોની અગત્યની સભા મળેલી. તેમાં હાજરી આપવા બળદના ટાંગામાં બેસીને એક ગ્રામીણ દેખાવની વ્યક્તિ આવેલી, પણ લાટસાહેબની કચેરીમાં એ ટાંગાને કોણ જવા દે? ઠેરઠેર તેને રોકવામાં આવ્યો. પણ તેમાં બેસનાર દૃઢ રહ્યા અને આગ્રહપૂર્વક ટાંગામાં જ બેસીને કચેરીએ પહોંચ્યા' પહોંચીને પંડિત નેહરૂ આગળ તેમણે આ દિલચસ્પ અને દર્દનાક કહાણી કહી બતાવી કે દિલ્હીમાં 'બળદગાડીને આવવાની મનાઈ'નાં આદર્શ પાટિયાં લગાડેલાં છે! આ વ્યક્તિ તે ૬૦ વર્ષના ખડતલ યુવાન, ચુસ્ત અને આદર્શ ગાંધીવાદી કુમારપ્પા.

ઈ. ૧૯૨૯ની ૯મી મેનો દિવસ હતો. સાબરમતીના શાન્ત આશ્રમમાં યુરોપ-અમેરિકા ભમીને આવેલા એક ઈસ્ત્રીટાઈટ કપડાંવાળા સંભ્રાંત યુવકે તેજ પગલે પ્રવેશ કર્યો. તેને ગાંધીજીને મળવું હતું. તે થોડે દૂર ગયો તો જમીન પર બેઠોબેઠો એક ગામડિયો આદમી રેંટિયો કાંતતો તેણે જોયો. યુવકે ધાર્યું કે આ કોઈ મજૂર હશે. એટલે તે આગળ જવા જતો હતો ત્યાં પેલા ગામડિયાએ શિષ્ટ વિનયી અંગ્રેજીમાં પૂછ્યું કે આપ કોને મળવા ચાહો છો? એક ગામડિયાને આવું અંગ્રેજી બોલતો જોઈ પેલો યુવક આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. એ ગામડિયો તે ગાંધીજીના અંતેવાસી મંત્રી પ્યારેલાલ; અને પેલો યુવક તે જોસેફ કોર્નેલિયસ કુમારપ્પા. અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાંથી પોતે બહુમાન સાથે જેના પર એમ. એ.ની ઉપાધિ મેળવી હતી તે પોતાનો મહાનિબંધ 'પબ્લિક ફાઇનૅન્સ ઍન્ડ અવર પ્રૉપર્ટી' ગાંધીજીને બતાવવા તે આવ્યા હતા. કુમારપ્પા લખે છે કે 'એ દિવસ (૧૯૨૯ની ૯મી મે) મારા જીવનનો મહા નિર્ણાયક અને ભાગ્યપરિવર્તન કરનારો નીવડ્યો. સાબરમતીને તીરે એક વૃક્ષની નીચે સ્વચ્છ લીંપેલી જમીન પર એક વૃદ્ધ પુરુષને રેંટિયો કાંતવામાં મેં લીન જોયા. હું દસેક મિનિટ વહેલો હતો. પાંચ મિનિટ રહીને પોતાનું ઘડિયાળ જોઇ હસતાં હસતાં તેમણે પૂછ્યું તમે જ કુમારપ્પા ને? હું તરત પામી ગયો કે એ જ ગાંધીજી હતા. હું તરત જ ભાનમાં આવી ગયો, ને મારે માટે કોઈ ખુરશી લાવવા ગયું તે આવે તે પહેલાં, મારા રેશમી પૅન્ટની ઘેડ ભાંગી જવાની કશી પરવા કર્યા વિના હું ગાંધીજીની સન્મુખ જમીન પર બેસી ગયો.' ગાંધીજીએ તેમના નિબંધની પ્રશંસા કરી, હિંદના અર્થશાસ્ત્ર વિષેનું પોતાનું દૃષ્ટિબિંદુ સમજાવ્યું, ને તેમાં પોતાને પડખે રહી ગરીબ ભારતનાં ગામડાંઓની નવરચનાના કાર્યમાં મદદ કરવા નોતર્યા. એ એક જ મુલાકાતમાં ગાંધીજી સાથેની





માસમાસનાં પંખી [૭૪]

ચંડોળ

ભારતમાં છેક પ્રાચીન કાળથી જનમનરંજન કરનારી ગણાતી પંખીઓની ગાયક ત્રિપુટીમાંનાં બે 'ભરત' અને 'અગન'નો પરિચય આવી ગયો. તેમાંનું ત્રીજું તે ચંડુલ કે ચંડોળ. ભરત અને અગનથી સહેજ ભારે શરીરના, પણ રૂપેરંગે એમને મળતા જ આ પંખીને ઓળખવાની વિશિષ્ટ નિશાની છે એના માથા પરની મોટી કલગી કે ચોટલી. ખુશ થયું હોય, બીન્યું હોય કે ચિડાયું હોય ત્યારે એ આ ચોટલી ઊભી કરે છે.

એની કાયા ચકલીથી સહેજ મોટી; વાન મેલો બદામી, જમીનના વર્ણ સાથે ભળી જતો ધૂળિયો કે ગોરાડુ માટી જેવો; ચાંચ પાતળી અણીદાર; આંખો ઘેરી બદામી; પગ ઘઉંવર્ણા. બારે માસ આપણે ત્યાં રહેનાર આ પંખી સ્વભાવે પણ ખુશદિલ અને નીડર હોઈ એની અત્યંત પાસે જઇને પણ અવલોકી શકાય છે. આહારની શોધમાં ખુલ્લા મેદાનમાં એ એકલું કે પાંચ-સાતનાં નાનકડાં ટોળાંમાં દોડાદોડી કરતું હોય છે ત્યારે એકાદ પથ્થર કે ટેકરા પર ચડી જઈ સીટી જેવો મીઠો અવાજ કાઢે છે. તેનું ગાન જોકે મધુર અને આહ્‌લાદક હોય છે, છતાં અગનના ગાન જેટલો લાંબો સમય તે ચાલતું નથી; અને એની મિઠાશ પણ ભરત કે અગન જેટલી તો નહિ જ. અગન જેટલું એટલેકે ૪૦-૫૦ ફૂટ જેટલું ઊંચે પણ તે ઊડી શકતું નથી. જોકે ઊડતાંઊડતાં ગાય ખરું. તેની અનુકરણશક્તિ પણ સામાન્ય પ્રકારની જ હોવાથી તે ભરત કે અગન જેટલી પ્રશંસા નથી પામી શકતું, છતાં ઘણા તેને પાળે છે ખરા. કાંગ, બંટી, ચણો, કુરી વગેરે અનાજના કણ અને નાનાં તીડ જેવાં જંતુ એ તેનો આહાર.

માર્ચથી જૂન એ એનો પ્રજનનકાળ. આ વખતે તે અવેડ ખેતર કે વાડના થડ પાસે, જમીનમાં છીછરા વાડકા જેવો ઘાસનો માળો બનાવી, તેમાં ઘેરા તપખીરી કે જાંબુડા રંગનાં છાંટણાંવાળાં મેલા પીળાશપડતા સફેદ રંગનાં ત્રણથી ચાર ઈંડાં મૂકે છે. ('વનેચર')

વાતચીતનો તેમના પર એવો પ્રભાવ પડ્યો કે તેમણે ગાંધીજીના શિષ્ય બનવાનો નિરધાર કરી લીધો. પરિણામે તે ગાંધીજીના એવા ચુસ્ત અનુયાયી બન્યા કે મહાત્માજીના 'રામરાજ્ય'ની કલ્પનાને કાર્યરૂપ આપનારાઓમાં આજે તે અગ્રસ્થાને છે.

ગાંધીજીના અર્થશાસ્ત્રના પ્રકાંડ પંડિત એ કર્મવીરનો જન્મ ઈ. ૧૮૯૨ની ૪થી જાન્યુઆરીએ તાંજોરના એક શ્રીમંત ને પ્રતિષ્ઠિત હિંદી ખ્રિસ્તી કુટુંબમાં થયો હતો. સાધનસંપન્ન પિતાએ તેમને પશ્ચિમી ઢબે મદ્રાસની ડવટન શાળામાં પ્રાથમિક શિક્ષણ, સેન્ટપૉલ હાઇસ્કૂલમાં માધ્યમિક શિક્ષણ ને વેસ્લીયન કૉલેજમાં ઉચ્ચ શિક્ષણ આપ્યું. કુશાગ્ર બુદ્ધિના જોસેફ અભ્યાસમાં તેવા જ રમતગમતમાં પણ અગ્રણી હતા અને ક્રિકેટ તેનો શોખનો વિષય હતો. ગણિતમાં તેની વિલક્ષણ પ્રતિભા જોઇને તેના શુભેચ્છક હાવર્ડ ઓકલેએ તેને ઍકાઉન્ટન્સી (હિસાબીકામ)માં નિષ્ણાત થવા લંડનના ઇન્કૉર્પોરેટેડ ઍકાઉન્ટન્ટ મિ. બાર્નેસની પેઢીમાં ઉચ્ચ અભ્યાસ માટે મોકલવા સૂચવ્યું જેને પરિણામે તે ૧૯૧૩માં ઇંગ્લંડ ગયા અને ત્યાં પાંચ વર્ષના અભ્યાસ પછી એફ.એસ એ.એ.ની ઉપાધિ મેળવતાં વેંત જ તેમની પ્રતિભાથી આકર્ષાઇને તે પેઢી તેમને પોતાના ભાગીદાર બનાવવા તૈયાર થઈ! 'આંતરરાષ્ટ્રીય વાણિજ્ય' ઉપરના તેમના લેખો પરથી તેમને 'ઈન્કૉર્પોરેટેડ ઍકાઉન્ટન્ટ' તરીકે માન્ય કરવામાં આવ્યા અને લંડનમાં જ પબ્લિક ઍકાઉન્ટન્ટ તરીકે પ્રૅક્ટીસ શરૂ કરી. પણ માતાપિતાના આગ્રહથી ૧૯૧૯માં તેમને હિંદ આવવું પડ્યું ને એક અંગ્રેજી પેઢીમાં કામ કરવાની સાથોસાથ પ્રૅક્ટીસ ચાલુ રાખી. ૧૯૨૪માં મુંબાઇની સિડનહામ નહિ પણ દાવર્સ કૉમર્સ કૉલેજમાં માસિક રૂ. ૧૦૦૦ના પગારે ને પ્રાધ્યાપક નિમાયા, જ્યાંથી ૧૯૨૭માં ફરી આગળ અભ્યાસ માટે અમેરિકા ગયા. ત્યાં સાઇરેક્યૂઝ યુનિવર્સિટીમાંથી બી. એસસી.ની ડિગ્રી મેળવી અને પછી ઉપર જણાવ્યો તે મહાનિબંધ લખીને એમ. એ. થયા.

૧૯૨૯માં ગાંધીજીના સંપર્કમાં આવતાં તેમનું આમૂલ પરિવર્તન થયું અને સેવાવ્રત સ્વીકારી તે ગુજરાત વિદ્યાપીઠમાં પ્રોફેસર તરીકે જોડાયા. ૧૯૩૦ની દાંડીકૂચ પછી ગાંધીજી જેલ જતાં તેમણે 'યંગ ઇંડિયા'નું તંત્રીપદ સંભાળ્યું, અને તેમાં તેમની કલમે એવી આગ વરસાવવા માંડી કે સરકારે તેમને ૧૯૩૧માં જેલ દીધી. ગાંધી-અર્વિન કરારને અંગે મુક્ત થયા પછી ફરી ૧૯૩૨માં જેલ ગયા અને ૧૯૪૩માં ગ્રામોદ્યોગ પત્રિકામાં લખાએલો 'રોટીને બદલે પથ્થર' નામનો તેમનો ઉગ્ર લેખ ફરી તેમને જેલમાં ખેંચી ગયો, જ્યાંની અથાક કામગીરીએ તેમને બ્લડ પ્રેશરના રોગી બનાવી મૂક્યા.

૧૯૩૪ની મુંબાઈ કૉંગ્રેસે પસાર કરેલા ઠરાવ અનુસાર ભારતના ગ્રામોદ્યોગને પુનર્જીવન આપવાની યોજનાનું કાર્ય કુમારપ્પાને સોંપાયું. ત્યારથી 'અખિલ ભારત ગ્રામોદ્યોગ સંઘ' સ્થાપીને એ કાર્ય પાછળ એમણે પોતાની જાતને દાટી દીધી છે, અને આજ અઢાર વર્ષની તેમની અખંડ તપશ્ચર્યાને પરિણામે જ ભારતનું ગ્રામોદ્ધારનું રચનાત્મક કાર્ય ઈષ્ટ સિદ્ધિ મેળવી શક્યું છે. તે પછી વિવિધ રચનાત્મક કામ કરનારાઓનું એક સંગઠિત ઘટક બનાવવા તેમણે 'સર્વ સેવાસંઘ'ની સ્થાપના કરી, જેમાં 'ગ્રામોદ્યોગ સંઘ' સાથે 'કૃષિ અને ગોસેવા સંઘ' 'ચરખા સંઘ' તથા 'તાલિમી સંઘ' પણ જોડાઈ ગયા. તેમની કાર્યરીતિ તેમના વિચારો જેટલી જ સ્પષ્ટ, તેજ, ઉગ્ર અને ચુસ્ત છે અને પોતાના તંત્રીપણા નીચે ચાલતી એ સંઘની વિચારવાહક 'ગ્રામોદ્યોગ પત્રિકા'માં અંગ્રેજ સત્તા સામે જે ઉગ્રતાથી 'રોટીને બદલે પથ્થર'વાળો લેખ લખ્યો હતો તેવી જ ઉગ્રતાથી આજની ભારતીય સરકારની ભૂલો ઉપર પણ ચમચમતા ચાબખા તે ચોડે છે. કાપડ સ્વાવલંબન માટે ચર્ખાની જેમ હાથ-છડના ચોખા, ઘાણીનું તેલ, તાડનો ગોળ, મધમાખી-ઉછેર અને હાથકાગળના ઉદ્યોગોના એ અગ્રણી પુરસ્કર્તાની 'ગ્રામોદ્યોગ પત્રિકા' હાથકાગળ પર જ છપાય છે અને બને ત્યાં સુધી સર્વ ચીજો હસ્તોદ્યોગની જ વાપરવાના ચુસ્ત આગ્રહી એ તંત્રીની કચેરીમાં ટાંકણીની જગ્યાએ બાવળની શૂળો વપરાય છે!

ચીનના મહાન ગણરાજ્યે આટલા ટૂંકા સમયમાં એવડી વિરાટ પ્રજાની કઈ રીતે કાયાપલટ કરી તે જાણવા હજી ગયે વર્ષે જ ૫૯ વર્ષની વયે તેમણે ચીનની સફર કરી, અને ત્યાંથી, ગૃહઉદ્યોગો માટે દુનિયાભરમાં વિખ્યાત જાપાનની કાર્યપ્રણાલિ પણ જોઈ આવ્યા. હવે તે સંતુલિત ગ્રામવ્યવસ્થા નિર્માણ કરવાનો એક મહા પ્રયોગ કરવા માટે પોતાની બધી પ્રવૃત્તિ છોડીને નાગપુર પાસે 'શિંદી' ગામમાં આશ્રમ સ્થાપીને રહ્યા છે, જ્યાં ગ્રામીણ જીવનને સુસંસ્કૃત અને સંપન્ન બનાવવાની ગુરુચાવી શોધવા તે મથવાના છે.

ગઇ ૪થી જાન્યુઆરીએ તેમને સાઠ વર્ષ થયાનો પ્રસંગ ઉજવાયો ત્યારે તેમને 'શાંતિનું અર્થશાસ્ત્ર અને તેના પ્રણેતા' નામનો ૪૦૦ પાનાંનો અભિનંદન-ગ્રંથ અર્પણ કરવામાં આવ્યો, જેના પાંચ ખંડમાં તેમના જીવન ને કાર્યક્ષેત્રની તથા અથશાસ્ત્રની વિશદ આલોચના છે.


આકાશનો નવો નકશો

આકાશમાંના અગણિત તારાઓ અને ગ્રહોની સ્થિતિ નક્કી કરતો એક આકાશ-નકશો અમેરિકામાં તૈયાર થાય છે. આજ સુધીના બધા આકાશી નકશાઓમાં આ સંપૂર્ણ બનશે. ભૂમંડળની રચના અંગેના અનેક જટિલ અને મૂંઝવણભર્યા પ્રશ્નોનો ઉત્તર આ નકશામાંથી મળી રહેશે એવી આશા છે. ખગોળશાસ્ત્ર માટે તે ચોક્કસ ધોરણો ઊભાં કરશે અને આવતાં સૈંકડો વર્ષો સુધી ખગોળશાસ્ત્રીઓ એને આધારભૂત ગણશે. કૅલિફોર્નિયા રાજ્યની પાલોમાર વેધશાળા ને અમેરિકાની વિખ્યાત નૅશનલ જિયોગ્રાફિક સોસાએટી તરફથી તૈયાર થતો આ નકશો ૧૯૫૩ના અંતમાં પૂરો થતાં લગભગ પોણા ભાગનું આકાશ છબિમાં ઝડપાઈ ગયું હશે.

યુનાઇટેડ સ્ટેઇટ્સમાંથી દેખાતા આકાશનો ત્રીજો ભાગ તો ક્યારનો ય છબિમાં મઢી લેવાયો છે. આમાં ૩૫,૦૦,૦૦,૦૦૦ પ્રકાશ-વર્ષ જેટલા દૂરના અંતરે આવેલા વિસ્તારનો સમાવેશ થઈ જાય છે. પ્રકાશનો વેગ એક સેકંડમાં ૧,૮૬,૦૦૦ માઇલનો છે, તે હિસાબે એક પ્રકાશવર્ષનું અંતર ૬,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ માઈલનું ગણાય છે! ૪૮ ઈંચ વ્યાસના મોટા કાચવાળા 'બીગ શ્મિટ' નામે દૂરબીનથી, ૧૪"×૧૪"ના માપની પ્લેઇટો પર, ખાસ પ્રકારની લાલ ને વાદળી બારીક તખ્તીઓ રાખીને આ છબિઓ લેવામાં આવે છે. આખા આકાશનો નકશો તૈયાર કરવામાં આવી ૨૦૦૦ પ્લેઇટો વપરાશે. નૅશનલ જિયૉગ્રાફિક સોસાએટી આ આકાશી નકશો દુનિયાભરની વેધશાળાઓ, શાળાઓ ને ખગોળશાસ્ત્રીઓને પૂરો પાડવાનું વિચારે છે. એ સોસાએટીએ કરેલી નાણાંકીય સહાય જોતાં આ મહાન વૈજ્ઞાનિક નકશાનું મૂલ્ય દરેકને પરવડે એવું હશે. પાલોમારના વૈજ્ઞાનિકો કહે છે કે મોટીમોટી વેધશાળાઓનાં માર્ગદર્શન માટે આ નકશો મૂલ્યવાન સંશોધન-કૃતિ લેખાશે. દૂરબીન વિનાની નાનીનાની વેધશાળાઓ અને ખગોળશાસ્ત્રીઓ તો દૂરબીન વિના જ આ નિરીક્ષણ-તસ્વીરો પરથી અભ્યાસ કરી શકશે.

વાટ વિનાની બત્તી!

બ્રિટિશ ઔદ્યોગિક મેળામાં એક નવું જ સિગાર-લાઇટર રજૂ થનાર છે, જેમાં વાટ નહિ પણ વાસ વિનાનો એક પ્રકારનો ગૅસ વપરાય છે. ગજવાના લાઇટરમાં તેની એક કૅપસુલ નાખી હોય તો તે વડે ૨૫૦૦ વખત બત્તી સળગી શકે છે. બીજું એક ટેબલનું મોડેલ છે તેમાં તો એક વખત ગૅસ ભરવાથી બે વરસ લગી તે ચાલે!



ટાઈપરાઇટિંગમાં નવી શોધ

બ્રિટનની વ્યાપારી કૉલેજોમાં 'ટચ ટાઇપિંગ'ની તાલીમ માટે પ્રકાશયોજનાવાળું એક નવા પ્રકારનું કી બોર્ડ શોધાયું છે, જે વડે ૪૦ ટકા જેટલો તાલીમનો સમય ઘટી જાય છે અને ૨૫ ટકા ટાઈપિંગ સ્પીડ વધે છે. વર્ગની સામે ભીંત પર એ બોર્ડ ટાંગવામાં આવે છે. પછી જે અક્ષરની 'કી'—ચાવી શિક્ષક તેના યંત્ર પર દબાવે તે અક્ષરો એ બોર્ડમાં અમુક અમુક રંગોથી પ્રકાશિત થાય છે, જે દરેક રંગ એકેક આંગળી માટે નક્કી કરેલો હોય છે (કલ્પના તરીકે: લીલો એટલે જમણા હાથનો અંગૂઠો, વાદળી એટલે તર્જની વગેરે). વિદ્યાર્થીઓ એ બોર્ડ પર જ નજર ઠેરવીને એ રંગો પ્રમાણેની આંગળીયો વડે પોતપોતાના ટાઇપરાઈટરની ચાવીઓ દાબતાં જાય છે, ને આ પદ્ધતિએ તેઓ અસાધારણ ઝડપથી ટાઇપિંગમાં તૈયાર થઇ જાય છે.

જગતનાં રત્નો

૩૩પમા અંકની 'માધુકરી'માં ૬૬ જાતનાં રત્નોની યાદી આપી હતી. આ નીચે એ બધાં રત્નોની ટૂંક ઓળખાણ આપી છે.

(૧) હીરો (ડાયમંડ): રત્નોમાં સર્વશ્રેષ્ઠ રત્ન. રંગ સફેદ, પીળો, આસમાની વગેરે આવે છે. તેના પદાર્થબંધારણમાં કાર્બન (કોલસો) હોય છે. રત્નોમાં તે સૌથી સખત ગણાય છે.

(૨) પાનું (એમેરલ્ડ): લીલા રંગનો અતિ બરડ પથ્થર. આ પણ રત્નોમાં શ્રેષ્ઠ મનાય છે. કિંમતની દૃષ્ટિએ તો કવચિત હીરાથી પણ તે મૂલ્યવાન હોય છે. તેના પદાર્થબંધારણમાં 'બેરીલ' નામના પદાર્થ સાથે 'ક્રોમિક ઑક્સાઇડ' નામનો ક્ષાર આવેલો છે.

(૩) માણેક (રૂબી): ઘેરા લાલ રંગનો પથ્થર. ગુલાબી કે બગડેલા લોહી જેવો લાલ પણ હોય. પાંચ મહારત્નોમાં તેની ગણના થાય છે.

(૪) શનિ (સેફાયર બ્લૂ): વાદળી રંગનો, માણેકની જાતનો જ પથ્થર. તે સામાન્યરીતે ગ્રહ તરીકે જ (શનિનો ગ્રહ જેને જ્યોતિષની દૃષ્ટિએ નડતો હોય તેઓના પહેરવામાં) વધુ વપરાય છે. કાશ્મીર અને લંકામાં તેની સારી પેદાશ છે.

(૫) મોતી (પર્લ): સમુદ્રમાં ખાસ જાતની માછલીઓ દ્વારા છીપમાં ઉત્પન્ન થતો પદાર્થ. તેના બંધારણમાં ચૂનો મુખ્ય છે. મૂલ્યવાન રત્નોમાં મોતી પણ અગ્રગણ્ય છે.

(૬) ઓપલ: ઘડીઘડીમાં જુદાજુદા રંગપલટા દેખાડતો, લીલી દૂધિયા ઝાંયવાળો ખનિજ પથ્થર.

(૭) અકીક (અગેટ): રાતા, તપખીરિયા, પીળા વગેરે રંગનો, રેતીની અર્ધ પારદર્શક જાતનો ચકમકનો પથ્થર. સૌરાષ્ટ્રમાં મોરબી પાસે તેમજ ગુજરાતમાં રાજપીપળા પાસે તે સારા પ્રમાણમાં મળે છે. ખંભાત અકીકના કાપવા-ઘસવાનું મુખ્ય મથક છે.

(૮) કેરબા (અમ્બર): મૂળે તો લાખો વર્ષ પરનાં ઝાડનાં થડનો રસ. હાલ તે સમુદ્ર અને ખાણોમાંથી જામી ગએલી હાલતમાં ખોદી કઢાય છે. તેને ગરમ કરીને તેલ પણ કાઢી શકાય છે. કેરબામાંથી જુદીજુદી જાતની ચીજો પણ બનાવાય છે. રંગ પીળો, લાલ વગેરે.

(૯) એમેથિસ્ટ: જાંબુડા રંગનો પારદર્શક ખનિજ પથ્થર. હાલ ફૅન્સી અલંકારોમાં વપરાય છે.

(૧૦) ઍકવામરીન: આછા પીરોજી રંગનો પારદર્શક પથ્થર.

(૧૧) બ્લડ-સ્ટોન: ઘેરા લીલા રંગમાં લોહી જેવા લાલ રંગનાં છાંટણાંવાળો અપારદર્શક પથ્થર.

(૧૨) ગાર્નેટ: તપખીરિયા, લાલ વગેરે રંગનો પારદર્શક પથ્થર. તેનો લાલ રંગ માણેકથી જરા ઘેરો અને કાળાશપડતો હોય છે. પણ માણેકની જેમ આમાં દ્યુમક નથી હોતું.

(૧૩) પીરોજો (ટર્કૉઇઝ): પીરોજા રંગનો અપારદર્શક પથ્થર. ઇસ્લામ ધર્મના અનુયાયીઓ એને પવિત્ર માને છે.

(૧૪) એમેથિસ્ટાઇન સેફાયર: માણેકની જાતનો જાંબુડો પથ્થર.

(૧૫) કાર્બંકલ: માણેકને મળતો પણ જરા પીળાશ પડતો લાલ પારદર્શક પથ્થર. માણેક અને આની પરખમાં ઘણા ભૂલ ખાઇ જાય છે.

(૧૬) ક્રીસોલાઇટ: ફિક્કા લીલાની અસરવાળા પીળા રંગનો પથ્થર.

(૧૭) ક્રીસોપ્રેસ: ખુલતા લીલા રંગનો પથ્થર. જેડ પથ્થર કરતાં આ ફિક્કો અને પાનાથી જરા ખુલતા રંગનો આવે છે.

(૧૮) પરવાળું (કોરલ): સમુદ્રમાં બેટા ઉપર ખાસ જીવાતોએ બનાવેલો પદાર્થ. રંગ સિંદુરિયો.

(૧૯) કાર્નેલિયન: માંસના રંગનો લાલ અકીક.

(૨૦) જેસિન્થ: લાલ અથવા લાલ ભૂરા રંગનો પથ્થર. મૂળ તે ઝિર્કોનની જ એક જાત છે.

(૨૧) જેડ: લીલા રંગનો અપારદર્શક પથ્થર.

(૨૨) જાર્ગુન: ફિક્કા પીળા રંગનો અપારદર્શક પથ્થર. આ પથ્થર પણ 'ઝિર્કોન' છે અને સીલોન (લંકા)માંથી નીકળે છે.

(૨૩) જૅસ્પર: લીલા, પીળા કે વાદળી રંગનો અપારદર્શક પથ્થર.

(૨૪) જેટ: કાળા રંગનો ચમકતો ખનિજ પથ્થર.

(૨૫) લેપીસ લાઝુલી: અપારદર્શક વાદળી રંગનો પથ્થર.

(૨૬) મૅગ્નેટાઇટ (મૉર્ગેનાઈટ): 'ઍકવામરીન'ની જાતનો પણ ખુલતા ગુલાબી રંગનો પારદર્શક પથ્થર.

(૨૭) આરસ (માર્બલ): સંગેમરમર કે આરસપહાણ.

(૨૮) મૂનસ્ટોન: કાચ જેવો પારદર્શક પથ્થર. કવચિત્ સહેજ આસમાની રંગમાં મળી આવે તો ખૂબ જ કિંમતી ગણાય છે.

(૨૯) રૉક ક્રિસ્ટલ: ચશ્માં માટે વપરાતો કાચ જેવો પથ્થર.

(૩૦) સાર્ડોનિકસ: સફેદ અકીક.

(૩૧) સર્પેન્ટાઇન: સર્પ જેવાં લહેરિયાંવાળો ધૂળિયો લીલો પથ્થર.

(૩૨) સોનેલો (ટુપાઝ): સોના જેવા રંગનો પારદર્શક પથ્થર.

(૩૩) ટર્મેલાઇન: પાનાને મળતો જ, પાના સાથે જ મળી આવતો, પણ આછા નિસ્તેજ લીલા રંગનો પથ્થર.

(૩૪) પોખરાજ (વ્હાઈટ સેફાયર): સફેદ અથવા સહેજ પીળા-

ની અસરવાળો, શનિ માણેકવગેરેની જાતનો પથ્થર. ભારતવર્ષમાં સાધારણ લોકોમાં તે જ હીરા તરીકે વપરાય છે.

(૩૫) લસણિયો (કૅટ્સ આઇ): વચ્ચે ચળકતી ફુલી રેખા બતાવતો, બિલાડીની આંખ જેવા જ રંગનો પથ્થર.

(૩૬) હેમેટાઈટ :-કાળો, સુંવાળો, લોખંડના પદાર્થબંધારણવાળો પારદર્શક પથ્થર. ક્વચિત્ લાલ રંગનો પણ આવે છે. 'જેટ'ને મળતો.

આ સિવાય રંગ કે રૂપમાં સહેજસાજ ફરકવાળા છતાં બંધારણથી ઉપરના પથ્થરોની જાતના જ એવા પથ્થરોનાં બીજાં નામો પણ છે. ઉપર પણ એક જ જાત હોવા છતાં રંગફરકથી જ જુદું નામ અપાયું હોય તેવા પથ્થરો પણ છે. જેમાં કાર્નેલિયન અને સાર્ડોનિક્સ એ અકીક જ છે; જ્યારે જેસિન્થ અને જર્ગુન એ 'ઝિર્કોન' નામની એક જ જાતના પથ્થર છે. આ સિવાયનાં નામોમાં પેરીડૉટ, ટાઇગર આઇ, પ્લાસ્મા, સોપસ્ટોન, મલચિટ્સ, સ્પોડુમેન, ઑબસીડિયન, ઑનિક્સ, આયર્ન પીરીટ્સ વગેરે છે. —હિંમત ઝવેરી (અલંકાર)

ભારતીય વિમાનીઓનું સાહસ

નૌકા હવાઈ-જહાજોનું સૌથી ઝડપી ઉડ્ડયન કરીને ભારતના બે વિમાનીઓએ હમણાં અસાધારણ સિદ્ધિનું ગૌરવ મેળવ્યું છે. બ્રિટનના શાહી નૌકાદળનાં બે દરિયાઈ હવાઈ જહાજોમાં ઈંગ્લંડના લી-ઑન-સોલન્ટ ખાતેના શાહી નૌકા વિમાની મથકેથી માલ્ટા સુધીના ૧,૩૨૨ માઇલના અંતરનું ઉડ્ડયન કેવળ ૩ કલાક ૧૧ મિનિટમાં કરીને તેમણે ઝડપનો નવો આંક સ્થાપ્યો છે. તેમનાં નામ છે લેફ્ટેનન્ટ ટી. ચક્રવર્તી (ભારતીય નૌકા ડિસ્ટ્રૉયર ફ્લૉટિલાના સેનાપતિ કૅપ્ટન ચક્રવર્તીના ભાઈ) અને લેફ્. પી. એન. પરાશર. તેમની સરેરાશ ઝડપ કલાકના ૪૧૪ માઈલ જેટલી હતી.

નવો જંતુનાશક સાબુ

એક બ્રિટિશ સાબુ બનાવનારે એક અત્યંત અસરકારક અને નવા જ પ્રકારનો જંતુનાશક સાબુ બનાવ્યો છે. આજ સુધી બનેલા કાર્બોલિક સાબુઓ જંતુનો નાશ કરે છે ખરા, પણ ધોવાએલા સ્થાને નવા જંતુ બેસે તો તે ત્યાં ફરી ઉછરે છે પરંતુ આ સાબુમાં એક એવું નવું રસાયણ નાખ્યું છે કે તે વડે ધોવા કે નહાવાથી ચામડી પર એક જાતનું અદૃશ્ય પડ બની રહે છે જે કલાકો સુધી ત્યાં રહે છે, જેથી જે કોઈ જંતુ બેસે તે તરત જ મરી જાય છે. એનું વૈજ્ઞાનિક નામ છે 'હેક્ઝાક્લૉરોફીન'; પણ ટૂંકુ નામ 'G-11'(જી-૧૧)છે. કાર્બોલિક ઍસિડ કરતાં તે સવાસોગણું શક્તિશાળી-તીવ્ર છતાં ચામડી ન તતડે એવું, વાસ વિનાનું, રંગ વિનાનું અને ઝેરી અસર વિનાનું છે.

કર્તવ્યનિષ્ઠાનાં ઉદાહરણ

બ્રિટનમાં ગઈ ચૂંટણી-ઝુંબેશ વખતે એક સભાનો અહેવાલ મેળવવા જતાં, લંડનના એક વર્તમાનપત્રની સ્ત્રી-સંવાદદાતા (રીપોર્ટર) અંધારાને લીધે પગથિયાં ચૂકી જતાં પડી ગઈ જેથી તેના જમણા હાથની બધી આંગળીઓ મચકોડાઈ ગઈ અને સખત વેદના ઊપડી. છતાં તે જરા યે મચક આપ્યા વિના સભાનો સવિસ્તર અહેવાલ મેળવવા ત્યાં રોકાઇ ને એ જ જમણા હાથની દરદ કરતી આંગળીઓ વડે જ આખો અહેવાલ લખ્યો! ફરજ પ્રત્યેની કેવી સજાગતા! આ કર્તવ્યનિષ્ઠ સ્ત્રી સંવાદદાતાનું નામ છે ઍની રૉબર્ટસન કૂપર.

ગયા શિયાળે બ્રિટનમાં જ્યારે કોલસાની તીવ્ર તંગી ઊભી થઈ ત્યારે રાજ્ય અને દેશની હાકલને માન આપીને ત્યાંની કોલસાની ખાણના કામગારોએ ઉમંગથી શનિવારના વધારાના દિવસોએ ખાસ કામ કરીને એ તંગી નિવારી હતી. તેને બિરદાવતાં 'ન્યૂસ ઑવ ધ વર્લ્ડ' નામના પત્રે લખેલું કે 'પોતાની કટોકટીની પળે દેશે પ્રજા તરફ જે માગ માંડી તેનો સૌથી ઊગળકાબચો જવાબ ખાણિયાઓએ આપ્યો. દેશના ઉદ્યોગનાં ચક્રો વધુ વેગથી ચાલતાં રાખવા અને ઘરઘરના ચૂલા જલતા રાખવાની અગત્ય પ્રીછીને ૭૬૨ ખાણોએ મરજિયાતરીતે શનિવારની પાળી ચલાવીને એક જ દિવસમાં ત્રણ લાખ ટન કોલસો કાઢી આપ્યો!'

આપણે ત્યાં 'વધુ ઉત્પાદન'ની હાકલો કરીકરીને દેશના અગ્રણીઓનાં ગળાં બેસી જાય તો યે તેનો જવાબ આપવાનું તો બાજુએ રહ્યું, પણ કામમાં દાંડાઈ અને કોઇ પણ નિમિત્તે વધારે રજાઓ લેવાની જ દાનત પ્રવર્તે છે તે કેવું ગ્લાનિજનક છે?

વેશભૂષાનો ઇતિહાસ

લંડનમાં તાજેતરમાં જ એક અત્યંત અસામાન્ય સ્વરૂપનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. તેનો વિષય હતો 'યુગયુગની વેશભૂષા'. આમાં છેક ૧૪મી સદીથી માંડીને આજ દિન પર્યંતના સ્ત્રી-પોશાકની ફૅશનના ઇતિહાસની ક્રમશઃ તસ્વીર રજૂ કરવામાં આવી હતી. તે માટે ૧૨થી ૧૫ ઈંચ ઊંચાઈની ૧૫૦ જેટલી સુંદર ચહેરાવાળી પૂતળીઓ તૈયાર કરવામાં આવી હતી, ને તેને જુદીજુદી સદીની વિધવિધ ફૅશનના પોષાકોથી સજાવવામાં આવી હતી. બ્રિટનનાં ચિત્રાલયોનાં પ્રખ્યાત પ્રાચીન ચિત્રોની પણ આ પોશાકો તૈયાર કરવામાં સહાય લેવામાં આવી હતી. આપણે ત્યાં પણ આપણા (ભારતીય તેમજ પ્રાંતે પ્રાંતના) પહેરવેશનો ચિત્ર ઇતિહાસ રચાવો જોઈએ.

ધરતીની ગોદમાં

ઈંગ્લંડની નિશાળોમાં હમણાં એક નવો કાર્યક્રમ યોજાયો છે. દર વર્ષે વૅકેશનમાં ચુંનદા ખડતલ અને ખમીરધારી વિદ્યાર્થીઓની એક સંશોધન-સફર-ટુકડી યોજવામાં આવે છે. તે બરફ પ્રદેશો જેવા વિકટ અને દુર્ગમ વિસ્તારોને ખૂંદીને ત્યાંથી તરેહતરેહની જ્ઞાનવર્ધક વિશિષ્ટ માહિતી મેળવી લાવે છે. આ વર્ષે ૧૩મો પ્રવાસ હતો, જેમાં વિદ્યાર્થીઓની સાહસિક ટુકડીએ આઇસલૅન્ડના વિશાળ ક્ષેત્રની સફર ખેડી હતી. ટુકડીના સભ્યોએ ૧૭ દિવસમાં ૨૫૧ માઈલની મજલ કરી હતી. પ્રત્યેકના ખભા પર ૭૦ રતલ જેટલું વજન (સરસામાન-સાધનોનું) હતું. તેમણે જમીનની આંકણી, વનસ્પતિ તથા ભૂસ્તરવિષયક નમૂનાઓનો સંગ્રહ તથા છબિઓ ઉપરાંત હવામાન, પશુવિજ્ઞાન, બરફ-પરિસ્થિતિ ઈત્યાદિ બાબતો અંગેનું અભ્યાસપૂર્ણ અવલોકન કર્યું. આ ટુકડીના નેતા મેજર એફ.જી. હેનેલ જે બ્રિસ્ટલ વિદ્યાપીઠમાં ભૂગોળના પ્રાધ્યાપક છે તેમણે કહ્યું હતું કે 'હું સફરે ઊપડ્યો ત્યારે મારી સાથે શાળાના સાદા વિદ્યાર્થીઓ હતા; પણ જ્યારે હું પાછો ફર્યો ત્યારે તેઓ ખડતલ યુવાનો બની ગયા હતા!'

એશિયાનું એક અજોડ સ્કોર બોર્ડ

કલકત્તા ખાતે રમાએલી ત્રીજી ટેસ્ટ મૅચ વખતે એક નવું સ્કોર બોર્ડ પણ ઊભું થવાનું હતું. એશિયામાં આવું સ્કોરબોર્ડ એ પહેલું છે.

આ સ્કોર બોર્ડ બે માળનું બનેલું સાઠ ફૂટ જેટલું ઊંચું છે અને તે પરથી રમતની ચાલુ ને છેલ્લામાં છેલ્લી હકીકત જાણી શકાય છે. એમાં, રમતા ખેલાડીઓ અને તેમના રન, આઉટ થએલા ખેલાડીઓ અને તેમનો સ્કોર, બોલર અને તેનું બોલિંગ ઍનાલિસિસ, વિકેટ પડવાનો ક્રમ ને કુલ જુમલો, વિકેટ વગેરે બાબતો એકીસાથે જોઇ શકાય છે. ફટકો માર્યા પછી દડો રોકનાર ફીલ્ડરના નામ આગળ બોર્ડ પર લાલ બત્તી થાય છે. બૅટ્સમેન શી રીતે આઉટ થયો તે પણ જાણી શકાય એવો પ્રબંધ છે. ઑસ્ટ્રેલિયામાં આવાં ત્રણ બોર્ડ છે. ઇંગ્લંડમાં નૉટિંગહામ ખાતે એક છે, પરંતુ એમાં આટલી વિગતો નથી.

આ માસ (માર્ચ) ઇતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : લ્યૂથર બુરબૅંક



કદાચ કુદરત પોતે પણ ન કરી શકે એવી અવનવી ઉપયોગી વનસ્પતિઓ ઉપજાવી માનવજાત ઉપર એક મોટું ઋણ મૂકી જનાર, જગતભરમાં વનસ્પતિશાસ્ત્રનો અદ્ભુત કીમિયાગર ગણાતા અમેરિકન વનસ્પતિશાસ્ત્રી લ્યૂથર બુરબૅંકનો જન્મ માસાચ્યુસેટ્સ પરગણાના લૅંકેસ્ટર ગામમાં ૧૮૪૯ની ૭મી માર્ચે એક સાધારણ કુટુંબમાં થએલો. ગ્રામર સ્કૂલમાં શિક્ષણ પૂરું કરી નાનપણથી જ તે પિતા સાથે એક કારખાનામાં કામે જતો અને રજાઓ દરમિયાન માગાની દ્રાક્ષની વાડીઓમાં તેના વાવેતર પર અવનવા પ્રયોગો કરતો. કારખાનાના અનુભવે તેણે કામદારોની મહેનત બચાવી દે તેવું એક યંત્ર પણ બનાવેલું અને પોતાને માટે એક સ્ટીમબોટ પણ. ૧૮ની વયે ડાર્વિનના એક પુસ્તકમાં વનસ્પતિઓનાં સંકરણ વિષેનું લખાણ વાંચી તે એવા પ્રયોગો કરવા પ્રેરાયો. અમેરિકામાં એ વખતે બટાટાનું વાવેતર સારું ન થતું હોઇ તેણે તેના પર જ પ્રયોગ આરંભ્યો અને બટાટાનાં સારામાં સારાં ૨૩ બી ચૂંટી કાઢી તેમાંથી ઊંચામાં ઊંચી જાતના બટાટા તૈયાર કર્યા. પ્રયોગો માટે આ બટાટાનાં દસેક નંગ પોતાની પાસે રાખી બાકીના બધા તેણે ૩૦ પૌંડની કિંમતે વેચી નાખ્યા.

કારખાનામાંથી તો તેને ક્ષય લાગુ પડ્યો, એટલે હવે તેણે પેલા ૧૦ બટાટા અને ૩૦ પૌંડની મૂડી પર કૅલિફૉર્નિયા જઈ બાગબાની કરવા ધાર્યું. ત્યાં આજીવિકા માટે થોડો સમય સુતારી કામ કરી અંતે સાન્ટા રોઝામાં તેણે ચારેક એકર જમીન મેળવી અને તેમાં પેલા બટાટા વાવી તેમાંથી સારામાં સારી જાતના બટાટાનો પુષ્કળ પાક ઉતાર્યો. પાછળથી બુરબૅંક બટાટાને નામે તે એટલા લોકપ્રિય થયા કે તેના અવસાન પહેલાં બહાર પડેલી સરકારી યાદી પ્રમાણે તેનું એકલા અમેરિકન સંયુક્ત રાજ્યોમાં જ ચાર લાખ પૌંડનું વેચાણ થએલું. હવે તો તેણે બીજી ૧૮ એકર જમીન પણ ખરીદી અને જમીનના આ બે ટુકડા પર જ તેણે જગતને—બલ્કે ખુદ કુદરતને પણ નવાઈ પમાડી દે તેવા પ્રયોગો કરીને વનસ્પતિ, શાકભાજી અને ફળ ફૂલની અનેક નવી જાતો ઉપજાવી. વનસ્પતિઓમાંથી અગાઉના કરતાં વધારે ખાદ્ય અને રસકસ ઉત્પન્ન કરી આપ્યાં; બોર જેવાં ફળોના મોટા ઠળિયા ઝીણાં બી જેવડા બનાવી ઉપરનો ગર સફરજન જેટલો કરી આપ્યો; ઝીણાં ફૂલોને હથેળી જેવડાં મોટાં ઊગતાં કર્યાં; ઝાડમાંથી થડ–પાંદડાં ઓછાં કરી તેનો રસ ફળોમાં ઉતારી પાકમાં વધારો કર્યો; પક્ષીઓ ફોલી ન ખાય માટે પાતળી છાલનાં ફળોને કઠણ છાલનાં બનાવ્યાં. આવાઆવા તો વરસ દરમિયાન તે એકીસાથે લગભગ છ એક હજાર પ્રયોગો કરતો, જેને વર્ણવતા ૨૦ મોટા ગ્રંથો લખાયા છે. એકલા થોરને જ કાંટાવિહીન કરી તેને ખાવા લાયક બનાવી દઇ અમેરિકાની પાસિફિક કિનારાની ભૂમિને દોઢ અબજ રૂપિયાનો ફાયદો કરી આપ્યો. પણ તેણે પોતે પોતાની આ શોધોનો જરા યે આર્થિક લાભ નથી લીધો. સ્ટૅનફર્ડ યુનિવર્સિટીમાં તે ઉત્ક્રાંતિવાદ ભણાવતો તે યે વિના વેતને! પણ તેના આ શૉખને લોકોના લાભ ખાતર પોષવા માટે ૧૯૦૪માં કાર્નેગી ટ્રસ્ટીઓએ તેને ૨૦૦૦ પૌંડનું વર્ષાસન બાંધી આપેલું; જોકે તેને પોતાને તો એવો કોઇ મોહ નહોતો જ. બાગબાની દ્વારા કુદરત સાથે તે એકરૂપ જ થઇ રહેલો અને કુદરતને જ તે ઇશ્વર ગણતો. આથી તો પ્રકૃતિ અને ઈશ્વરનું કાર્ય પોતાને માથે ઉપાડી લઇ અવનવી વનસ્પતિ ઉપજાવવા બદલ સાન્ટા રોઝાના ધર્મગુરુઓએ તેને જાહેરમાં આમંત્રી દોષિત ઠરાવેલો! છતાં એણે તો પોતાનું કાર્ય જારી રાખ્યું; અને એ કરતાંકરતાં જ ૧૯૨૬ની ૧૧મી ઍપ્રિલે તે અવસાન પામ્યો.

દિનવિશેષ

તા. ૩ શાલિવાહન શકનો આરંભ થયો, ૭૮.
તા. ૮ આમુંડસેને દક્ષિણ ધ્રુવ સર કર્યો, ૧૯૧૨.
તા. ૯ ગુજરાતના પહેલા વિવેચક શ્રી નવલરામ લક્ષ્મીરામનો જન્મ, ૧૮૩૬.
તા. ૧૪ સૂર્યમાળાનો સૌથી દૂરનો ગ્રહ પ્લૂટો શોધાયો, ૧૯૩૦.
તા. ૨૨ સુભાષબાબુની આઝાદ હિંદ ફોજનો ઈમ્ફાલમાં પ્રવેશ, ૧૯૪૪.
તા. ૨૩ હિંદમાં પહેલી વીજળી નંખાઈ, ૧૮૫૪.
તા. ૨૫ કવિ દલપતરામનું નિધન, ૧૮૯૮.
તા. ૨૮ નાના ફડનવીસનું અવસાન, ૧૮૦૦.
તા. ૨૯ અંગ્રેજોએ પંજાબ સર કર્યું, ૧૮૪૯.
તા. ૩૦ હિંદ ઇંગ્લૅંડ વચ્ચે વિમાન-વ્યવહાર શરૂ, ૧૯૨૯.

ફેબ્રુઆરી (૧૯૫૨)ની તવારીખ

તા. ૬ ઈંગ્લૅંડના રાજા છઠ્ઠા જ્યૉર્જનું ઊંઘમાં હૃદય બંધ પડવાથી અવસાન; તા. ૧૩ સૌરાષ્ટ્રનાં ધાડ-ખૂન પાછળ રાજકીય હેતુનાં કાવતરાં અંગે ભાવનગર, લીમડી તથા મોરબીના કુમારો, ધ્રોળના ઠાકોર અને બીજા રાજવંશીઓની ધરપકડો; તા. ૨૦ પૂર્વ પાકિસ્તાનમાં રાજભાષા બંગાળી રાખવાના આગ્રહથી નીકળેલા વિદ્યાર્થી સરઘસ પર ગોળીબાર; તા. ૨૩ દેશની પ્રાચીન ને અર્વાચીન કલાનાં બેમૂલ રત્નોને રાષ્ટ્રીય કલાસંગ્રહ માટે ખરીદવા સારુ એક નિધિ (ફંડ)નું પંડિત નહેરુને હાથે દિલ્હીમાં ઉદ્ઘાટન; તા. ૨૫ ભારતમાં એક હજાર વર્ષે આવેલો સોમવતી અમાસ ને સૂર્યગ્રહણનો ત્રેવડો વિરલ યોગ.

પ્રસંગવિશેષ : બાબરને હાથે રાણા સંગનો પરાભવ

બાબરે હિંદ પર ચડાઈ કરી ત્યારે આથમતાં જતાં રાજપુત રાજ્યોમાં એક માત્ર મેવાડનું રાજ્ય ત્યાંના રાણા સંગ(સંગ્રામસિંહ)ના વીરત્વને લીધે ઉન્નત મુખે ટકી રહ્યું હતું. દિલ્હીના સુલતાન ઈબ્રાહીમ લોદીને તેણે અનેકવાર હરાવેલો એવાં તો એ એકસો યુદ્ધ લડેલો, જેમાં તેણે પોતાની એક આંખ, એક હાથ અને એક પગ ગુમાવેલાં. આ ઉપરાંત પણ ભાલા-તલવારના એંશી ઘાનાં ચિહ્નો તેના શરીર પર હતાં. દિલ્હી હાથ કરી બાબરે એ રાણા સંગને હરાવવા ધાર્યું. રાણાએ પણ પૂરતી તૈયારી કરી બાબર સામે આગ્રાથી લગભગ ૨૩ માઈલ દૂર ખાનવા મુકામે પોતાના ૧૨૦ માંડલિકો લઇને ૮૦,૦૦૦ ઘોડેસવારો તથા ૫૦૦ હાથીઓ સાથેની વિશાળ સેના ખડી કરી દીધી. ઇ. સ. ૧૫૨૭ની ૧૬મી માર્ચે યુદ્ધ શરૂ થયું ને થોડી વારમાં તો બાબરના સૈન્યમાં નિરાશા ફેલાઈ ગઈ. બાબર પોતે પણ પોતાનું જોખમ સમજી ગયો. કોઈ અધર્મને લીધે જ પોતાને આ હાર ખાવી પડે છે એમ માની તેણે તુરત જ માદક પીણાંઓની બાધા રાખી, સૈન્યમાં પણ તેની મનાઇ ફરમાવી, મુસ્લિમ ધર્મ માટે કુરબાન થઈ જવાની પ્રેરણા આપી પોતાના સૈન્યમાં ફરી જાગૃતિ આણી અને જબરદસ્ત હલ્લો કર્યો. એમાં રાણો ઘાયલ થતાં રાજપુતો તેને પહાડીઓમાં ઉઠાવી ગયા. તેનું નેતૃત્વ જતાં તેના સૈન્યમાં નિરાશા ફરી વળી અને પરિણામે બાબરની જીત થઇ. ચિતોડ માટે રણભૂમિ પર ન મર્યાનો અફસોસ કરતો રાણો પણ ૧૫૨૯માં મરણ પામ્યો.

અફસોસને આસન કદી જો આપશું, જે રહ્યું થોડુંય તે લૂંટી જશે;
જો ગુમાવ્યાની ગણત્રીમાં પડયા, ફૂલ ઊઘડતુંય તે ચૂંટી જશે.

—મકરન્દ દવે

ડૉ. જૉનસનની અંગ્રેજી ડિક્શનેરી પહેલી બહાર પડી ત્યારે એક સ્ત્રીએ તેમને તેમાંથી અસભ્ય શબ્દો બાતલ રાખવા માટે મુબારકબાદી આપી. તે સાંભળી જૉનસને ઉપાલંભમાં કહ્યું, 'તમે શું એવું જ ખોળવા માટે મારો કોષ જોયો કે?'

અનેકાર્થી શબ્દ: કપોત=કબૂતર; હોલો; સાજીખાર; સુરમો.

લોકોક્તિમાં ત્રણના સમૂહ

(૧) ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય—એ ત્રણ જગતના ખેલ. (૨) શીંગ, ડૂંડાં ને પોપટા—એ ત્રણ જાતનાં અનાજ (અનાજ ત્રણ રીતે ઊગે: કાં તો શીંગથી—જેમકે મગ; યા ડૂંડાંમાં—જુવાર, બાજરી, ઘઉં, મકાઈની જેમ, અથવા પોપટામાં—જેમકે ચણા.) (૩) ઘા, વા ને ઘસરકો એ ત્રણ જાતનાં વાજાં (ઘા મારવાથી—ઢોલક વગેરે; ફૂંકથી—વાંસળી વગેરે; ઘસરકાથી—સારંગી વગેરે; એ જ રીતે (૪) ધાર, અણી અને ધુબાકો—એ ત્રણ જાતનાં હથિયાર; (૫) ફરતું, ચરતું ને તરતું—એ ત્રણ પ્રકારનાં વાહન. (જોકે આ છેલ્લી જાતોમાં આ યુગમાં ઘણાં નવાં ઉમેરાયાં છે.) (૬) લાંચ, ભાડું ને દક્ષિણા—એ ત્રણનો ઉધારો નહિ; (૭) જમીન, જોરૂ ને જર—એ ત્રણ કજિયાનાં ઘર.


ગણિત-ગમ્મત

ગમે તેટલા અંકવાળી સંખ્યા લો. તે જ અંકોને આડાઅવળા ગોઠવી બીજી સંખ્યા બનાવો. એ બંનેની બાદબાકી કરતાં, બાદબાકીના અંકનો સરવાળો ૯થી ભગાય તેવો જ હશે. (નારાયણ મ. દેસાઇ)


દા. ત.	૧૦૦૪	૩૪૫૬૭૮
	૦૦૧૪	૮૩૭૬૫૪
	૯૯૦	૪૯૧૯૭૬

ત્રાંબાના વાસણમાં ખાટી છાશ નાખવાથી થતા કાટમાં થોડું મોરથૂથુ તથા મરી વાટીને નાખી ખૂબ લસોટીને કાલવીને લગાડવાથી ખરજવું મટે છે. આ મિશ્રણને વધુ જલદ બનાવવું હોય તો કંસારાને ત્યાંથી ત્રાંબાના કાટની ભૂકી લાવીને અંદર ઉમેરવી. આ બધું નાળિયેરની કાચલીમાં કાઢી રાખીને પછી લગાડવું. (વિજયાબેન કાપડિયા)

મચ્છરની લગભગ ૧૦૦૦થી પણ વધુ જાતો છે, જેમાં ફક્ત મેલેરિયાના મચ્છરોની જ દોઢસો જાતો થાય છે.




દક્ષિણ અને અગ્નિ એશિયામાં તાલીમ પામેલા નિષ્ણાત ટેકનીશિયનોની ગંભીર તંગીનો તોડ લાવવા કૉમનવેલ્થના દેશો એ દિશામાં પરસ્પર સહાય કરે તે ઉદ્દેશથી એક 'કોલંબો યોજના' ઘડવામાં આવી છે. આ ફેબ્રુઆરીમાં તેના સ્મરણમાં સીલોને કાઢેલી નવી ટિકિટો માટેના 'ફર્સ્ટ-ડે કવર' ઉપરનું આલેખન ઉપર આપ્યું છે, જેમાં સાગરનાં મોજાં વચ્ચે પ્રકાશી રહેલા સીલોનના નકશામાં જલતી મશાલ તથા ચોમેર ત્યાંનાં સ્થાપત્યમાંનાં સુશોભનોનું ચિત્રણ છે.



લખી રહ્યા પછી કલમ ગમે ત્યાં મૂકી દેવાથી આજુબાજુ ડાઘા પડી રહે છે. આનો એક સહેલો ઉપાય છે. જાડા તારનો એક કકડો ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ખડિયાના ગળાના માપનો વાળો. પછી તેને ખડિયામાં ભરાવી દેવાથી કલમ મૂકવાનું સાધન તૈયાર થઇ જશે.

આ આકૃતિને યોગ્ય રીતે કાપી કાઢીને ગોઠવશો તો ચાર અક્ષરનો એક શબ્દ બનશે ને એમાંથી એકેય કરચ વધશે નહિ. (ના.મ.દેસાઇ)



ભવિષ્ય

ગરીબ માણસને માટે 'ભવિષ્ય'નો ખ્યાલ આનંદપ્રેરક હોય છે કે કો'ક દિવસ પણ આપણે પૈસાદાર થઇશું; જ્યારે શ્રીમંતને ભાવિનો વિચાર હમેશાં ચિંતાથી બાળતો જ રહે છે, કે રખેને ભવિષ્યમાં હું ગરીબ બની જાઉં!

યુનાઇટેડ નેશન્સે બહાર પાડેલા સત્તાવાર આંકડા મુજબ દુનિયાની વસતિ ૧૯૫૦ની મધ્યમાં ૨,૪૦,૦૦,૦૦,૦૦૦ બે અબજ ને ચાળીસ કરોડની હતી. તેની વિગત:

સોવિયેટ સાથે એશિયા	૧૨,૭૨૦	લાખ
સોવિયેટ વિના યુરોપ	૩,૯૬૩	,,
ઉત્તર અમેરિકા	૨,૧૬૩	,,
આફ્રિકા	૧,૯૮૦	,,
દક્ષિણ અમેરિકા	૧,૧૧૪	,,
ઓશિયાનિયા(ઑસ્ટ્રેલિયા ઈ.)	૧૨૯	,,
એકલું સોવિયેટ યૂનિયન	૧,૯૩૦	,,

ચંદુ: મારા ભૂલકણાપણા માટે આજ હું ડાક્તરની સલાહ લેવા ગયો હતો.
ચમન: એણે શું કહ્યું?
ચંદુ: ફી પહેલેથી માગી!



કલાકણિકા: ઈ. ૧૫૪૦નું ઇટાલિયન બનાવટનું માખણ રાખવાનું આ માટીનું પાત્ર તેની કારીગરી ને સુશોભન માટે, ફ્રાન્સના જાણીતા લુવ્રના કલાસંગ્રહમાં સંઘરવામાં આવ્યું છે.

નવાં પુસ્તકો

ભારતી સાહિત્યસંઘનાં

માનવતાનાં ઝરણાં: શ્રી દાદાસાહેબ માવલંકરના જેલવાસ દરમ્યાન તેમના સંપર્કમાં આવેલા ગુનેગારોમાં રહેલી માનવતાના મનને દ્રવિત કરતા જીવનપ્રસંગો, ૨-૮-૦; **મહારાજ અને મહાત્માજી**: શ્રી રવિશંકર મહારાજે કહેલાં ગાંધીજીનાં સંસ્મરણો–લેખક: ડૉ. બિપિન જીવણચંદ ઝવેરી, ૧-૪-૦; **મરણિયા વીર**: દેશના સ્વાતંત્ર્ય માટે શહીદો બનનાર બાલવીરોની કહાણીઓ, ૧-૦-૦; **ચતુર બીરબલ**: બોધ અને આનંદ આપતી બાદશાહ-બીરબલની રસિક વાતો, ૦-૧૨-૦; **બે ચતુર**: પંખી અને માણસ, એ બંનેમાંના બે ચતુરશ્રેષ્ઠ–કાગડા અને વાણિયા–ની રસિક વાર્તા, ૦ ૧૨-૦; **રંગવિનોદ**: બોધક બાલવાર્તાઓ, ૧-૦-૦; **ફત્તુમાંથી ફુસકી, ફુસકી અને છનિયો, ફુસકી અને ડાકુ, જેલમાં, ખજાનામાં, ફુશકીના ઘા**: મિયા ફુસકીનાં પરાક્રમોની રસભર વાતો, દરેકના ૦-૧૨-૦; આ દસે પુસ્તિકાના લેખક: જીવરામ જોષી. **કિંગકૉંગ**ના અદ્‌ભુત--રસિક ચિત્ર ઉપરથી સરજેલી રોમાંચક કિશોરકથા–અનુવાદક: લક્ષ્મીકાન્ત ઠાકોર, ૧-૮-૦; **જમાઇરાજ**: સામાજિક નાટક, લેખક: પન્નાલાલ પટેલ. ૨-૦-૦; **વાત્રકને કાંઠે**: અદુષ્ટ, અવિકૃત અને ભલા લોકોની માનવતાયુક્ત વાર્તાઓ, લેખક એ જ, ૩ ૮-૦.

નવજીવન પ્રકાશન મંદિરનાં

બાપુની સેવામાં: ગાંધીજીના ચરણે બેસી જે જોયું જાણ્યું અને અનુભવ્યું તેનાં બહુ સરળ અને રોચક શૈલીમાં આપેલાં વ્રજકૃષ્ણ ચાંદીવાલાનાં ૨૪ વર્ષનાં સંસ્મરણો–અનુવાદક: કરીમભાઇ વોરા, ૨-૦-૦; **ગ્રામવિદ્યાપીઠ**નાં અંગઉપાંગોની ભૂમિકા ચર્ચતી પુસ્તિકા, લેખકો: નાનાભાઈ ભટ્ટ, જુગતરામ દવે, મનુભાઇ પંચોળી, નારાયણ દેસાઇ, નરહરિ પરીખ, ૦-૧૪-૦; **પ્રેમપન્થ: યોજન ત્રીજું**–યોજક: દેસાઇ વાલજી ગોવિંદજી ૦-૪-૦.

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયનાં

સોરઠી બહારવટીઆ ભાગ ૧ લો: આનને માટે મરી ફીટનારા સૌરાષ્ટ્રના બહારવટીઆઓની કથાઓની છઠ્ઠી આવૃત્તિ. લેખક: સ્વ. ઝવેરચંદ મેઘાણી, ૨–૦–૦; **ગોળીબારની મુસાફરી**: 'ગુલિવર્સ ટ્રાવેલ્સ' પરથી લખેલું સૌ. હંસાબહેન મહેતાનું જાણીતું બાલભોગ્ય પુસ્તક, ૨–૧૨–૦; **સોરઠી શૂરવીરો**: સિંહ, વાઘ, ને દીપડા જેવાં ભયંકર પશુઓ સામે જંગ ખેડનાર જવાંમર્દોની કથાઓ, લેખક: મનુભાઈ જોધાણી, ૦-૧૨-૦; **જવાંમર્દ, એક કદમ આગે (જવાંમર્દ ભાગ ૨જો)**: કુમારજીવનનાં સાહસોથી ભરપૂર વાર્તાઓ, લેખક: જયભિખ્ખુ, ૧-૪-૦.

ઈતર

શહીદ: શ્રી ઉમાશંકર જોષીનાં અગિયાર એકાંકી નાટકોનો સંગ્રહ–'એકાંકી' એ સાહિત્ય-પ્રકારના ઈતિહાસ તથા સ્વરૂપ વિષે અભ્યસનીય નિબંધ સાથે, ૨૨૮ પાનાં, પાકું પૂઠું, ૩-૦-૦, ત્રિપાઠી લિ.; **વિદ્યાવારિધિ ભારવિ**: મહાકવિ ભારવિના જીવન પરથી લેખક શ્રી પ્રભુલાલ દ્વિવેદીના ષષ્ટિપ્રવેશ પ્રસંગે લખાએલું તથા ભજવાએલું નાટક, નેવું પાનાં, પાકું પૂઠું, સવા રૂપિયો, ત્રિપાઠી; **વીતકકથા** કાવ્યસંગ્રહ: લેખક-પ્રકાશક–હબીબ ગગલાની, રૈયા દરવાજાની અંદર રાજકોટ, ૦-૮-૦; **હિતબોધમાળા** તથા **હિતોપદેશમાળા**: સંગ્રાહક મગનલાલ જેઠાલાલ રામી, પ્રકાશક-હેમરાજ કાનજી ચાવડા, મુ. સીનુગરા (કચ્છ); **યાત્રા**: 'વસુધા'નો અનુગામી કાવ્યસંગ્રહ, લેખક: 'સુન્દરમ્', ૪-૮-૦; **દીવડી**: રમણલાલ વસંતલાલ દેસાઇનો નવો વાર્તાસંગ્રહ, ૫-૦-૦, બંનેના પ્રકાશક: આર. આર. શેઠની કંપની, મુંબાઇ-૨; **સર્જાતાં હૈયાં**: આર્થિક, સામાજિક, રાજકીય ને નૈતિક દષ્ટિબિંદુઓની ફૂલગૂંથણી જેવી નવલકથા, લેખક: નવલભાઇ શાહ, પ્રકાશક: મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, હઠીભાઈની વાડી, અમદાવાદ, ૨-૮-૦; **સ્વરકિન્નરી**: સંગીતનો આડકતરો પરિચય આપતી ને ઈ. સ. ૧૮૨૫થી ૧૯૦૦ની આસપાસમાં જામનગરના વિશેષ જામના સંસર્ગથી મળેલા, અનુભવો પરથી તથા કેટલીક સત્ય ઘટના પરથી રચેલી વાર્તા—સંપાદક: લક્ષ્મણલાલ મહેતા પ્રકાશક: કરસનદાસ માવજી ઠક્કર, લક્ષ્મી ભવન, ચોથી ક્રૉસ લેન, મુંબાઈ-૧૯, ૫-૦-૦; **બાતચીત** હિંદી ભાષાના વિદ્યાર્થીઓને હિન્દીમાં સહેલાઈથી વાર્તાલાપ કરી શકવામાં મદદરૂપ થઇ પડે તેવા પાઠો–લેખક: ગિરિરાજ કિશોર, ગુજરાત વિદ્યાપીઠ, ૦–૪–૦.















પરદેશોમાં ભારતીય કલા: ગયા બે માસમાં ભારત સરકારના શિક્ષણ ખાતાના ઉપક્રમથી પરદેશોમાં સાંસ્કૃતિક સંપર્ક સ્થાપવા તથા ભારતીય કલાનો પરિચય આપવાના ઉદ્દેશથી દિલ્હીની 'ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રૅફ્ટ્સ સોસાએટી' દ્વારા આધુનિક ભારતીય ચિત્રકળાનાં ૨૦૦ ચુનંદાં ચિત્રોનું એક પ્રદર્શન મિસર, ઈરાક, અને તુર્કસ્તાન ખાતે મોકલવામાં આવ્યું હતું જે પૈકીની થોડી કૃતિઓ ઉપર આપી છે. નોંધપાત્ર વાત છે કે ગુજરાતી ચિત્રકારોનું તેમાં સારું પ્રતિનિધિત્વ હતું, જે પૈકી બે આ ઉપર આપ્યાં છે; અને શ્રી સોમાલાલ શાહનું ગાયોનું ચિત્ર કરરગા અંકમાં આવી ગયું હોવાથી ફરી અહીં નથી આપ્યું. ડાબેથી: (૧) બપોરા : છગનલાલ જાદવ; (૨) ઘાસની ગંજી: બી. સી. ગુહ; (૩) સીમંતિની : દિવ્યકાન્ત ઓઝા; (૪) બંગાળી દૃશ્ય : પી. એ. ધોંડે; (૫) મારગને કાંઠે : જી. એ. વસંતરાજ; (૬) સરસ્વતી : શાંતા કુમિલ; (૭) મોર : સુશીલ સરકાર.